

SHREE SWAMINARAYAN
श्री स्वामिनारायण

April/May.'2004



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:-Shree Swaminarayan Temple, Ahmedabad-1





સર્વોપરિ શ્રીહરિના આ ૮માં વંશજ પોતાના દાદાના ષષ્ઠીપૂર્તિ મહોત્સવનું અને હરિમંડપમાં અખંડ મહામંત્ર ધૂનનું દિપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહ્યા છે.



પ.પૂ. દાદાના સાનિધ્યમાં પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રી કથાના પ્રારંભ કરતાં વક્તા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીને પોતાની કોમળ આંગળી વડે ચાંદલો કરતાં



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૩૦૧-૦૦
વિદેશમાં રૂા. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ એપ્રિલ-મે ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩	શ્રી ૧૦૮ શા માટે ?	૬
૪	શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ધર્મવંશી આચાર્ય...	૧૧
૫	સર્વોપરિનું કામ સર્વોપરિ જ હોય	૨૦
૬	ભૂજ મહંત સ્વામીનો પત્ર	૨૨
૭	તસ્મૈ શ્રી ગુરુદેવ નમઃ	૨૩
૮	દયા અને કરૂણા મૂર્તિ આપણા મહારાજશ્રી	૨૪
૯	સમયના પાબંદ આપણા મહારાજશ્રી	૨૬
૧૦	ધર્મવંશી ધર્માચાર્યની ષષ્ઠીપૂર્તિ.....	૨૭
૧૧	ષષ્ઠીપૂર્તિ મહા મહોત્સવ	૨૯
૧૨	સત્સંગીભૂષણના વક્તા...	૪૫
૧૩	ગેરી બન્યો ગોવિંદ	૪૮
૧૪	ષષ્ઠીપૂર્તિ મહોત્સવ આશીર્વાદ	૪૯
૧૫	અમારા પ.પૂ.મહારાજશ્રી	૫૪
૧૬	ગુરૂચરણોમાં કોટિ કોટિ વંદન	૫૫
૧૭	એક વિરલ વ્યક્તિત્વ, આપણા મહારાજશ્રી	૬૧
૧૮	સ્નેહ સાગરનું ઉદ્‌ગમસ્થાન	૭૦

કલા :- પ્રફુલ ખરસાણી ● ફોટોગ્રાફી : યોગેશ ભાવસાર

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com

અસ્મદીયમ

તંત્રીશ્રીની કલમે....

પરમાત્માની પ્રાપ્તિ માટે ભક્તને કેટલી પ્રતિક્ષા કરવી પડે છે. આ વિષય વસ્તુનું સાક્ષાત્ દર્શન કરવું હોય તો આપણે જગતના પદાર્થો મેળવવા માટે જેટલી મહેનત અને પરિશ્રમ કરીએ છીએ. તેટલો પણ કરતાં નથી તેના પહેલા આપણે પ્રાપ્તિ થઈ જાય છે. તેવી રીતે આપણે છેલ્લા દોઢ વર્ષથી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની પ્રતિક્ષા કરી રહ્યા હતાં અને જોત જોતામાં ઉત્સવ આવી ગયો. જેમાં દેશ વિદેશના લાખો ધર્મકુળપ્રેમી હરિભક્તોએ હૃદયના ઉમળકાથી ઉત્સાહ ભેર ભાગ લીધો અને જીવનનું અણમોલ દિવ્ય ભાતું સૌએ બાંધી લીધું. જેથી સૌ ધન્ય ધન્ય બની ગયા ! આવી ધન્યતા અને દિવ્યતાનો સુમેળ જીવનમાં જેને મળ્યો તેનું માનવ જીવન સફળ થઈ ગયું. 'ષષ્ટિ પૂર્તિ મહા મહોત્સવ' ઉજવાણો તેનો સદેહે અલૌકિક લહાવો માણ્યો તેતો ક્યારેય ભૂલી શકાશે જ નહીં. પરંતુ તેનું સંભારણું સૌના માટે સુલભ બને તે માટે આપણા "શ્રી સ્વામિનારાયણ" માસિક અપ્રિલ-મે માસનો **"ષષ્ઠી પૂર્તિ મહોત્સવ"** વિશેષાંકરૂપે આપ સૌના હાથમાં મૂકતા અત્યંત આનંદની લાગણી થાય છે. જેમાં આપણા પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીની સાઈઠ વર્ષની ઉજ્જવળ કારકિર્દી તથા આટલા લાંબા સમય સુધીનું સત્સંગને પોષણનું કાર્ય તેમજ તેઓશ્રીના પ્રતિભાશાળી જાજરમાન વ્યક્તિત્વના સૌને દર્શન કરાવવાનો તેમાં પ્રયાસ કરેલ છે. સાથે સાથે મહામહોત્સવની દરેક જીવ માત્રને સ્મૃતિ થાય તેવી રંગીન અદ્‌ભૂત-દુર્લભ તસ્વીરો અને નજરે જોયેલ ઉત્સવનું તાદૃશ આલેખન કરાવીને ઉત્સવના પ્રત્યક્ષ દર્શનનો અનુભવ થાય છે. જે આપ સૌ વાચકોને એક સંગ્રહણીય સંભારણું બની રહેશે. અને અંતે પણ જો આવું સંભારણું થઈ આવે તો શ્રીજી મહારાજના વચન પ્રમાણે જરૂર અક્ષરધામની પ્રાપ્તિ જ થાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સર્વે સંત-હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે જે અવિરત સેવા કરી છે તે સૌના ઉપર સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને આપણા અપર સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો વિશેષને વિશેષ રાજીપો અને પ્રસન્નતા ઉતરે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૦૪)

૧ જેતલપુર મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨ પ.ભ. ધર્મેન્દ્રકુમાર ભીખાભાઈ સુહાગીયાને ત્યં પધરામણી, બાપુનગર.
પ.ભ. બાબુભાઈ મધુભાઈ કાછડીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. ભગવાનભાઈ ડાહ્યાભાઈ ધાનાણીને ત્યાં પધરામણી, બાપુનગર.

૩ રડોદરા (તા. બાયડ) ગામે પારાયણ પ્રસંગે પધરામણી ત્યાં પ.ભ. મનુભાઈ હિરાભાઈ પટેલને ત્યાં પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી (જેતલપુરદેશ) પધરામણી.

૫ શ્રી તેજેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન ફાઉન્ડેશન મક્તુપુર ઊંઝામાં પધરામણી.

૬-૮ મૂળી મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજના સુવર્ણના સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે અને ત્યાંથી નારાયણપર (કચ્છ) પધરામણી.

૯ પ.ભ. રાજુકુમાર સોમાભાઈ ભાવસારને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. ચંદુભાઈ નારણદાસ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. હર્ષદભાઈ ઈશ્વરભાઈ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૧ બરવાળા (તા. મોરબી, મૂળીદેશ) બહેનોના અને ભાઈઓના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર રંગપર (તા. મોરબી, મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪ જેતલપુર મંદિરમાં પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્‌ હસ્તે કર્યો. પ.ભ. પટેલ શંભુભાઈ હિરજીભાઈ પટેલને ત્યાં પધરામણી, નવા વાડજ.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાલુપુર આયોજીત "ભજન સંધ્યા" કાર્યક્રમમાં રાત્રે ૧૦ કલાકે આશીર્વાદ આપવા પધાર્યા. (અમદાવાદ મંદિરના ચોકઠામાં)

૧૫ પ.ભ. ભાવિનકુમાર કિર્તીકાંતભાઈ સુખડીયાને ત્યાં પધરામણી, બાપુનગર.

૧૭ પ.ભ. નનુભાઈ નથુભાઈ કથીરીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. રસિકભાઈ જાદવજીભાઈ જેઠવાને ત્યાં પધરામણી, નરોડા.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૨૧ પ.ભ. ભાવિનભાઈ આર. ત્રિવેદીને ત્યાં પધરામણી, મણીનગર.
પ.ભ. દશરથભાઈ જી. પારેખને ત્યાં પધરામણી, ઘોડાસર.
પ.ભ. વિનીત નરેન્દ્રભાઈને ત્યાં પધરામણી (વડુવાળા) ઘાટલોડીયા.

૨૨ શ્રી ભદ્રકાળી મંદિર (ભદ્ર) વેબસાઈટના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.
પ.ભ. સંજીવ સી. બોટાદરાને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૨૩ પ.ભ. નિલેશભાઈ પી. મારફતીયાને ત્યાં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. અશોકભાઈ વડગામાને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૨૬ પ.ભ. બાલાભાઈ રામજીભાઈ પટેલને ત્યાં પધરામણી, ચાંદલોડીયા.

૨૭ પ.ભ. મંગળદાસ ઉમેદરામ પટેલને ત્યાં પધરામણી, નવરંગપુરા.
૨૮ પ.ભ. દેવેન્દ્રભાઈ અંબાલાલ કંસારાને ત્યાં પધરામણી, કાલુપુર.
પ.ભ.સાંકળચંદભાઈ સી.પટેલને ત્યાં પધરામણી, સોલારોડ.
૨૯ પ.ભ. મહેશભાઈ શાંતિલાલ શાહને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
૩૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ - રામનવમી અમદાવાદ મંદિરમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.
૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.

(એપ્રિલ–૨૦૦૪)

૨ થી ૮ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષમાં સત્સંગ સમાજ તરફથી ધામધુમથી ઉજવાયો.
૧૦ થી ૧૧ માંડવી (કચ્છ) પધરામણી.
૧૨. પ.ભ. વિષ્ણુભાઈ (મોખાસણવાળા)ને ત્યાં પધરામણી, ડ્રાઈવ-ઈન રોડ.
૧૪-૧૫ રાપર (કચ્છ) પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર માનગઢ (તા. હળવદ મૂળી દેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૭ ચરાડા (તા. માણસા) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૮ પ.ભ. પંકજ હરિપ્રસાદ ત્રિવેદીને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
પ.ભ. રાજેન્દ્રભાઈ અંબાલાલ પટેલને ત્યાં પધરામણી, સોલારોડ.
શ્રી ભારત પ્લાયવુડ સેન્ટરમાં પધરામણી, ગીતા મંદિર રોડ.
પ.ભ. ઝવેરભાઈ લવજીભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
૧૯ પ.ભ. અનીલભાઈ ગજાનંદભાઈ જાદવને ત્યાં પધરામણી, મણીનગર.
૨૦-૨૨ ભૂજ (કચ્છ) અને ભારાસર (કચ્છ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૩ પ.ભ. મગનભાઈ પટેલને ત્યાં મોટાઉભડા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૨૪ પ.ભ. વસંતભાઈ ત્રિભોવનદાસ ટાંકના 'વ્રજેન્દ્ર એન્જીનીયર્સ' માં નવી સ્કીમના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, સી.જી. રોડ, નવરંગપુરા.
પ.ભ. પરસોત્તમ વિ. દાસભાઈ ને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. અનીલભાઈ કે. પટેલ (મનન મોટર્સ પ્રા.લી.)ને ત્યાં પધરામણી, નરોડા પાટીયા.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ કથા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
પ.ભ. નરેન્દ્રકુમાર પોપટભાઈ પટેલને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. મનસુખભાઈ પી. પટેલને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. લલ્લુભાઈ બાબુભાઈ પટેલને ત્યાં પધરામણી, નિકોલ રોડ.
પ.ભ. અરવિંદભાઈ પી. ઠક્કર (શિતલ મોટર્સ પ્રા.લી.)ને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬. પ.ભ. ગોકળભાઈ પટેલને ત્યાં પધરામણી, કાંકરિયા.
પ.ભ. કનૈયાલાલ શંકરલાલ પટેલને ત્યાં પધરામણી, મણીનગર.
શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર સમાજવાડીના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.
પ.ભ. કૃષ્ણકાંતભાઈ ડાહ્યાભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, મણીનગર.
૨૭-૨૮ દુધઈ (કચ્છ) અને મોડપર (મૂળીદેશ તા. મોરબી) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૯ રાજપુર (તા. કડી) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.


પ.ભ. કાંતિભાઈપટેલ (કેનસાસ-અમેરિકાવાળા)ને ત્યાં પધરામણી, મેમનગર.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર આનંદપુરા (તા. કડી) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

પ.ભ. અનીલભાઈ ગજાનંદભાઈ જાદવને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, ઘોડાસર.

પ.ભ. અતુલકુમાર મણીલાલ પટેલને ત્યાં પધરામણી, આંબાવાડી.

પ.ભ. પંકજભાઈ સોમાભાઈ પટેલને ત્યાં પધરામણી, હિરાવાડી, સૈજપુરબોધા.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજીમહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૦૪)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર વિરાટનગર (ઓઢવ) ધૂન પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જયદેવપુરા ૬૦ કલાકની ધૂન્ય પ્રસંગે પધરામણી.

૭ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે વિજયસ્થંભ યાત્રા અને રંગોત્સવ પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રી સાથે ઉજવ્યો. ગુજરાત યુનિ. એજ્યુકેશન ગ્રાઉન્ડ.

૮ મેઘાણીનગર મંદિર પધરામણી.

૯ માણેકપુર (તા. માણસા) ગામે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૧૩ દેલવાડા (તા. માણસા) ગામે પધરામણી.

૧૪ જેતલપુર મંદિર પાટોત્સવ - અભિષેક પ્રસંગે પધરામણી.

પ.ભ. સંજયભાઈ આર. સોનીના 'શ્રીજી આર્ટ જ્વેલર્સ' શો રૂમમાં પધરામણી, સેટેલાઈટ.

૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ, અન્નકૂટ આરતી પ્રસંગે પધરામણી.

(એપ્રિલ-૨૦૦૪)

૧ થી ૮ એપ્રિલ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પોતાની શુભ અધ્યક્ષતામાં ધામધુમથી સંપન્ન થયો.

વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં શ્રીહરિનાં સર્વે આશ્રિતોને એક અમૂલ્ય દિવ્ય ભેટ આપી. શ્રીહરિના આ અપર સ્વરૂપે પોતાના સ્વહસ્તે - સ્વ કલમથી વચનામૃતમાંથી દોહન કરીને વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ નામની અલૌકિક પુસ્તિકા તૈયાર કરીને સમસ્ત સત્સંગને અર્પણ કરી. આ પુસ્તિકના અક્ષરે અક્ષર અને શબ્દે શબ્દ નીરખી નીરખીને વાચન કરશે અને જીવમાં ઉતારશે તો સર્વોપરિશ્રી નરનારાયણદેવ તેનું અતિ રૂડું અને મંગળ કરશે તેમાં શંકાને સ્થાન નથી. માટે વ્હાલા દરેક હરિભક્તોએ જો આ દિવ્ય પુસ્તિકા ન લીધી હોય તો આપણા અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી જરૂર મેળવી લેવી. અને તે નિત્યે વાંચવી અને તેનું મનન કરી. તેની પૂજા કરવી.

- મહંત સ્વામી

"શ્રી ૧૦૮" શા માટે ?

સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (વેદાન્તાચાર્ય)

ધાર્મિક સામાજીક માન્યતાઓ અને રિવાજો દરેક સમાજ અને સંસ્કૃતિમાં તેમજ દેશ અને ભાષાઓમાં વિવિધ પ્રકારના જોવા મળે છે. તેમાં કેટલાક રીત રિવાજો અને માન્યતાઓ ઈતિહાસ અને વિજ્ઞાન સાથે સંકળાયેલ હોય છે. કેટલાક વ્યક્તિગત સિધ્ધિઓ અને શ્રેષ્ઠ ગુણો ના આધારે પ્રચલિત હોય છે. જેમ કે અંગ્રેજોના સમયમાં કેટલીક આવી ઉપાધિઓ પ્રચલિત થઈ હતી જેમ કે,

બેરોનેટ, સરદેસાઈ, વગેરે જેમને આવી ઉપાધિઓ મળી હતી તેમને તેનો ઘણો જ ગર્વ હતો તેથી તેઓ પોતાના નામની આગળ આવી ઉપાધિઓ જ્યારે પણ પ્રસંગ આવે ત્યારે અચૂક લખવાનું ભુલતા નહી. તે આપણે જાણીએ છીએ. આવીજ પરંપરા આપણી ભારતીય સંસ્કૃતિમાં પણ વૈદિક કાળથી પડેલ છે અને તેના વંશ વારસાગત પણ આવી ગૌરવપૂર્વક મળેલ ઉપાધિ પોતાના નામ આગળ લગાવામાં આવે છે. જેમકે ચતુર્વેદી, જોષી, કે વ્યાસ વગેરે આ પ્રકારની ઉપાધિઓમાં જ આવે છે. જેના કોઈ પૂર્વજ ચાર વેદ નિષ્ણાંત થયા તેને ચતુર્વેદી કહેવાતા તેથી તેમણે પોતાના નામની આગળ આ ખાસ વિશેષણ લગાડવાનું ગૌરવ માન્યુ અને તે શ્રેષ્ઠ પરંપરા ચાલુ રાખી.

આવા પ્રકારની પરંપરાગત ઉપાધિઓમાં ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને વૈજ્ઞાનિક અભિગમ સાથે પ્રચલિત થાય છે. તેમાં "શ્રી" કોઈ પણ વ્યક્તિના નામ આગળ લખવાનો રિવાજ ભારતીય સંસ્કૃતિમાં વૈદિક સમયથી પડેલ જોવા મળે છે. એનું કારણ પણ આવું જ કોઈ છે. તે શાસ્ત્રો તપાસતાં જાણવા મળે છે.

"શ્રી" શબ્દનો અર્થ સંસ્કૃત શબ્દ કોશમાં પણ આ રીતે વર્ણવેલ છે. "શ્રી" એટલે શોભા, સમૃદ્ધિ, સદ્‌ગુણ, લક્ષ્મી, સંપત્તિ અને ઐશ્વર્ય વગેરે સૂચવતો આ શબ્દ છે.

"श्री र्वेषरचनाशोभाभारती सरलद्रुषु ।
लक्ष्म्यां त्रिवर्ग सम्पतौ वेषोपकरणेमतौ ॥"

એવી રીતે "વિશ્વપ્રકાશ" નામના સંસ્કૃત કોષમાં શ્રી શબ્દનો નિરતિશય શોભાવિશિષ્ટ એવા વ્યક્તિના માટે શ્રી શબ્દનો પ્રયોગ કરેલ છે. શિષ્ટાચાર ગ્રન્થમાં પણ "શ્રી" શબ્દના પ્રયોગ માટે આવું કહેલ છે. "अभियुक्त नामोच्चारणे श्री शब्दः प्राक्प्रयोज्य इति शिष्टाः" જેના માટે માન સન્માન ભાવના જોડાયેલ છે. તેના નામની આગળ શ્રી શબ્દ રાખવો એવો શિષ્ટાચાર છે. આ રૂઢ પરંપરાથી શ્રી શબ્દ જે તે નામની આગળ વાપરવામાં આવે છે. તેને સંખ્યાના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે તો તેનું નિર્ધારણ પણ શાસ્ત્રોમાં કહેવામાં આવેલ છે. તેથી "શ્રી" શબ્દનો પ્રયોગ કેટલી સંખ્યામાં અને કોના માટે કેટલા શ્રી શબ્દ વાપરવા તેનો વિચાર કરીએ તો ધર્મશાસ્ત્રનું વિધાન છે કે,

"विना दर्भैश्च यत्कृत्यं यच्चदानं विनोदकम् ।
असंख्यया तु यज्जप्तं तत्सर्वं निष्फलं भवेत् ॥"

અર્થાત્ દર્ભ (ડાભ) રાખ્યા વિના જે યજ્ઞકર્મ કરેલ હોય તે, પાણી મૂક્યા સિવાય જે દાન કર્યું હોય તે અને ગણત્રી કર્યા વિના જે જપ કર્યો હોય તે બધું જ નિષ્ફળ જાય છે. આવા ધર્મ શાસ્ત્રના વચનનું અનુસંધાન રાખીએ તો શ્રી શબ્દ કેટલી સંખ્યામાં કોઈ વ્યક્તિના નામ આગળ વાપરવો તેની પણ સંખ્યાનો વિચાર કરવો જ પડે. ત્યારે પરંપરા અને શાસ્ત્રો તપાસતાં જણાય છે કે "શ્રી" શબ્દનો ઉપયોગ વિવિધ સંખ્યામાં

કાર્યપરક અને વ્યક્તિ વિશેષને સૂચવવા માટે કરવામાં આવતો હોય તેવું ફલીત થાય છે. જેમ કે, "શ્રી ૧।" ખાસ કરીને માંગલિક કાર્યોમાં શારદા પૂજન, લક્ષ્મી પૂજન જેવા પ્રસંગોએ વપરાય છે. તે આપણે સૌ જાણીએ છીએ. તે ઉપરાંત વિઘ્ન હર્તા ગણેશ પૂજનમાં પણ આજ રીતે "શ્રી ૧।" (સવા) અર્થાત્ સવાયાની ઉપમાં સાથે શ્રી નો ઉપયોગ કહેવામાં આવે છે. વિવાહાદિક પ્રસંગોમાં પણ "શ્રી ૧।" (શ્રી સવા)નો ઉપયોગ થાય છે. સાંકેતિક ભાષાના પ્રયોગ રૂપે કૂટનિતિ (રાજનિતિ)માં પણ "શ્રી"ની સંખ્યા કાર્ય પરક વાપરવાનો ઉલ્લેખ ચાણક્યનિતિ વગેરે રાજનૈતિક ગ્રંથોમાં જોવા મળે છે. તે આ પ્રમાણે કલ્પના કહેલ છે. સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો

(૧) એક "શ્રી" માનનીય વ્યક્તિ, પૂજ્ય વ્યક્તિ, કે વડીલ માટે વપરાય છે.

(૨) બે "શ્રીશ્રી" "શ્રી૨" જ્ઞાન ગુરુ માટે, શિક્ષક માટે, ઉપદેશક માટે, વાપરવામાં આવે છે.

(૩) ત્રણ "શ્રી" "શ્રીશ્રીશ્રી" અથવા "શ્રી૩" આવી રીતે શ્રી નોકર ચાકર માટે પોતાના આશ્રિત માટે પોષ્ય વર્ગ અને શિષ્ય કે અનુયાયી માટે વાપરવામાં આવે છે.

(૪) ચાર "શ્રી" "શ્રીશ્રીશ્રીશ્રી" અથવા "શ્રી૪" નો ઉપયોગ ચોર લૂંટારા માટે, શત્રુ માટે વપરાય છે.

(૫) પાંચ "શ્રી" "શ્રીશ્રીશ્રીશ્રીશ્રી" અથવા "શ્રી૫" નો ઉપયોગ સમાજમાં પ્રતિષ્ઠિત નાગરિકો માટે રાજ્યના સન્માનીત વ્યક્તિઓ માટે રાજ્ય (સરકાર) તરફથી પુરસ્કૃત વ્યક્તિઓ માટે વપરાય છે.

આવી રીતે એકથી આરંભીને હજારથી પણ ઉપરાંત સુધી "શ્રી"ની સંખ્યાના ઉપયોગ જુદાં જુદાં પ્રકારના હેતુ અને અર્થમાં વપરાય છે. તેમાં અમુક સંખ્યાનો વિશેષ ઉપયોગ થાય છે તે તો આપણે અહીં વિચાર વિમર્શ કરીએ તો તેમાં સંખ્યાની દ્રષ્ટિએ "૧૦૮" ની સંખ્યામાં "શ્રી"નો ઉપયોગ કરવાના હેતુ અને અર્થ જોઈએ - "શ્રી ૧૦૮" ની સંખ્યા ખાસ કરીને ધર્માચાર્યો, યોગીપુરુષો, મહાપુરુષો અને સિધ્ધ વ્યક્તિઓ માટે વાપરવામાં આવે છે. તેના કારણોમાં કેમ એકસોઆઠની જ સંખ્યામાં "શ્રી"નો ઉપયોગ કરવો તો જેમ આપણે આગળ જોયું તેમ વિવિધ સંખ્યાનો વિવિધ અર્થ સ્ફુરે છે. તેમ આમાં પણ અનુસંધાન છે. જેમ ભારતીય સંવિધાનની કલમની સંખ્યા ઘણી મોટી હશે. પરન્તુ જે ક્રમનો નંબર "૪૨૦" આપવામાં આવેલ છે. તેમાં જે ગુનાનું વર્ણન છે તેથી કોઈપણ વ્યક્તિને "૪૨૦"ની સંખ્યા પસંદ નથી. કોઈને કહેવામાં આવે કે આ વ્યક્તિ ૪૨૦ છે. તો તરત જ એનું રિએકશન જોવા મળે છે. તેવી જ રીતે શુભ ગુણ જેના માટે કહેવામાં આવેલ છે. તે સંખ્યા પણ શુભ વાતનું જ સૂચન કરે છે. એકસો આઠની (૧૦૮)ની સંખ્યામાં પણ આવું જ કંઈક છુપાયેલ છે.

સર્વોપરિ શ્રીહરિ પ્રસ્થાપિત - શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યને સ્વામિનારાયણ ભગવાનનું અપર સ્વરૂપ માનવામાં આવે છે. અને સંપ્રદાયની દ્રષ્ટિએ જોઈએ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાને લખેલ શિક્ષાપત્રી જે ફક્ત "૨૧૨" શ્લોકની છે તેમાં "૧૦૮"મો શ્લોક તે કેવા ભગવાન તેનું સ્વરૂપ તેને જણાવે છે. "સ શ્રી કૃષ્ણ" તેથી ૧૦૮ એ આજ ભગવાન છે તેમ સૂચવવા માટે પણ "૧૦૮"ની સંખ્યા તર્ક સંબંધ છે. આવી જ રીતે "૭૮૬"નું પણ મુસ્લિમ સમાજમાં મહત્વ છે. તે તેમની માન્યતા અને શ્રદ્ધા પ્રમાણે છે. આજ વાત આપણી માન્યતા અને શ્રદ્ધાનો વિષય છે.

ભારતીય હિન્દુ ધર્મ અને સંસ્કૃતિમાં વેદોનું મહત્વ અને માહાત્મય સૌથી શિરમોર છે. વેદોના અધ્યાયો કુલ મળીને કર્મકાંડ અને જ્ઞાનકાંડના મળીને "૧૦૮" છે. તેથી તેનું મહત્વ અને માહાત્મ્ય જેના જીવનમાં રહેલ છે અથવા તે અધ્યાયોનું

જ્ઞાન સમજણ જેમના જીવનમાં વણાયેલ છે. તેવા વ્યક્તિના નામની આગળ પણ "શ્રી ૧૦૮" લખવાનું એક ગૌરવ વધારવા માટેનું કારણ છે.

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં વેદો પછી અતિ મહત્વનું સ્થાન ષટ્‌શાસ્ત્રોનું આવે છે જેમાં ધર્મ શાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, ન્યાય શાસ્ત્ર, દર્શન શાસ્ત્ર છે, આ છ શાસ્ત્રોને સમજાવવા માટે વ્યાસજીએ જે પુરાણોની રચના કરી તેની સંખ્યા ૧૮ની છે. અને તેમાં ષટ્ શાસ્ત્રોનું જ સર્વત્ર જ્ઞાન ભરેલું છે. તેથી ૧૮X૬=૧૦૮ થાય છે. મહાભારતના પર્વ પણ ૧૮ છે. તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાયો પણ ૧૮ છે. તે પણ છ શાસ્ત્રોનું જ વર્ણન કરે છે. તેને પણ ૧૮X૬=૧૦૮ થાય છે. તેથી પણ ૧૦૮ સંખ્યાનું મહત્વ વધી જાય છે. એટલે "શ્રી ૧૦૮" લખવામાં આવે છે. (અને જપ કરવા માટે પણ માળાના મણકાની સંખ્યા પણ "૧૦૮" રાખવામાં આવે છે, જે સર્વત્ર હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ સિવાય પણ આજ સંખ્યા પ્રસિદ્ધ છે.) ("૧૦૮"ની સંખ્યાનું આટલું મહત્વ વધવાનું કારણ શોધતા અંક શાસ્ત્રનો વિચાર કરીએ તો "૯" નો આંક પૂર્ણાંક છે. તેને ગમે તે સંખ્યાથી ગુણાકાર કે ભાગાકાર કરે તો પણ અંતે નવ જ સંખ્યા રહે છે. જેમ કે

૯X૨=૧૮, ૧+૮=૯,
૯X૩=૨૭, ૨+૭=૯,
૯X૪=૩૬, ૩+૬=૯,
૯X૯=૮૧, ૮+૧=૯ આ રીતે

નવનો અંક પૂર્ણાંક જ રહે છે.

સમગ્ર બ્રહ્માંડમાં સતત પરિભ્રમણ કરતાં મુખ્ય ગ્રહ પણ "૯" નવ જ છે. અને તે ગ્રહોને ભ્રમણની કક્ષા - જેને આપણે રાશિ તરીકે ઓળખીએ છીએ. તેની સંખ્યા "૧૨" બારની છે "૧૨" રાશિમાં નવ ગ્રહોનું પરિભ્રમણ થાય છે. જેની ગતિની અસર મનુષ્યના જીવન ઉપર પણ પડે છે. તેવી જ્યોતિષ શાસ્ત્રની માન્યતા છે. આ માન્યતા ભારતીય હિન્દુ સંસ્કૃતિ સિવાય અન્ય સભ્યતા અને સંસ્કૃતિમાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવા મળે છે. અને તે રૂઢ પણ થયેલ છે. નવેનવ ગ્રહો બાર રાશિઓમાં પરિભ્રમણ કરતા મનુષ્યના જીવનને અસર પહોંચાડે છે. તેથી ૧૨X૯=૧૦૮, અર્થાત્ રાશિ અને ગ્રહના પ્રભાવને પણ જેમણે પોતાના જીવનમાં જીતી લીધેલ છે. તેવા સમર્થ પ્રભાવશાળી, સિધ્ધ વ્યક્તિને આ રીતે શોભા સામર્થ્ય યુક્ત વ્યંજીત કરવા માટે જ "શ્રી ૧૦૮"ની ઉપમાં અપાય છે.આકાશમાં ગ્રહો અને રાશિઓની જેમ જ પૃથ્વી ઉપર વસતા સર્વત્ર જીવ પ્રાણીમાત્ર અને મનુષ્યના જીવન ઉપર શક્તિ શાળી પ્રભાવ પાડે છે. તે છે નક્ષત્રો, રોહિણી, અશ્વિની, શતતારકા વગેરેની સંખ્યા છે. "૨૭" સતાવીશ નક્ષત્રોના ચાર ચરણ હોય છે. તેમાં ચંદ્રનું પરિભ્રમણ થાય છે. ત્યારે આપણા ભારતીય એક માસની ગણત્રી થાય છે આ '૨૭' નક્ષત્રો તરીકે પંચાંગમાં કહેવાય છે. તેથી ૨૭X૪="૧૦૮" થાય છે. તેમ ગ્રહ અને રાશિ ઓની જેમજ નક્ષત્રોના પ્રભાવને અને તેની શક્તિને જેણે પોતાના સામર્થ્યથી અર્થાત્ જપ તપના પ્રભાવથી પોતાના જીવનમાં જીતી લીધેલ છે. તેવા સમર્થ વ્યક્તિને "શ્રી ૧૦૮"ની ઉપમાં આપવાનો મત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

બીજા અર્થમાં જોઈએતો '૨૭' નક્ષત્રો અને નવ ગ્રહો કુલ મળીને "૩૬" પરિબળોના કારણે મનુષ્યના જીવનમાં ત્રિગુણાત્મક પ્રભાવ જોવા મળે છે. નક્ષત્રો અને ગ્રહોના કારણે જ મનુષ્યનું જીવન સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રધાન બને છે. આ ગ્રહની દ્રષ્ટિથી માણસના જીવનમાં ત્રણ ગુણો આવે છે અને જાય છે. તેથી ૩૬X૩="૧૦૮" એટલે જે મહા માનવે ત્રણ ગુણને પાર પામીને પરમાત્માનું સાંનિધ્ય મેળવ્યું છે. તેવા મુક્ત મહામાનવને "શ્રી ૧૦૮" થી ઓળખવામાં આવે છે.

ભારતીય દર્શન શાસ્ત્ર અર્થાત્ તત્વજ્ઞાન અને જગતભરના તત્વજ્ઞાનીઓની જે માન્યતા છે. વેદ વાક્ય પ્રમાણે - "એકમેવ અદ્વિતીયં બ્રહ્મ" બ્રહ્મ અર્થાત્ ઈશ્વર, ભગવાન કે જગતનિયંતા પરમાત્મા એકજ છે. આ સર્વત્ર સર્વ ધર્મ અને સંસ્કૃતિઓ

સ્વીકાર્ય છે. તે એક પરમાત્માને મેળવવામાં પ્રાપ્ત કરવામાં માયા અજ્ઞાન રૂપ અંધકાર આવરણ રૂપ છે. અંધકાર અર્થાત્ શૂન્ય ને તરે અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત કરે એટલે તેને ઈશ્વર સાક્ષાત્કાર કરવામાં અષ્ટ આવરણો આડા આવે છે. ત્યારે જીવ ઈશ્વર સુધી પહોંચી શકતો નથી. પરતું જે વ્યક્તિ એ જો ભગવત પ્રાપ્તિ માટે જ્ઞાનાર્જન કરીને શૂન્ય ને પાર પામી અષ્ટાવરણને ભેદી નાખ્યા છે. તેવા જ્ઞાની મહાપુરુષને જગત સમક્ષ દર્શાવવા માટે "શ્રી ૧૦૮"ની ઉપમાં લખાય છે. તેનો અર્થ એવો થાય કે '૧, ઈશ્વર, ૦, માયા, '૮, આવરણ તેના માટે જેમનું જીવન સમર્પિત છે. તેવા વ્યક્તિને મહાપુરુષને "શ્રી ૧૦૮" થી ઓળખવામાં આવે છે.

વૈદિક ઋષિમુનિઓએ મનુષ્યના જીવનની 'સો વર્ષની કલ્પના કરી છે. વેદો અને ઉપનિષદોમાં કહેલું છે કે, "जीवेम् शरदः शतम्" સો વર્ષ પર્યન્ત સુખેથી જીવવા માટેની કલ્પના છે. આજ ઉપનિષદોમાં આવે છે કે જીવમાત્રને આઠ પ્રકારના ભય સતાવતા હોય છે. છાંદોગ્યોપ નિષદમાં કહેલ છે. "अपहत्पाप्मा विजरो विमृत्युंर्विशोको विजिघित्सोऽपिपास सत्यकामः सत्य संकल्पः" આઠ પ્રકારના ભયને અને સો વર્ષની આયુષ્યને વિતાવવાના ભયને જેમણે આત્મસાત કરી લીધેલ છે. તેવા જ્ઞાની અને નિર્મળ સ્વાસ્થ્યવાળા વ્યક્તિને "શ્રી ૧૦૮"ની ઉપમાંથી વિભૂષિત કરવામાં આવે છે. અથવા સૌ વર્ષ પર્યન્ત સ્વચ્છ ધર્મમય જીવન જીવતા જીવતા આઠ દિશાઓમાં યશ કીર્તિ જેમના વ્યાપી ગયા છે. તેવા વ્યક્તિ વિશેષને "શ્રી ૧૦૮"ના ભૂષણથી નવાજવામાં આવે છે.

ભારતીય શાસ્ત્રોમાં અષ્ટ સિદ્ધોનું વર્ણન આવે છે. આઠ સિધ્ધિને મેળવવા માં જ મનુષ્યમાત્રનું જીવન વિતતું જણાય છે. તેથી "जीवेम शरदः शतम्" ની ભાવના સાથે અષ્ટ સિધ્ધિઓને પણ પ્રાપ્ત કરાવવાની ભાવના જેમના માટે કરવાની છે તેવા શ્રધ્યેય મહાપુરૂષને "શ્રી ૧૦૮"ની શોભા થી અલંકૃત કરવામાં આવે છે.

આવા અનેક કારણો અને પ્રમાણો જેમાં છે તેવા આપણા શાસ્ત્રો "શ્રી ૧૦૮"ની દિવ્ય ઉપમાં આપવાની જ્યાંથી પ્રેરણા મેળવેલ છે તે યોગ શાસ્ત્ર - યોગ શાસ્ત્રના પ્રણેતા મહામુનિ પતંજલીએ હજારો વર્ષ પૂર્વ મનુષ્યના શરીરનું સૂક્ષ્માતિ સૂક્ષ્મ વિજ્ઞાનનું આલેખન કરેલ છે. માનવ શરીરમાં કેટલાં અસ્થિઓ છે. તેમાં કેટલી નડીઓ છે. અને તેનું સંચાલન કોણ કેવી રીતે કરે છે. પંચ પ્રાણ ષડુર્મી અને ચોવીસ તત્વો અને પચીસમો જીવ મળીને આ આખા માનવ શરીરનું સંચાલન કરે છે. તે આ માનવ શરીરને ચેતનવંતુ રાખવા અને સતત ક્રિયાશીલ ને જાગૃત રાખવા માટે ૭૨ હજાર નાડીઓ ધબકતી રાખે છે. ૭૨ હજાર નાડીઓની સાથે પાંચ પ્રાણષડુર્મી અને ચોવીસ તત્વ અને જીવ કુલ મળીને ૫+૬+૨૪+૧=૩૬ જે ૭૨ હજારને ધબકતી રાખે છે. તેથી ૭૨+૩૬=૧૦૮ નાડી પ્રાણ જેના હાથમાં છે. તેવા સમર્થ ને આ "શ્રી ૧૦૮" વિશેષણ આપવું એ પણ યોગ્ય છે. તેમાં પ્રાણવાયુનો શ્વાસોશ્વાસ સતત્ ચાલતો રહે છે.) (આજના આધુનિક બાયોલોજીકલ વિજ્ઞાન સાથે મળે છે તેવું વૈજ્ઞાનિક સંશોધન અને અન્વેશણ ભારતીય ઋષિમુનિઓએ હજારોવર્ષ પૂર્વ કરેલું છે. જે આજ સુધી સો ટકા સફળ અને સચોટતા પૂર્વક ઉપયોગમાં લેવાય છે. ખગોલ, ભૂગોલનું ગણિત, ગ્રહનક્ષેત્ર અને તારાની ગતિનું ગણિત સચોટ છે. તેવું જ યોગપ્રવૃતક મહામુનિ પંતજલીનું સંશોધન અને અન્વેશણ છે. કે પુખ્ત વયના સ્વસ્થ મનુષ્યને ચોવીસ કલાક એટલે કે એક અહોરાત્રના સમયમાં શ્વાસોશ્વાસની ક્રિયા ૨૩ હજારથી ૨૬ હજાર સુધીની સંખ્યામાં થાય છે. અર્થાત્ તેટલા વખત આ નાડી ફેંફસા અને હૃદયને ધબકાવવું પડે છે. જ્યારે આ પ્રક્રિયા ચાલતી હોય ત્યારે જીવ સતત જાગૃત રહીને ચેતનાપૂર્વક ૭૨ હજાર નાડીઓના દ્વારા પરિભ્રમણ કરે છે. તેમાં કેટલીક નાડીઓ અમૃતનું વહન કરે છે અને કેટલીક નાડીઓ રકતનું વહન કરે છે અને કેટલીક નાડીઓ મળનું વહન કરે છે. કાર્યપરક નાડીઓને ત્રણ ગુણોમાં સત્વગુણ,

રજોગુણ અને તમોગુણાત્મક કહી શકાય. તેના વિભાગ પ્રમાણે ત્રણ મુખ્ય નાડીઓ છે. ઈડા, પીગળા અને સુષુમ્ણા આ ત્રણ નાડીઓ માનવ શરીરના પાનીથી લઈને શિખા પર્યન્ત વ્યાપેલ છે. તેમાં મુખ્ય નાડીઓ છે. સુષુમ્ણા નાડી સત્વગુણપ્રધાન સાત્વિક નાડી છે. જે અમૃતનું વહન કરે છે. જ્યારે ઈડા અને પીગણા નાડીઓ રજોગુણ અને તમો ગુણ પ્રધાન છે. જે રક્ત અને મળનું વહન કરે છે. સુષુમ્ણા નાડીને ઈડા અને પીગળા નાડીઓ વીંટળાઈને (આવૃત કરીને) રહેલ છે. જ્યારે શ્વાસોશ્વાસની ક્રિયા થતી હોય છે ત્યારે જીવ સતત પરિભ્રમણ કરતો રહેવાથી ઈડા, સુષુમ્ણા અને પીગળાની ધરી ઉપરથી પસાર થયા કરે છે. શરીરથી જ્યારે શ્વાસોશ્વાસની ક્રિયા થાય છે ત્યારે જીવ એક જગ્યાએ હોતો નથી. સ્થાન ભેદથી જુદાં જુદાં સ્થાને જીવની સ્થિતિ હોવાથી જુદાં જુદાં પ્રકારના ગુણ (સત્વ, રજ અને તમ) ના ઉર્મિઓ અને વિકારો ઉત્પન્ન થાય છે. જેથી યોગી સિદ્ધ મહાત્માઓને માટે મહા મુનિ પતંજલીએ બતાવેલ નિયમાનુસાર અષ્ટાંગ યોગ સિદ્ધ કરવા માટેનો જ્યારે પ્રારંભ કરે છે. ત્યારે પ્રથમ - "૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધ્યાન, ૭. ધારણા અને ૮. સમાધિ સુધી આ આઠ સંયોગોને એક પછી એક સાધીને છેવટે જે લક્ષ્ય પરમેશ્વરનો સાક્ષાત્કાર થાય ત્યાં સુધી પહોંચવાનું છે. આયુષ્ય પર્યન્ત સો વર્ષ સુધી આઠ અંગોની સાધના કરનાર આ વ્યક્તિ છે. તેવું જણાવવા માટે પણ "શ્રી ૧૦૮"ના શુભયોગ યુક્ત વિશેષણથી ઓળખવામાં આવે છે.

અષ્ટાંગ પ્રણામથી સમર્પિત થઈને સોવર્ષ પર્યન્ત પરમાત્માની ભક્તિ કરવાનો જેમણે નિર્ધાર કરેલ છે. અર્થાત્ ૧૦૦+૮=૧૦૮ તેવા વ્યક્તિને "શ્રી ૧૦૮" કહેવાય છે.

અષ્ટાંગ પ્રણામ

"पद्भ्यां कराभ्यां जानुभ्यामुरसा शिरसा दृशा ।
मनसा वचसा चेति प्रणामोऽष्टांग ईरित ॥

અષ્ટાંગ બ્રહ્મચર્યપાલન પૂર્વક સોવર્ષ પર્યન્ત નિર્મળ સ્વસ્થ જીવન વિતાવતા મોક્ષ પ્રાપ્તિના દૃઢ સંકલ્પવાળા વ્યક્તિને ૧૦૦X૮=૧૦૮ "શ્રી" ની ઉપમાં અપાય છે. આવું અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય વ્રત -

"श्रवणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणं ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥
एतन्मैथुनमष्टांगं प्रवदन्ति मनीषिणः ।
विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥"

અગ્નિપુરાણમાં આ પ્રમાણે અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાલન કરવાનું વિધાન છે.

યોગશાસ્ત્રના જ દિવ્ય સિધ્ધાન્ત અનુંસાર જીવ સદા સાત્વિકતામાં રહે તેવા શુભ આશયથી અષ્ટાંગ યોગના સિધ્ધયોગી પુરૂષોએ સંશોધન અને અન્વેષણ કરીને નિશ્ચય કર્યો કે જીવે સદાયને માટે સુષ્મ્ણાનાડીમાં જ રહીને જીવવું. તે માટે પ્રત્યેક શ્વાસ ક્યાં લેવાય છે તેનું ગણિત કરવામાં આવ્યું છે. તે જોતાં એક દિવસમાં જે શ્વાસ લેવા પડે છે તેમાં (૨૩ થી ૨૬ હજાર) ત્રેવીસ હજાર થી છવીસ હજાર શ્વાસ લેવા પડે છે. મનુષ્ય માત્રને જીવવા માટે. તેમાં શુદ્ધ સાત્વિક સુષુમ્ણા નાડી જે અમૃતનું વહન કરે છે. તેમાં જીવ તો ફક્ત '૧૨૦' શ્વાસ લેવાય ત્યારે હોય છે. બાકીના શ્વાસમાં અન્ય જે (૭૨) બોતેર હજાર નાડીઓની સાથે ઈડા અને પીગળામાં શ્વાસોશ્વાસની ક્રિયા થયા કરે છે. યોગી પુરુષો એટલા માટે પ્રાણાયામને સિધ્ધ કરીને શ્વાસને નિયમન કરીને સુષુમ્ણા નાડીમાં જીવ હોય ત્યારે જ પ્રાણવાયુનો પ્રવેશ થવા દેવો આવા દૃઢ નિર્ધાર સાથે જ શ્વાસોશ્વાસને પ્રાણાયામ દ્વારા રોકી રાખે છે. અને સુષુમ્ણામાં જ શ્વાસ લે છે. તેમાં પણ '૧૨૦' શ્વાસમાંથી બાર શ્વાસને સંધી કાળના શ્વાસ ગણવામાં આવે છે. જે સત્વર જોગુણાત્મક અને સત્વતમોગુણાત્મક કહેવાય છે. તે ૧૨નો પણ સિધ્ધ એવા યોગી પુરુષો ત્યાગ કરીને કેવલ શુદ્ધ

અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર



પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ષષ્ઠિ પૂર્તિ સમારોહ પ્રસંગે

"શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ધર્મવંશી આચાર્યપદની મહત્તાની આછેરી ઝલક"

- હરિકેશવદાસ શાસ્ત્રી

ભારતના ઘણાં રાજ્યોમાં તેમજ દુનિયાના અનેક દેશોમાં લાખો લોકો જે નામ ઉપર ઉન્નત મસ્તકે પવિત્ર આચાર અને પવિત્ર આચરણ સાથે ગૌરવભેર જીવન વ્યતીત કરી રહ્યા છે એ વિશ્વ વિખ્યાત સ્વામિનારાયણ સંપ્રદાય વિશે અને તેના સ્થાપક વિશે તેમજ આ સંપ્રદાયના આચાર્યશ્રી વિશે સંક્ષેપમાં પરંતુ રસપ્રદ જાણકારી મેળવીએ.

જગતના શ્રેષ્ઠ ઈતિહાસકારો ભારતીય સંસ્કૃતિની મુક્ત મને પ્રશંસા કરે છે. વિશ્વની અનેક સંસ્કૃતિઓ આગળ આ સંસ્કૃતિ અખંડિત અને અબાધિત રહી છે. એનું કારણ છે ધર્મ. ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. અનેક મહાપુરુષો, આચાર્યો અને અવતારોએ માનવ ઈતિહાસથી લઈને આજ સુધી એનું પૂર્ણ રક્ષણ કર્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણે તો જાહેર કર્યું છે કે જ્યારે જ્યારે ધર્મનો ક્ષય થશે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરીને ધર્મનું રક્ષણ કરીશ, વિક્રમની ઓગણીસમી સદીની શરૂઆતમાં આ દેશમાં વિવિધ ઝંઝાવાતો ઉભા થયા. રાજકિય અને સામાજીક ક્ષેત્રે અશાંતિકારક અનેક ઉપદ્રવ થવા લાગ્યા અને એની અસર ધાર્મિક જીવન પર તર્તજ થઈ. રાજા અને પ્રજા પોતાના ધર્મને ભૂલ્યા માણસ માનવ ધર્મને ભૂલવા લાગ્યા. હિંસા, અનીતિ, દંભ, દગાનું તો જાણે એકચક્રી શાસન સ્થપાઈ ગયું.

શાંતિપ્રિય પ્રજા તો ત્રાહિમામ પોકારી ગઈ. એ રીતે વિકરાળ કળીકાળના પંજામાં આવીને લુપ્ત થતી ધાર્મિકતાને બચાવવા એ વખતે પરબ્રહ્મ પરમાત્માએ અવતાર ધારણ કર્યો અને સ્વામિનારાયણ નામથી ઓળખાયા.

ઉત્તર ભારતમાં પ્રસિદ્ધતીર્થ અયોધ્યાની પાસે છપૈયા નામે નાનું ગામ છે. ત્યાં હરિપ્રસાદ અને પ્રેમવતી નામે સરવરીયા બ્રાહ્મણ દંપતી રહેતા હતા. ધર્મ અને ભક્તિના સાક્ષાત્ અવતાર સમા આ દંપતિને જ પ્રભુએ પોતાનાં માતા-પિતા બનાવ્યાં હતાં. વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ-૯ને સોમવારે (ઈ.સ. ૧૭૮૧ બીજી એપ્રિલ) રાત્રે દસ વાગ્યે અજન્મા એવા પરમાત્માએ તેમના થકી જન્મધારણ કર્યો. પ્રભુનું બચપણનું નામ હતું. ઘનશ્યામ. ઘનશ્યામના જન્મથી દરેકના હૃદયમાં અદ્‌ભુત આનંદ થયો હતો. શ્રી ઘનશ્યામને એક મોટા અને એક નાના એમ બે ભાઈઓ હતા.

શ્રી ઘનશ્યામનો વિદ્યાભ્યાસ લગભગ તેમના પિતા પાસે જ પૂર્ણ થયો હતો. સામાન્ય અભ્યાસ પછી વેદાશાસ્ત્રોના અભ્યાસમાં પણ પારંગત બન્યા. શ્રી ઘનશ્યામનું બાલ્યજીવન ઘણું જ પ્રેરક, ઉત્સાહી અને શ્રદ્ધામય હતું. આકૃતિ જોતાં દરેકને લાગતું કે આ કોઈ સામાન્ય માનવી નથી. આમના જીવન દ્વારા અનેકનાં કાર્યો સિદ્ધ થશે. પિતા હરિપ્રસાદે જ પોતાના મંદવાડ વખતે અન્ય પુત્રોને બોલાવીને એ વાત કરી હતી કે આ ઘનશ્યામ ઘરમાં બેસી રહે તેવા નથી એ આખી પૃથ્વીને પોતાનું કુટુંબ બનાવશે.

શ્રી ઘનશ્યામના અગિયારમાં વર્ષે માતા અને પિતા છ માસના અંતે શરીર છોડીને સ્વધામ સિધાવી ગયા. પછી શ્રી ઘનશ્યામે ગૃહત્યાગનો મનમાં

નિશ્ચય કર્યો. વિ.સ. ૧૮૪૯ અષાઢ સુદી-૧૦ના વહેલી સવારે ગૃહત્યાગ કર્યો. ભાઈ-ભાભી તથા અન્ય સંબંધીજનોને એ વિશે કશી જ માહિતી આપી નહિ. વસ્ત્ર, અલંકારો, જીવનપયોગી વસ્તુઓ અરે ! પગની મોજડીઓ સુધાં સર્વનો ત્યાગ કરી અડવાણા પગે ઉત્તર દિશામાં ચાલવા માડ્યું.

ઘનશ્યામનો ગૃહત્યાગ બુદ્ધના મહાભિનિષ્ક્રમણ કરતાં વધુ મહત્વ ધરાવે છે. આ ગૃહત્યાગની પાછળ ફક્ત વૈરાગ્યની શુષ્ક લાગણીઓ જ ન હતી એની સાથે તો જન હિતકારી સર્વજીવ હિતાવહ પરોપકારી ભાવનાઓ હતી.

સૌ પ્રથમ હિમાલયની યાત્રા કરી. વનવાસ દરમ્યાન તેઓ શ્રી નીલકંઠના નામે ઓળખાતા. મુક્તિનાથમાં ચાર માસ સુધી રોકાઈ તીવ્ર તપશ્ચર્યા કરી ત્યાંથી આદિવારહ સીરપુરમાં ચાતુર્માસ નિવાસ કરી ત્યાંથી બાલવાકુંડ થઈને ગંગાસાગરના સંગમ પર ગયા અને ત્યાંથી કપિલાશ્રમમાં જઈ એક માસ રોકાઈ જગન્નાથપુરી ગયા.

શ્રી નીલકંઠની આ યાત્રાઓ પણ નિરર્થક ન હતી. પોતાના અવતારના કેટલાક હેતુઓ તો આ યાત્રાથી જ સિદ્ધ થઈ જતા હતા. તપોમય આચરણથી તપસ્વીઓના ધર્મો બતાવ્યા હતા. અને કોઈ કોઈ જગ્યાએ માંત્રિકો તાંત્રિકો ચમત્કારોના નામે ચરી ખાતા અને ભોળી પ્રજાને માથે દમન ચલાવતા તેઓની સાથે વાદવિવાદ થતો અને એમાં શ્રી નીલકંઠનો વિજય થતો. જગન્નાથપુરીમાં પણ એવું જ થયું. વ્યસન વિલાસના કાદવમાં ખદબદતા અને વૈરાગી જેવાં નામો ધારણ કરી રહેલા હજારો દંભીઓને શ્રી નીલકંઠનો નિસ્વાર્થી ઉપદેશ અને પવિત્ર જીવન ખૂંચવા લાગ્યા, પણ નિર્ભય મનના નીલકંઠવર્ણીએ સત્ય ત્યાગ અને તપનો ખ્યાલ આપવા કેટલાય મહિના સુધી ત્યાં નિવાસ કરીને સમાજને સત્ય અને સાધુતા કેવી હોય છે તેનો ખ્યાલ કરાવ્યો.

ત્યાંથી આદિકૂર્મ, વેકેંટાદ્રિ (તિરૂપતિ બાલાજી), શીવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગક્ષેત્ર, રામેશ્વર, કન્યાકુમારી, પદ્મનાભ જનાર્દન વગેરે દક્ષિણ ભારતની યાત્રા કરીને પંઢરપુર પધાર્યા. ત્યાં બે માસ વિશ્રાંતિ લીધી ત્યાંથી ત્રંબકની યાત્રા કરી તાપી અને નર્મદાના કાંઠા પર વિચરી ભાલદેશમાં ફરીને સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો. વિ.સ. ૧૮૫૬ શ્રાવણ વદી છઠ (રાંધણ છઠ)ના દિવસે લોજ ગામે પધાર્યા. ત્યાં રામાનંદ સ્વામીનાં શિષ્ય મુક્તાનંદજીનો મેળાપ થયો. પવિત્ર અને નિસ્વાર્થી સંતને જોઈને શ્રીનીલકંઠ વર્ણી ત્યાંજ રોકાયા અને થોડા માસ પછી રામાનંદ સ્વામીને મળ્યા.

મુમુક્ષુઓના ઉપદેશ અર્થે શ્રી નીલકંઠે રામાનંદ સ્વામીને ગુરૂ તરીકે સ્વીકાર્યા અને દીક્ષા લીધી ત્યારથી તે સહજાનંદ સ્વામીના નામથી પ્રસિદ્ધ થયા. રામાનંદ સ્વામીને મળ્યા પહેલાં જ રામાનંદ સ્વામીએ પોતાના શિષ્યોમાં જાહેર કરી દીધું હતું કે "હું તો ડુગડુગી વગાડું છું વેષ ભજવનારા તો હવે આવે છે." આ ગૂઢાર્થી વાક્યને ઘણા સુજ્ઞો તરત સમજી ગયા હતા.

થોડા સમય પછી સહજાનંદ સ્વામી સંપ્રદાયની જવાબદારી સ્વીકારે છે. ત્યારે એ વખતે પોતાના ગુરૂ પાસે માંગેલા બે વરદાન જ તેમનું સર્વોપરિત્વ સાબિત કરી આપે છે, "ભગવાનના કોઈ પણ ભક્તને પ્રારબ્ધવાશત થનારી પીડા મને થાય અને એ ભક્ત સુખી રહે, તથા પ્રભુના ભક્તને અન્ન વસ્ત્રનું દારિદ્રય દુઃખ હોય તે નાશ પામે અને એ દુઃખ મને આવે."

આ બે વરદાનોની પાછળ કરૂણાની લાગણી ભારોભાર ભરેલી છે. સ્વામિનારાયણ ભગવાનનું સમાજ કલ્યાણ કાર્ય હવેથી વ્યવસ્થિ રીતે શરૂ થયું. અસત્ય અને દંભના સતત સહવાસથી અંધશ્રધ્ધાળુ બનેલી પ્રજાને જાગૃત કરવા કાષાંબરધારી એક ધર્મસેના (સંત મંડળી) તૈયાર કરી. એ સંતોએ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ તથા અન્ય પ્રાંતોમાં ગામોગામ ફરીને ઘરોઘર પહોંચીને આચરણ અને ઉપદેશ દ્વારા સમાજને સત્ય, ધર્મ, નિતી અને પવિત્રતાનું જ્ઞાન આપ્યું.

સ્વામિનારાયણ ભગવાને પણ અહિંસક યજ્ઞો દ્વારા સભાઓ દ્વારા, સમૈયા-ઉત્સવો દ્વારા લાખો માણસોને સત્ય, ધર્મ અને માનવજીવનના મૂળભૂત સિદ્ધાંતો સમજાવ્યા અને અન્નક્ષેત્રો પૂર્તકર્મો અને ગરીબોને દાન આદિ લોકોપકારનાં કાર્યો કરીને બે દાયકામાં તો લોકહૃદયના સ્વામી બની ચૂક્યા.

અને પોતાના અલૌકિક યોગ ઐશ્વર્ય વડે હજારો મુમુક્ષુઓને સમાધિ કરાવી

તેમના ઈષ્ટદેવોનાં દર્શન કરાવી પોતાના આશ્રિતો બનાવ્યા.

સ્વામિનારાયણ ભગવાને જે રીતે લોકહિતનાં કાર્યો, સમાજ સુધારણા કરી છે તેનો વિચાર કરીએ તો તેમાં દિવ્યતા જણાયા વગર રહેશે નહિ. ધાર્મિક, સાંપ્રદાયિક વ્યવસ્થા એ તો સહજાનંદ સ્વામીની આગવી અદ્‌ભૂત કરામત છે. જે અદ્યાપી પર્યંત સંપ્રદાયમાં જોઈ શકીએ છીએ.

સહજાનંદ સ્વામીના આશ્રિત થનારે દારૂ, માંસ, ચોરી વ્યભિચાર છોડવા પડતાં. એ પ્રતિજ્ઞા લીધા પછી જ તેને કંઠી બંધાતી. શ્રીહરિના આશ્રિતોને સત્સંગી કહેવામાં આવે છે. સત્સંગી એટલે ભગવાન, શાસ્ત્ર અને સત્તપુરૂષનો સંગી.

સ્વામિનારાયણ ભગવાને પચ્ચીસ વર્ષના ગાળામાં તો ગુજરાતની કાયાપલટ કરી નાખી. હાથમાં તીરકામઠું કે તલવાર લીધા સિવાય ઘરની બહાર પગ ન મુકનારે હથિયાર ને ન અડકવાનાં નિયમો લીધા. ચોરોએ ચોરી છોડી. માંસાહારીઓએ માંસ ભક્ષણ છોડ્યું. વ્યસનીઓએ વ્યસન છોડ્યા, નિર્દયો દયાવાળા બન્યા, ભૂંડા ભૂંડાઈ તજીને ભક્તો બન્યા. વિલાસીઓએ વિલાસ છોડીને વૈરાગ્ય લીધો, સમાજને કંટકરૂપ ગણાતા માણસો સાચા સમાજ સેવકો બન્યા, હલકી ગણાતી કોમો પંચવર્તમાન પાળીને આચારવિચારે બ્રાહ્મણ સમાન પવિત્ર બની. ગમે તે જ્ઞાતિનો માણસ પણ સત્સંગી થઈ શકતો અને ફેલ, ફતુર, વ્યસનો છોડીને સુખપૂર્વક જીવી શકતો. સમાજમાં ખ્યાલ બંધાઈ ગયો કે સહજાનંદ સ્વામીના આશ્રિતો દુઃખી થતા જ નથી. સ્વામિનારાયણ ભગવાનના સમાજ સુધારણા રૂપ આ પવિત્ર યજ્ઞમાં પથરા નાખનારાની પણ ખોટ ન હતી. ચારેબાજુથી અનેક વિરોધ વંટોળો ઉભા થયા. તેમાં ખાસ ઢોંગી, પાખંડી તથા અનેક વેશધારીઓ



મુખ્ય હતા. તેઓએ આ પવિત્ર કાર્યોમાં ભારે ઉપદ્રવો કર્યા અને સંતોને અનેકવિધ ઉપદ્રવો કરવામાં બાકી રાખ્યું ન હતું. પણ ત્યાગ, સહનશક્તિ અને ક્ષમાની પ્રતિકૃતિ સમા સંતોએ એ ગણકાર્યા વગર પોતાનું કાર્ય શરૂ જ રાખ્યું.

ત્રણ દાયકામાં તો જાણે યુગપલટો થઈ ગયો. સમાજમાંથી વહેમો ગયા, જડતા નાબુદ થઈ. અંધશ્રદ્ધા નામશેષ બની. સમાજ સત્યને ઓળખતો થયો. અસત્યને ફેંકી દેવા જેટલો શક્તિશાળી બન્યો. સમાજમાં નવજાગૃતિ આવી. સહજાનંદ સ્વામીના સાધુ સત્સંગીઓનું સર્વત્ર સન્માન થવા લાગ્યું. એ વખતે આપણા દેશમાં પોતાના રાજકિય પાયા મજબૂત કરતાં અંગ્રેજો તથા એમનાં અનેક પ્રવાસીઓએ સહજાનંદ સ્વામીનાં કાર્યોને શ્રદ્ધાપૂર્વક બિરદાવ્યા. જેમાનાં બે ઉદાહરણો અત્રે પ્રસ્તુત છે.

"સહજાનંદજીની પ્રતિભા હિન્દુ ધર્મના શુદ્ધ સ્વરૂપમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં જ પુરી થતી ન હતી. એ જમાનામાં અનેક દુરાચારો અને બીજા અનિષ્ઠો દૂર કરવામાં, અને જે લોકો ભૂખના માર્યા ચોરી અને લુંટફાટ દ્વારા આજીવિકા મેળવતા હતા એવા લોકોને સાચે માર્ગે પાછા વાળવામાં પણ એમણે ભારે સફળતા મેળવી હતી. એમની એ સફળતાનો પુરાવો ગુજરાત ભરમાં ઠેરઠેર જોઈ શકાય છે. તેઓશ્રી આ રીતે સુધારક તરીકેની પણ મોટી પ્રતિષ્ઠા પામ્યા હતા."

- હેન્રી જ્યોર્જ બર્જેસ

(ઈન્ડીયન એન્ટીકવેરઓ માંથી)

ઈ.સ. ૧૮૭૧

એજ પ્રમાણે હેની જ્યોર્જ બ્રીગ્સ પોતાના પુસ્તકમાં લખે છે કે -

"જે વખતે બ્રહ્મના અનુવાદીઓમાં સૈકાઓ સુધી અજ્ઞાન અને ધર્માન્ધપણાના લીધે મૂઢપણું છવાઈ રહ્યું હતું તે વખતે એક અદ્‌ભૂત વ્યક્તિનો પ્રાદુર્ભાવ થયો. પ્રકૃતિથી તેમની મુખમુદ્રા સૌમ્ય હતી. આપત્તિ નાશ ન કરી શકે તેમ જ સંપત્તિ ઝાંઝ ન લાવી શકે એવું હિંમતવાળું અને સાહસિક તેમનું હૃદય હતું.... હિન્દુધર્મના સિધ્ધાંતોમાં પરસ્પર દ્વેષ અને ધર્માન્ધપણાના કારણે ધર્મનો ઉપહાસ થઈ રહ્યો હતો. તે પોતાની શક્તિ અને ખંતથી દૂર કર્યો. આર્ય જનતા આ કામ માટે તેમની (સહજાનંદ સ્વામીની) ઋણી છે."

(સીટીઝ ઓફ ગુજરાત)

એક વખત મહાપ્રભુએ વિચાર કર્યો કે અમે શરૂ કરેલ આ મોક્ષનું સદાવ્રત, ધર્મપ્રચાર અને સમાજસેવાનું કાર્ય કાયમ ચાલુ રહેવું જોઈએ અને એ માટે પોતે ત્રણ ઉપાયો નક્કી કર્યા. એકતો મંદિરો બંધાવવા, બીજું સંપ્રદાયમાં શુદ્ધ ગુરુપરંપરા સ્થાપન કરવી, ત્રીજુ સત્શાસ્ત્રોની રચના કરાવવી.

પોતાના આ ત્રણ ઉપાયોનો અમલ કરવાની શરૂઆત અમદાવાદથી થઈ. સૌ પ્રથમ અમદાવાદમાં ત્રણ શિખરનું મંદિર બંધાવ્યું. ત્યાર પછી ભુજ, મૂળી, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જુનાગઢ અને ગઢપુર એ રીતે નવ મહામંદિરો બંધાવી સ્વહસ્તે એમાં મૂર્તિઓ પધરાવી ભક્તિ ઉપાસનાનો પવિત્ર પ્રવાહ વહેતો કર્યો.

અનંત જીવોના અવિરત ઉદ્ધાર માટે બીજા ઉપાયમાં આચાર્ય સ્થાપનનો વિચાર મહાપ્રભુએ કર્યો. જેની મહત્તા વિશે આપણે હવે વિચારીશું.

મંદિરો કરાવી દેવસ્થાપનાનું કાર્ય ચાલુ હતું. પછી મંદિરોની સંભાળ રાખવા તેમજ હજારો સંતો અને લાખો ગૃહસ્થ અનુયાયીઓના ધર્મની સંભાળ રાખવા, વિશાળ સત્સંગના સંરક્ષણાર્થે મોક્ષ માટે બીજા ઉપાયમાં ગુરૂપદની સ્થાપનાની શ્રીહરિને જરૂર જણાઈ.

દીર્ઘ દ્રષ્ટિભર્યો આચાર્ય સ્થાપનનો વિચાર સૌ પ્રથમ જેતલપુર પાસેના અસલાલી ગામે સભામાં આવ્યો. પ્રભુએ પોતાનો એ વિચાર સૌ આશ્રિતજનો સમક્ષ મૂક્યો. સૌ રાજી થયા. પછી જેતલપુરની સભામાં આચાર્ય સ્થાપનાના નિશ્ચય ઉપર આવ્યા. પછી ફરતા ફરતા વરતાલ પધાર્યા ત્યારે વરતાલમાં ૧૮૮૨ કા.સુ. એકાદશીના દિવસે આચાર્ય સ્થાપનને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું.

આચાર્ય સ્થાપન પૂર્વ ધર્મકુળની પસંદગી પાછળ પણ અલૌકિક હેતુ અને અલૌકિક કારણ છે. મુખ્ય હેતુ તો શિક્ષાપત્રીમં સ્વહસ્તે 'ધર્મ રક્ષણ હેતવે' એ શબ્દોથી નિરૂપ્યો છે. વળી વિશેષમાં-

"એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે,
માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે."

"ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર,
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર."

એ રીતે પોતાના તમામ આશ્રિતોનું આત્યંતિક કલ્યાણ એજ આચાર્ય સ્થાપનનો હેતુ હતો. અને પસંદગીનું રહસ્ય પણ નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં જ જોઈએ.

"કામ કર્યું છે એહ સારૂ રે, મન માન્યું છે બહુ અમારું રે
કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડુ મૂળ રે
જેવું અમારૂં કુળ માનશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે"

સ્વામિનારાયણ ભગવાન કહે છે જીવોના કલ્યાણ માટે અમે આ બહુ સારૂં કામ કર્યું છે. ધર્મકુળમાં ગાદી સ્થાપન કરવાથી અમારૂં મન માન્યું છે. એટલે કે અમને ખૂબ સંતોષ થયો છે. કારણ કે ધર્મના કુળનાં મૂળ બહુ ઊંડાં છે. કોઈ લાખ ઉપાય કરે છતાં ધર્મના કુળની સમકક્ષ ક્યાંથી થઈ શકે ! માટે બહુ વિચારી ઘણું સમજીને ધર્મકુળમાં અમે ગાદી સ્થાપી છે. યુગના યુગ જાય પછી પણ આ ગાદી ઉપર ધર્મવંશી જ બેસી શકશે. ગુણે તપે કરીને ગમે તેવો મહાન કોઈ પણ હોય છતાં ધર્મવંશી સિવાય કોઈ પણ આ ગાદીને યોગ્ય ગણાશે નહિ.

વળી ધર્મકુળ પ્રત્યે મહાપ્રભુને કેવો અટળ વિશ્વાસ છે કે એ અમારૂં કુળ છે એ ધર્મવંશી છે. અધર્મ માર્ગમાં ક્યારે પણ પગ નહિ મૂકે. સદાકાળ ધર્મમાં રહેશે. અને તમામ ગૃહી ત્યાગી આશ્રિતજનોને ધર્મમાં રાખશે.

"ધર્મવંશી તે ધર્મમાં રહેશે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે
ધર્મ પાળશે ને પળાવશે રે, અધર્મની રીત ટળાવશે રે."

આ વચનો ઉપરથી ફલિત થાય છે કે મહારાજનો આગ્રહ ધર્મ પાળવા અને પળાવવાનો સ્પષ્ટ છે. અને આવા ધર્મવંશીને આશરે જે હોય તેના કલ્યાણમાં શું ખામી હોય ! પોતાના આત્માના કલ્યાણ માટે તેણે કોઈ પરિશ્રમ કરવાની જરૂર રહેતી નથી. ધર્મવંશીના આશરામાં રહીને ઈષ્ટદેવની ઉપાસના કરે તે સરળતાથી સહજતાથી સંસાર સાગર તરી જાય છે.

"ધર્મકુળ ને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર."

વળી આ પદની ગરિમાને જાળવવા મહાપ્રભુએ અત્યુત્તમ નિયમો પણ ઘડ્યા છે. પ્રભુ કહે છે અમારા આ ધર્મવંશી પદ ઉપર સંસ્થાપિત આચાર્યો એ બીજા જેવા નથી જેની સેવા કરતાં શ્રધ્ધા તૂટી જાય ! અમારા આચાર્ય તો નિસ્વાર્થી છે. શિષ્યો પોતાની ઈચ્છાથી ધન-ધાન્ય અર્પણ કરશે તો સંતોષ સાથે તેનો સ્વીકાર કરીને તેનું હિત ઈચ્છશે.

સમીપ સંબંધ વિનાની કોઈ પણ સ્ત્રી સાથે બોલશે નહિ, કોઈના ઉપર વૈરભાવ નહિ રાખે. કોઈના ઉપર કલંક નહી ઓઢાડે, કોઈની જામીનગીરી તથા કોઈના મિથ્યા સાક્ષી પણ નહિ થાય. વળી દરેક આશ્રિતમાત્ર પ્રત્યે દયાવાળા થશે. કળ, છળ, કપટ, દગો, ઈર્ષા, અદેખાઈથી સદાકાળ દૂર રહેશે. એવા સદ્‌ગુણશાલીન ધર્મકુળને જાણીને અમે આ દિવ્ય પદનો અધિકાર આપ્યો છે.

આવા દિવ્યપદ ઉપર બિરાજતા આચાર્યશ્રીના આશરે રહીને ભજન કરવાથી કોનું કલ્યાણ ન થાય ? સર્વનું થાય જ.

"એહ આચારથી જ અપાર રે, બહુ
જીવોના થાશે ઉધ્ધાર રે."

આ ધર્મ પદ ઉપર બિરાજમાન થનાર આચાર્યશ્રીને પોતાના નિયમો, ફરજો, અધિકારો, કર્તવ્ય બાબતની સ્પષ્ટતા માટે શ્રીહરિએ એક બંધારણ બનાવ્યું. 'દેશ વિભાગના લેખ' તરીકે સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. જેનો સારાંશ નિષ્કુળાનંદ સ્વામીએ આ રીતે વર્ણવ્યો છે.

"સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે,
અવધ પ્રસાદને રઘુવીર રે
તેને આપે કર્યા આચારજ રે, કરવા
બહુ જીવનાં કારજ રે
આપ્યા વેંચી મંદિરને દેશ રે, જેમાં
કોઈને ન થાય કલેશ રે
સાધુ સત્સંગીના ગુરૂ કીધા રે, દેશ
ઉત્તર દક્ષિણ વેચી દીધા રે"

એવી રીતે ધર્મવંશી આચાર્યપદનો મહિમા અપરંપાર છે. કારણ કે શ્રીહરિ સંસ્થાપિત આ પદના પ્રતાપે આ સંપ્રદાય ફૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યો છે. આ સંપ્રદાયને કોઈ ભાષાના, વર્ણના, સમાજના, દેશના, વિદેશના કોઈ સીમાડા અવરોધરૂપ બન્યા નથી. સંપ્રદાયની એકતા, એકજુટતા, સંપ અને સંગઠન જળવાઈ રહ્યાં છે અને બધો જ પ્રતાપ શ્રીહરિ સંસ્થાપિત ધર્મવંશી આચાર્યપદનો છે. આ દિવ્ય પદ દ્વારા સ્વયં શ્રીહરિ જ સર્વે મુમુક્ષુઆત્માઓનું કાર્ય કરી રહ્યા છે. દરેકે દરેક નાના માટો આશ્રિતોએ આ વાત યાદ રાખવી જ જોઈએ. એટલે તો પ્રભુ ફરીથી ભારપૂર્વક કહે છે કે -

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ
કરજયો એની સેવ
અન્ય જન જેવા એહ નહિ, એ છે
જાણજો મોટા દેવ
એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ,
વળી કા'વે અમારૂં કુળ
એને સેવતાં સૌ જન તમો, પામશો
સુખ અતુલ."

શ્રીજી મહારાજ સંસ્થાપિત ધર્મવંશીપદની ગરિમા, ગૌરવ જાળવવા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી આરંભી આજ સુધીના બધા જ આચાર્ય મહારાજશ્રીઓ સતત પ્રયત્નશીલ રહ્યા હોય તેવું તેઓના જીવન અને કાર્યોમાંથી જાણવા મળે છે.

પરંતુ નદીના વહેણ અને સમયની કરવટો સદા બદલાતી જ રહી છે. દરેક પૂર્વાચાર્યોને તેઓના સમય અને સંજોગોમાં ઉદ્‌ભવતા પડકારોનો સામનો કરવો જ પડ્યો છે. અને તેમની રીતે ધર્મ અને સંસ્કારોની રક્ષા કરેલી છે.

પણ આજે સમય જુદો જ ચાલી રહ્યો છે. વર્તમાન છઠ્ઠા આચાર્ય ગાદીપતિ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજને અનેકવિધ પડકારોનો સામનો કરવો પડ્યો છે. દા.ત. પહેલાંના સમયમાં કોઈને પિકચર જોવા જવું હોય તો ક્યા શોમાં જવાનું છે તે સમય ફાળવવો પડે, ટીકીટ લેવા લાઈનમાં ઉભા રહેવું પડે વગેરે તકલીફો હતી. જ્યારે આજે આખાને આખા થીએટરો પ્રત્યેક ઘરોમાં ગોઠવાઈ ગયાં છે. તદુપરાંત રાત-દહાડો અનેકવિધ કુસંગના પરિબળોનો નાચ પ્રત્યેક ઘરમાં ચાલી રહ્યો છે. આવા ઘરોમાં ઉછરતી નવી પેઢીમાં ધર્મ-સત્સંગ-સંસ્કારો જાળવી રાખવા ધર્મગુરૂએ સતત સજાગ રહેવું પડતું હોય છે. ધર્મગુરુની જાગરૂકતાના પ્રતાપે જ નવી પેઢીમાં સત્સંગ, સંસ્કાર, માનવતા, સદ્‌ભાવ જેવા સદ્‌ગુણો વિકસે છે. આ માટે પ.પૂ. આચાર્યશ્રીએ પ્રાયમરી સ્કુલો, હાઈસ્કુલો, કોલેજો જેવી શિક્ષણ સંસ્થાઓ અને દવાખાનાં જેવી અનેકવિધ સંસ્થાઓ દ્વારા માનવોપયોગી સેવાનાં કાર્યો વણથંભ્યા શરૂ કર્યા છે.

તદુપરાંત પૂ. આચાર્ય મહારાજશ્રી ક્યારે પણ પગ વાળીને શાંતિથી બેસતા નથી.નાના અને મોટાના ખ્યાલો દૂર કરીને સૌની સંભાળ લેવા કોઈપણ પૂર્વશરત વગર કોઈપણ પ્રોટોકોલ સિવાય ઘરોઘર પધરામણીએ પધારે છે.

અને સૌના ઉપર સરખી અનુકંપા વરસાવે છે. નજીક અને દૂર અનેકવિધ ધાર્મિક પ્રસંગો જેવા કે પાટોત્સવો, પારાયણો, પ્રતિષ્ઠાઓમાં પોતાની સગવડો ભૂલીને સમયસર પધારે છે.

વળી આ આચાર્ય મહારાજશ્રીના કાર્યકાળમાં દેશ અને દુનિયામાં સ્વામિનારાયણ ભગવાનનાં અસંખ્ય મંદિરો બન્યાં અને બની રહ્યાં છે. દેશમાં તો બને પરંતુ દુબઈ મસ્કત જેવા ખાડીના દેશો તથા આફ્રિકા, યુરોપ, ઈંગ્લેન્ડ, અમેરિકાનાં ઘરોમાં રાજ્યોમાં તથા ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ ઉપાસનાનાં કેન્દ્ર સમાં મંદિરો બન્યાં તથા બની રહ્યાં છે.

ઉપરાંત છેલ્લા વીસ વર્ષમાં શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન તરફથી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં છેલ્લા ૪૦ વર્ષથી શ્રી સ્વામિનારાયણ માસિક દ્વારા સત્સંગ સાહિત્યની ગંગા વહી રહી છે તે પણ અજોડ છે. આવી સાહિત્ય સેવા છેલ્લા બસો વર્ષમાં પણ થઈ શકી નથી. પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રીએ ધર્મવંશી આચાર્યપદને શતશઃ સહસ્ત્રશઃ દીપાવ્યું છે. શિરસા વંદન હો એ ચરણોમા !!!

એ રીતે પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજનું સત્સંગ સેવાનું કાર્ય અજોડ અને અનોખું છે. અદ્વિતીય છે, અજરામર છે.

જીવોના મોક્ષ માટે વળી ત્રીજો ઉપાય પ્રભુએ વિચાર્યો તે પણ સંક્ષેપમાં જ જોઈએ.

ત્રીજા ઉપાયમાં સત્શાસ્ત્રો રચવાની આજ્ઞા વિદ્વાન સંતોને કરી. તેથી સંતોએ ઉપનિષદ પર ભાષ્યો, તથા વ્યાસસૂત્ર તેમ જ ગીતા પર સાંપ્રદાયિક સિદ્ધાંત પ્રમાણે ભાષ્યો લખ્યાં તથા સત્સંગિભૂષણ આદિ અનેક સંસ્કૃત ગ્રંથો તથા ભક્તચિંતામણી આદિ અનેક ગુજરાતી ગદ્ય-પદ્ય ગ્રંથો તૈયાર કર્યા.

પછી શ્રીહરિના જીવનચરિત્ર સહિત સંપ્રદાયના સિદ્ધાંત, માન્યતા, આજ્ઞા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય પ્રતિપાદક સર્વમાન્ય મહાગ્રંથ સત્સંગિજીવન શતાનંદ સ્વામીએ તૈયાર કર્યો.

વળી શ્રીહરિએ ગઢડા, અમદાવાદ, વડતાલ, જેતલપુર વગેરે ગામોમાં રહીને જે ઉપદેશ આપ્યો તથા તે તે સ્થળોએ સભાઓમાં જે પ્રશ્નોત્તરો થયા તેનો એક અદ્વિતીય સંગ્રહ 'વચનામૃત' નામથી પાંચ સંતોએ તૈયાર કર્યો. જેમાં ૨૭૩ વચનામૃતો છે તે અભણ માણસ પણ સમજી શકે એવી લોકભોગ્ય ભાષામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિનું નિરૂપણ તથા વેદાન્તના સિદ્ધાંતોનું સરળ રીતે પ્રતિપાદન કરેલું છે. સર્વ શાસ્ત્રોનાં સારરૂપ આ વચનામૃત ગ્રંથ માનવમાત્રને અતિ ઉપયોગી અને કલ્યાણકારી સાહિત્ય છે.

પોતાના ત્રણે સંકલ્પોને સફળ થયા જોઈને સહજાનંદ સ્વામી ખૂબ આનંદિત બન્યા. પછી એ સર્વે શાસ્ત્રના સારરૂપ શિક્ષાપત્રી પોતે લખી. જેમાં સંપ્રદાયનું મૂઢતમ રહસ્ય અને મોક્ષના ઉપાય તથા વ્યવહાર શુદ્ધિ, આદિ સર્વ ઉપયોગી તત્વોનો સમાવેશ કર્યો. ગીતાની જેમ શિક્ષાપત્રી એ કેવળ આધ્યાત્મિક ગ્રંથ નથી એ વ્યવહાર શાસ્ત્ર, સમાજ શાસ્ત્ર, નીતિ શાસ્ત્ર વગેરેની સાથે સાથે આધ્યાત્મિક ગ્રંથ પણ છે. ટૂંકમાં કહીએ તો શિક્ષાપત્રી એ પ્રજાથી લઈને રાજા સુધી અને ગરીબથી લઈને ધનિક સુધી, મુમુક્ષુ આત્માથી લઈને મહાજ્ઞાની સુધી દરેકને એક સરખી અખંડ ઉપયોગી છે. જે સ્વામિનારાયણ ભગવાનની પ્રત્યક્ષ શબ્દમૂર્તિ છે. એ શિક્ષાપત્રી પ્રમાણે વર્તનારને ચારે પુરુષાર્થ સિદ્ધિનું વરદાન અપાયું છે. અને શિક્ષાપત્રી પ્રમાણે વર્તનારને જ સહજાનંદ સ્વામીએ "પોતાનો આશ્રિત" ગણ્યો છે.ત્યાર પછી તો ગદ્ય, પદ્ય, હિન્દી, ગુજરાતી, સંસ્કૃતમાં અપાર સાહિત્યની રચનાઓ થઈ. આચાર્યોએ ધર્મરક્ષણની જવાબદારી લીધી. સંપ્રદાયના મંદિરો સંતો દ્વારા ધર્મશુદ્ધ સેવાવિધિથી ઝળકતાં થયાં. હજારો સંતોએ મંદિરોમાંથી તથા ગામોગામ ફરીને ઉપદેશ અને આચરણનો પુનિત ગંગાપ્રવાહ અખંડ વહેતો રાખ્યો. જોતજોતામાં સ્વામિનારાયણ ભગવાન સ્થાપિત આ સંપ્રદાયે હિન્દુ ધર્મમાં સૌથી મહત્વનું સ્થાન લીધું.

પોતાના અવતારનો હેતુ સંપૂર્ણ થયો જાણીને શ્રીહરિએ વિ.સ. ૧૮૮૬ જેઠ સુદ-૧૦ ને મંગળવારે (ઈ.સ. ૧૮૩૦ અઠાવીસમી જુન) ગઢપુરમાં




પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૬૦માં ભવ્યાતિભવ્ય પ્રાકટોત્સવ પ્રસંગે ક્યારેય કલ્પના ન કરી હોય તેવી આ અતિસુંદરમાં સુંદર કેક કાપીને પ્રાકટોત્સવ મનાવતા.



પ.પૂ. મહારાજશ્રીએ પોતે કેમેરામાં કંડારેલ તસ્વીરોનું પ્રદર્શન હઠીસંગ વિઝ્યુઅલ આર્ટ ખાતે યોજાયુ હતું તેના ઉદ્‌ઘાટન પ્રસંગે ફોટોગ્રાફર પૂ. મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી, પૂ. શ્રી રાજા તથા ગુજરાતના ખ્યાતનામ હાસ્ય કલાકાર શ્રી પી. ખરસાણી અને ગુજરાતના ખ્યાતનામ કલાકાર શ્રી અમિત અંબાલાલ (કે જેઓ મહારાજશ્રીના સહાધ્યાયી પણ છે) જેમને તસ્વીર અને તસ્વીરકારને બિરદાવી મુકતકંઠે પ્રશંસા કરી હતી. આ મહોત્સવમાં આવી અનેક તસ્વીરોનું પ્રદર્શન સંપ્રદાય અને તસ્વીરકારો માટે જીવનનું સંભારણું બની રહ્યું



આપણા સંપ્રદાય અને તેમાંય પ.પૂ. મહારાજશ્રી માટે ભારત અને પાકિસ્તાનના કોઈ પણ મુસ્લિમને ખૂબજ આદર અને માન છે. આ ભવ્ય પ્રસંગે મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં દર્શન અને પૂજન કરવાનું ચૂક્યા નહતા. હિન્દુ-મુસ્લિમ એકતા આવા પ્રસંગમાં અચૂક જોવા મળે છે.



શ્રી નરનારાયણ દેવ યુવક મંડળે રાત દિવસ સેવામાં કોઈ કમી રાખી ન હતી. પછી પૂ.લાલજી મહારાજે તેમના પર રાજીપાની વર્ષા હેલી કરી.



આ વામન સ્વરૂપ વિપ્ર બટુક અસલ ભાવવાહી મુદ્રામાં પોતાને મળેલા આ ભવ્ય અવસરને માણી રહ્યો છે.પ.પૂ.મહારાજશ્રીએ આવા ૧૫૧ બટુકોને યજ્ઞોપવિત આપી હતી



પૂજ્ય શ્રી પ્રફુલ્લ કુમારનું સન્માન કરી મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ.રમેશભાઈ મારફતીયા દર્શન કરી રહ્યાં છે.



પ.પૂ.અ.સૌ. બિન્દુરાજા, પૂ.શ્રી રાજા અને પૂ.રૂપલ રાજા સાથે બહેનોની સભામાં ઉપસ્થિત રહી દિવ્યલાભ આપ્યો.



શોભાયાત્રા બાદ શાનદાર આતશબાજી થઈ હતી...



મહિલા સંમેલનનું ઉદ્‌ઘાટન આ બાળ મહિલા પૂ. શ્રીરાજાએ કર્યું હતું અને ત્યારબાદ સત્સંગી યુવતીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

સ્વતંત્રપણે પોતાના માનુષિક શરીરનો ત્યાગ કર્યો. ૪૯ વર્ષ ૨ માસ અને ૧ દિવસ આ પૃથ્વી ઉપર વિચર્યા હતા.

અઠ્યાવીસ વર્ષના ટૂંકા સમયમાં સ્વામિનારાયણ ભગવાને જે રીતે સમાજોધ્ધારરૂપ કામ કર્યા છે તે અદ્વિતીય અને અલૌકિક છે. રામ અને કૃષ્ણને પરમાત્મા તરીકે ઓળખતાં અને તેમની ઉપાસના કરતાં પ્રજાને હજારો વર્ષો વીત્યાં હતાં, જ્યારે સહજાનંદ સ્વામીને તેમની હયાતીમાં જ લાખો કુટુંબોએ ઈષ્ટદેવ તરીકે સ્વીકાર્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વાવતારી છે, કારણ કે શ્રીરામના આદર્શો, શ્રીકૃષ્ણના ઉપદેશો, બુદ્ધની કરૂણા એમનામાં મૂર્તિમાન દેખાયા હતા. સહજાનંદ સ્વામીના આશ્રિતો એમની ઉપાસનામાં જે દિવ્ય પ્રભાવ અને અલૌકિક શાંતિ અનુભવે છે તેવું બીજે ન જણાતાં તેમને સર્વોપરી માને છે.

અંતરર્ધાન થયા પછી પણ પોતાના અનેક ભક્તોને અંતકાળે પ્રત્યક્ષ દર્શન આપીને પોતાના ધામમાં તેડી જતા, તે અન્યજનો પણ દેખતા, તથા કોઈ ભક્તને કષ્ટ આવવાનું હોય તો અગાઉથી જણાવીને તેનું નિવારણ કરતા. પ્રતિમા દ્વારા અનેકનાં મનોરથો પૂર્ણ કરતા. કોઈ સ્નેહી ભક્ત પાસેથી અન્ન, વસ્ત્રાલંકારાદિ વસ્તુઓ પ્રતિમા દ્વારા પ્રત્યક્ષ માગી લઈને સ્વીકારી લેતા. એ પ્રમાણે શ્રી સ્વામિનારાયણ ભગવાન અખંડ પ્રત્યક્ષ વરતે છે. એ સર્વોપરિ શ્રીહરિ ચરણમાં ભાવભરી ભક્તિનાં પુષ્પો સમર્પી આપણે કૃતાર્થ બનીએ અને જગતનું કલ્યાણ ઈચ્છીએ.

ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં કાયમી સભ્યોને સૌજન્ય ભેટ

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી ષષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં વંશ પરંપરાગત સભ્યોને (સભ્ય દીઠ રૂા ૧૦૦/-) સૌજન્ય ભેટ આપીને શ્રી સ્વામિનારાયણ અંકના પ્રચાર પસારમાં સુંદર યોગદાન આપીને આવા મહાન ભવ્ય ઉત્સવનું દરેક જીવ માત્રને સંભારણું રહે તેવી શુભ ભાવનાથી સેવા કરનારા ભક્તજનો.

૧૦૦ વંશ પરંપરાગત સભ્યોને રૂા ૧૦૦/- સભ્યદીઠ સૌજન્ય

(૧) અ.નિ.પ.ભ.રણછોડલાલ જેઠાલાલ મારફતીયા પરિવાર હા. પ.ભ.રમેશભાઈ મારફતીયા, પ.ભ. નવિનભાઈ મારફતીયા (ન્યજર્સી - અમદાવાદ- રૂા ૧૦,૦૦૦/-)

(૨) અ.નિ.પ.ભ. મોહનલાલ પ્રભુદાસ રાવ પરિવાર હા.પ.ભ. હરિશભાઈ રાવ શિકાગો-અમદાવાદ રૂા ૧૦,૦૦૦/-


(૩) પ.ભ.રમેશભાઈ બી. બ્રહ્મભટ્ટ, હા. પ.ભ. વિવેક રમેશભાઈ બ્રહ્મભટ્ટ શિકાગો-અમદાવાદ રૂા ૧૦,૦૦૦/-

૫૦ સભ્યોને રૂા ૧૦૦/- સભ્યદીઠ સૌજન્ય

(૧) પ.ભ.આત્મારામભાઈ પટેલ પરિવાર, હા.પ.ભ.જગદીશભાઈ આત્મારામ પટેલ શિકાગો-અમદાવાદ રૂા ૫૦૦૦/-

(૨) પ.ભ. અમૃતભાઈ નારાણદાસ પટેલ (મારૂસણાવાળા) સાબરમતી-અમદાવાદ રૂા ૫૦૦૧/-

પ્રતિનિધિઓમાં પ.ભ. શ્રી ડાહ્યાભાઈ ચેલાભાઈ બૂટીયા (કાલીયાણા વાળા) અને પ.ભ. નારણભાઈ પોપટભાઈ ટાંક (જીરાગઢ વાળા - રાજકોટ) આદિ હરિભક્તોએ રાત દિવસ અંકના સભ્યો કેમ વધે અને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી ખડેપગે સેવા બજાવી હતી. તેમની સેવા ક્યારેય ભૂલાય તેમ નથી. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં ૯૦૦ જેટલાં વંશ પરંપરાગત સભ્યો નોંધાયા છે. આપણા મંદિર તરફથી કાયમી સભ્ય થાય તેમને "મુક્તાનંદ કાવ્ય"નો અદ્‌ભૂત દળદાર ગ્રંથ ભેટ રૂપે આપવામાં આવેલ. જે હાલ પણ સભ્યો થાય તેમને આપવાનું ચાલું છે.



સર્વોપરિનું કામ સર્વોપરિ જ હોય

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(પી. પી. સ્વામી) જેતલપુર

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ જેતલપુરની બાજુમાં અસલાલી ગામે પાંચસો પરમહંસો અને પાર્ષદો હરિભક્તોની સભા ભરીને બિરાજમાન હતા. જ્ઞાનવાર્તા ચાલુ હતી. તેની વચ્ચે શ્રીજી મહારાજે સંતોને કહ્યું કે મને રામાનંદ સ્વામીએ આ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સોંપી અમે તેને ગ્રહણ કરીને વહન કરી રહ્યા હતા. પણ હવે સંતો તમે ભેગા મળીને તમારામાંથી એક વર્ણી અથવા સંતને નક્કી કરીને નામ આપો, તેમને અમારી ગાદી પર બેસાડી દઉ. આવી અમારી ઈચ્છા છે.

જ્ઞાનવાર્તાની વચ્ચે અચાનક આવી રજૂઆતથી વર્ણી, સંતો, હરિભક્તો, આવાક્ બની ગયા. કોઈપણ જવાબ આપવા અસમર્થ બની ગયા ! પણ એકાદ બે કલાકના વિચાર વિમર્સ બાદ સંતોએ મહારાજને પ્રાર્થના કરી કે, પ્રભુ ! અમારું કલ્યાણ તમે કાયમ ઈચ્છયું છે. તમારા સિવાય અમારુ કલ્યાણ કરનાર કોઈ નથી. પણ જો અમને ત્યાગીને ગાદી પર બેસાડશો તો અમારો ત્યાગ-વૈરાગ્ય સાધુતા સદ્ધર્મ એળે થઈ જશે. સત્તા ગાદી સાધુતામાં ભયંકર બાધારૂપ છે. હિમાલયને કૂદકો મારવો સહેલો છે, પણ ગાદી પર રહીને સાધુતા રાખવી કઠણ છે. સત્તા અને સાધુતાને સીધો વિરોધ છે. તમોએ અમને કેવા કેટલા કડક નિયમો આપ્યા છે, તેને અમે અણી શુદ્ધ પાળીએ છીએ પણ ગાદી મળતા જ પ્રસિદ્ધિ પૂજા-પ્રચાર ફોટાઓ સન્માન થવા લાગશે એટલે ગમે તેવા બહારના નિયમો પાળીશુ પણ સાધુપણું સંપૂર્ણ ખત્મ થઈ જશે. માટે મહારાજ ! અમને અને અમારી સાધુની રક્ષા કરવી હોય તો ગાદીના વારસદારમાંથી મુક્ત રાખજો. સેવા-સત્સંગ-એજ અમારુ આભૂષણ છે. પરંતુ મહારાજ અમારા સહુની મહેચ્છા છે કે, આપનું પવિત્ર ધર્મકુળ છપૈયાથી આવેલ છે. તે ગ્રહસ્થ હોવા છતાં અતિ પવિત્ર સાધુના જેવા ગુણો વાળા છે. તો જ્યારે પણ ગાદીના વારસદાર બનાવો ત્યારે ધર્મકુળનું સ્થાપન કરજો. અમને આજે પણ ધર્મકુળમાં તમારા દર્શન થાય છે. અમે તેઓને તમારી જેમ રાખીશું, પુજીશું, સંભાળીશું. જે ભક્ત તમારા ધામમાં આવવાની ઈચ્છા ધરાવશે તે તેમને માનશે, પૂજશે.

આટલી વાર્તા અસલાલીમાં બન્યા બાદ વડતાલમાં અમદાવાદ-વડતાલ ઉત્તર-દક્ષિણ નરનારાયણદેવ - લક્ષ્મીનારાયણદેવ વિભાગ કરી સંવત ૧૮૮૨ કારતક સુદ-૧૧ મંગલ દિવસે શ્રીજીમહારાજે સ્વહસ્તે અયોધ્યાપ્રસાદજીને નરનારાયણદેવ અને રઘુવીરજી મહારાજને વડતાલના આચાર્યપદે સ્થાપન કરી ધર્મધુરા સોંપી.

ધર્મકુળની પવિત્ર પરંપરાથી આજે કરોડો જીવોનું કલ્યાણ થાય છે. ભગવાન સ્વયં આચાર્ય દ્વારા વિચરણ કરતા પૂજન-સેવા-સત્સંગનો લાભ મળે છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રીહરિના

પવિત્ર પરંપરાના છઠ્ઠા વંશજ વિદ્યમાન છે. છેલ્લા પાંત્રીસ વર્ષ ગાદી પર પદારુઢ થયાં છતાં આજે પણ સ્વામિનારાયણ પ્રભુનું સતત વિચરણ એજ મંત્રને ચરિતાર્થ કરીને દેશ-વિદેશ-શહેરો ગામડાઓ હરિભક્તના ઘેર ઘરે પધરામણી કરીને હજારો સંતો-કરોડો સત્સંગીઓને રાજી રાજી કરી દીધા. પોતાના દેહની સુખ-સગવડ કે આહાર વિહારની ચિંતા કર્યા સિવાય જેમ સ્વામિનારાયણ ભગવાને જીવન સત્સંગને અર્થે સમર્પિત કર્યું હતું તેમ જ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવું સુખ આપી રહ્યા છે. એકપણ જીવને અભાવ ન આવે, એક જીવનું પણ કલ્યાણ ન બગડે તેવું ઝીણી દૃષ્ટિથી સતત જોતા જ રહ્યા છે. તેથી તો આપણા સંપ્રદાયમાં જે જાગૃતિ-વિકાસ-પ્રચાર જોઈ રહ્યા છીએ તે માત્ર આચાર્ય મહારાજશ્રીના જ સ્વયં પુરૂષાર્થનું પરિણામ છે.

કોટી કોટી ભક્તોના હૃદયમાં જેમનું સ્થાન છે અને કોટી કોટી ભક્તોને જેમને પોતાના હૃદયમાં રાખ્યા છે. તેવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે સાષ્ટાંગ દંડવત સહ વંદના.

"૧૦૮ શા માટે"

પાનાનં ૧૦નું અનુસંધાન

સત્વગુણાત્મક બાકીના રહેલા "૧૦૮" શ્વાસને જ ગ્રહણ કરે છે. ત્યારે પૂર્ણ સિદ્ધ યોગી કહેવાય છે. આવા સિદ્ધ યોગી પુરુષને '૧૦૮'ની શોભા યુક્ત સૂચવવા માટે "શ્રી ૧૦૮" નામની આગળ ઉપયોગ કરવાથી સો યોગીઓને સિદ્ધોને અને સર્વલોક સમુદાયને જ્ઞાન થાય છે કે આવા સમર્થ સિદ્ધ તપસ્વી, યોગી, જ્ઞાની મહાપુરુષની સાચી ઓળખાણ થાય છે.

આવા જ અનેક કારણોને ધ્યાનમાં રાખીને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના જ સાક્ષાત્ પુત્ર અને સર્વોપરિ શ્રીહરિના જ અપર સ્વરૂપ એવા પૂજય આચાર્ય મહારાજશ્રીને "શ્રી ૧૦૮"ની દિવ્ય અલૌકિક અને અર્થપૂર્ણ ઉપમાંથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ સત્સંગીઓ ઓળખે છે. અને જાણે છે. જે શ્રીજી મહારાજના સિદ્ધાન્ત પ્રમાણે યોગ્ય છે. અને સાર્થક પણ છે.



અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂ. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

ટ્રસ્ટ રજી. નાં. A ૨૩ કચ્છ.

-:- શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ -:-

FAX / 50131
50231-50331

SHREE SWAMINARAYAN TEMPLE

SWAMINARAYAN ROAD. BHUJ (KUTCH) 370001

卐 શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ – કચ્છ. 卐

તારીખ
DATE ૭/૫/૨૦૦૪

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય, ધર્મકુળ મુગટમણી, ધર્મભાસ્કર, ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ આપણો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવાયો એ કારણથી આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં ખુબજ ગૌરવવંતું વાતાવરણ સર્જાયું છે. અને આવા ઉત્સવો કરવાથી સત્સંગનો ખુબજ વિકાશ થાય છે. આ ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવવાનો વિચાર પૂજ્ય ભાવી આચાર્યશ્રી લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનેત. સંતોષયો કે અમદાવાદની ગાદી ઉપર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી આરંભીને પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ સુધી કોઈ પણ આચાર્ય ૬૦ વર્ષની ઉંમર સુધી પહોંચ્યા નથી. અત્યારે વિદ્યમાન આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧ મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. માટે એમનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ સર્વે સંત હરિભક્તોએ ખુબજ ઉદાર દિલથી ઉજવવો જોઈએ. અને એ ઉત્સવના પ્રમુખ સ્થાને પૂજ્ય લાલજી મહારાજ રહે એ યોગ્ય ગણાશે. એમ નક્કી કરી ઉત્સવ ઉજવાયો. એ ઉત્સવ એવો થયો કે ન ભૂતો ન ભવિષ્યતિ,

અને પૂજ્ય આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ જ્યારથી ગાદી ઉપર આવ્યા ત્યારથી આરંભીને આજ દિવસ સુધી સત્સંગને માટે અને હરિભક્તોને રાજી રાખવા માટે શરીરના દુઃખને નહિ ગણીને સત્સંગ સમાજને ખુબજ રાજી રાખેલ છે. ને સત્સંગનો વિકાશ કરેલ છે. હરિભક્તો જ્યારે કોઈ પણ પ્રસંગનું આમંત્રણ આપે ત્યારે ભલે જરૂર પધારશું પણ એમના મુખથી નાકારનો શબ્દ નીકળેલ નથી. આવા આચાર્ય મહારાજશ્રી આપણને મળ્યા છે. એ આપણાં અહો ભાગ્ય છે. અને એમની આજ્ઞામાં રહેવું એમાંજ આપણું કલ્યાણ છે. એવા આપણા પૂજ્ય આચાર્યશ્રી મહારાજને અમારા કોટી કોટી દંડવત પ્રણામ સહ જયશ્રી સ્વામિનારાયણ.

લી. પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજીના જય સ્વામિનારાયણ (મંદિર ભુજ)

પુરાણી ધર્મનંદનદાસજીના સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

।। तस्मै श्री गुरुवे नमः ।।

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (મહંતશ્રી નારાયણઘાટ)

"જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ....
આજ ધર્મવંશી ને દ્વારા નરનારી જેને જોઈએ..."

ધર્મવંશને સ્વયં પ્રભુ શ્રીહરિ એ પોતાનાં પ્રાગટ્ય સાથે જ એવો તો પ્રજ્જવલિત કર્યો કે આજ પર્યન્ત પૂર્ણ પ્રકાશે પ્રજલી રહ્યો છે. તેની જ્યોતિ દશે દિશાઓમાં સાતેય સાગર પાર કરીને નવખંડ ધરતીમાં જળહળી રહી છે. તે સમગ્ર પ્રકાશ પુંજનું ઉદ્‌ભવ સ્થાન છે. તેનો ધર્મકુળ મુગટમણી શ્રીહરિનાં સરતાજ અને છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ.

મુર્ધન્ય સાહિત્યકારોએ કહ્યું છે કે ।। पुणाः पुजास्थान पुणे सुखा नय लिद्र नय वयं ।। એટલે કે ગુણવાન પુરુષો માં રહેલા ગુણો જ તેમને પૂજવા યોગ્ય બનાવે છે. નહિં કે તેની જાતિ કે ઉંમર. આ શાસ્ત્રોક્ત જાણે કે આપણા લાડીલા અને પ્રાણ પ્યારા મહારાજશ્રી માટે જ તો લખાણી નહિ હોય ને ? તેઓશ્રી ધર્મધુરાને સંભાળી રહ્યાં છે. પરંતુ તેમને મન લેશમાત્ર ગર્વ કે ખુમારી નો વિષય નથી. પરંતુ ધગશ એટલી વેગવાન છે કે રાત દિવસ આ દેહની પરવા કર્યા



વગર સંતો હરિભક્તોને એવું તો પોષણ આપ્યું છે કે સૌ સહેજે, સહેજે ભગવાનનાં સુખમાં તલ્લીન રહ્યા કરે. ધર્મ નિયમ દૃઢ પણે પાળવાની પ્રેરણા તો નાનાં-મોટાં સૌની તેઓશ્રીના ધર્મપરાયણ વર્તનમાંથી જ મળી રહે છે. જ્ઞાન ગરીબાઈ તેઓશ્રીની નિશ્રામાંની પ્રતિભામાં છલકાઈ રહી છે. ત્યાગી ગૃહી સૌ સાથે સ્નેહાળ અને આત્મીયતા સભર વ્યવહાર થી સૌના પ્રાણોનાં પ્યારા આપ કોડીલા સૌના વ્યક્તિગત વ્હાલસોયા જીવનપ્રાણ બની ગયા છો. ધર્મની ગાદીના ગુરુ સ્થાને આરૂઢ થયા પછી પણ આજ સુધી કોઈ પાસે પોતાના માટે એક પણ રૂપિયાની માંગણી કરી નથી. લોભ અને લાલચ મહારાજશ્રીના જીવનની આસપાસ ફરકી શકી પણ નથી. કથા-વાર્તાનાં વ્યસનીઓમાં તો જાણે,

"શ્રુતવાનમાં સૌથી સરસ એવા સંતને નમું હું શીશ."


ઉત્તમ સારા સદ્‌ગુરુઓની કથા કે પારાયણ પ્રસંગે પોતે એકાગ્ર ચિત્તે રસપાન કરતા કદી થાક્યા નથી. વળી પારાયણમાં આયોજનોમાં પણ પોતે આગવો રસ લઈ અત્યંત પ્રોત્સાહન આપતા જણાય છે. મને પણ નાનપણથી એક જ વાત ધુંટાવ્યા કરતા હતા કે "ઘનશ્યામ કથા કરજો. પારાયણો કરવી છે. અને આગળ જતા ઉત્તમ વક્તા બની મોટી સભાઓ ગજવવાની છે." આવું તો મને વખતો વખત કહ્યા કરતા અને સાથો સાથ એમની આંખોમાંથી અંતરની અમીવર્ષા મારા ઉપર વર્ષાવી રહ્યાં હોય એમ ઘડી બે ઘડી મીટ માંડીને મારી સામું જોઈ રહેતાં ! મારૂં તો જાણે હૈયું ભરાઈ જતું ! સો સગી માતાઓનું વ્હાલ એક સાથે વરસી રહ્યું ન હોય ? એમ હું

(અનુસંધાન પાના નં.૨૫ઉપર)

દયા અને કરૂણામૂર્તિ આપણા આચાર્ય મહારાજશ્રી

- શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજી (મૂળી મંદિર સાયલા ગુરુકુળ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજને દત્તક લઈને અમદાવાદ નરનારાયણદેવ ગાદી સ્થાને સ્વહસ્તે સ્થાપિત કર્યા. ભગવાન સ્વામિનારાયણનાં દ્રઢા વંશજ વિદ્યમાન પરમ પૂજ્ય ધર્મધુરંધર શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ્યારે લાલજી સ્વરૂપે સત્સંગમાં વિચરતાં તે વખતનો એક પ્રસંગ વિશેષ યાદ આવે છે. સંવત ૨૦૨૪ની સાલમાં વઢવાણ તાલુકાનાં મૂળી દેશના ટીંબા ગામે ભાઈઓના સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. બાપજી પધારેલ અને તે પ્રસંગ પૂર્ણ કરીને બાજુના ગામ કે જે ભગવાન સ્વામિનારાયણે તે ગામની માટીથી સંતોને પોતાનાં કપડાં રંગવાની આજ્ઞા કરેલ. આવુ ભગવાન સ્વામિનારાયણના ચરણોથી પાવન થયેલું પ્રસાદીભૂત ગામ રામપુરાના ભક્તોનો પ્રેમ અને આગ્રહને વશ થઈને ભક્તોનાં દિલ અને આંગણા પાવન કરવા માટે પધારેલ. એ વખતે પૂ. મહારાજશ્રીનું સામૈયું કરવા માટે આખાયે ગામનાં ભક્તજનોનો સમૂહ ગામની ભાગોળે એકત્ર થયેલો. પૂજ્યપાદ્ શ્રી લાલજી મહારાજશ્રીની રાહ જોતાં ભક્ત સમુદાય ધુન કીર્તનની રમઝટ બોલાવતાં હતા. તે સમયે પૂજ્યપાદ્ મહારાજશ્રી પધાર્યા. તેમના સ્વાગત માટે ભક્તોએ બંદૂકોના અવાજ કર્યા. એ જ સમયે ભરવાડ વાસમાં ભરવાડણ બાઈ પોતાનાં નાના બાળકને પિત્તળની કાથરોટમાં સ્નાન કરાવતી હતી. બંદૂકનાં અવાજ થયા એ જ સમયે આ બાઈનાં ફળિયામાં તેજનો પ્રકાશ ફેલાઈ ગયો ! અને બાઈ અચંબામાં પડી ગઈ ! થોડી ક્ષણો પછી તેના બાળકને કાથરોટમાંથી બહાર લીધો અને જોયું તો કાથરોટમાં નાનાં નાનાં બે



ચરણારવિંદની છાપો દેખાઈ ! આ જોઈને બાઈ એકદમ વિમાસણમાં પડી ગઈ ! આ શું ? તે કાથરોટ લઈને ગામનાં મિસ્ત્રી પાસે ગઈ અને ઉપરની હકીકતો કહી સંભળાવી. આ વાત સાંભળીને મિસ્ત્રીને થયું કે આ બધું થઈ રહ્યું છે તેની તપાસ કરવી જોઈએ. અને મિસ્ત્રીએ લોખંડનો અથડો લઈને કાથરોટમાં રહેલા ચરણારવિંદ તેને ઘસવાનું શરૂ કર્યું. જેવું શરૂ કર્યું તેવું જ મિસ્ત્રનું શરીર કથળ્યું ! ઝાડા, ઉલ્ટી શરૂ થઈ ! ડૉકટર પાસે જઈને દવા કરાવી. છતાં પણ કોઈ પરિણામ ન મળ્યું. છેવટે ગામનાં ભક્તોને આ વાતની જાણ થઈ. ભક્તોએ આવીને કહ્યું, "તારે આમાંથી બહાર આવવું હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના અપર સ્વરૂપ પૂજ્યપાદ્શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના ચરણોમાં માફી માંગ અને તેમનો રાજીપો મેળવ.' અને જ્યારે આ મિસ્ત્રી મહારાજશ્રી પાસે જઈને ચરણોમાં ઢળી પડ્યો એ જ ક્ષણે તેનામાં સ્ફૂર્તિનો પ્રવાહ આવ્યો.

આ જ સમયનો એક પ્રસંગ મને યાદ આવે છે. રામપુરામાં એક જ દિવસે ૭૦૦ ભક્તોના ઘરે પધરામણી કરીને પોતાના ચરણકમળથી ભક્તોના આંગણા પાવન કરીને બીજે દિવસે મુળી તાલુકાના લીમલી ગામે જ્યાં ભગવાન સ્વામિનારાયણે બહેનોના વસ્ત્રો ધારણ કરીને એક વાઘરી હરિભક્તને રાજી કરેલ. એ ગામનાં ભક્તોને રાજી કરવા માટે પૂજ્યપાદ્ મહારાજશ્રી પધારેલા. એ વખતે આખાયે પ્રસંગનું સંચાલન કરનાર અ.નિ. શાસ્ત્રી સ્વામી કેશવજીવનદાસજી એટલે કે મારાં ગુરુને પાસે બોલાવીને કહ્યું "જે દરેક ભક્તોનાં ઘરે ઘરે પધરામણીનો કાર્યક્રમ રાખેલ છે. તે બંધ રાખીને એક જ જગ્યાએ સભાનું આયોજન કરો અને દરેક ભક્તોને લાભ આપીએ." આ સાંભળીને શાસ્ત્રી સ્વામીએ વિનંતી કરી કે "બાપજી દરેક ભક્તના ઘરે પધારીને દરેકનાં આંગણાં પાવન કરો બધાના અંતરની આવી ઈચ્છા છે.અને દરેક ભક્તોના ઘરે ઘરે તે અંગેની તૈયારી કરેલ છે." જે સ્વામીની વિનંતી

સાંભળીને પૂ. મહારાજશ્રીએ પોતાનો હાથ સ્વામીના શરીર સાથે અડાડ્યો. હાથ એટલો બધો ગરમ હતો કે જેની કલ્પના ન થઈ શકે ! આ છે તેમની શ્રીહરિ (તેમના દાદા)ના જેવી જ દયાળુતા ! મહારાજને સખત તાવ છતાં પણ ભક્તજનોના રાજીપાં માટે પોતાનાં શરીરની પણ પરવા કરી નથી.

મને વાત યાદ આવે છે કે ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે લિખિત શિક્ષાપત્રીને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં સર્વજીવ હિતાવહ મહોત્સવનું આયોજન મૂળીમાં કરેલ. આ મહોત્સવ શરૂ થતાં બીજા જ દિવસે એટલે કે ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ કુદરતી પ્રકોપ આ પૃથ્વી પર ભૂકંપના સ્વરૂપે આવેલ અને અનેક લોકો ઘરબાર વગરના થઈ ગયેલા. એ વખતે તરત જ પૂજ્ય મહારાજશ્રીએ આજ્ઞા કરેલ કે આ મહોત્સવને અન્નક્ષેત્રના સ્વરૂપમાં તબદીલ કરી નાખો. લોકોના ઘરે ઘરે જઈને જરૂરીયાત મંદોની જરૂરીયાત પૂર્ણ કરો. એ કાર્ય પુરુ થયું. છતાંય પણ એટલે થી પોતાને સંતોષ ન થતાં પોતે ભક્તજનોને આશ્વાસન આપવા માટે ગામોગામ ભક્તોના ઘર સુધી પધારેલાં. ભક્તોનું દુઃખ જોઈને પોતાનું હૃદય દ્રવી ઉઠ્યું ! જે આપણે પણ ન જોઈ શકીએ. ગામડાંથી પરત આવતાં રસ્તામાંજ બધી ગાડીઓ થંભાવીને એ જ વખતે આજ્ઞા કરી કે અમદાવાદ મંદિર અને મૂળી મંદિર તરફથી લોકોની જરૂરીયાત પ્રમાણે બાંધકામ કરી આપીને સમાજનાં દુઃખમાં સહભાગી થઈને આપણો ભાર ઓછો કરીએ. અને પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિર તરફથી અનેક સ્કુલો-મકાનોના નિર્માણ કરી આપ્યાં. તેવી જ રીતે મૂળી મંદિર તરફથી અનેક હરિ મંદિરોના નિર્માણ કરી આપ્યા. આ છે સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણનું અપર સ્વરૂપ અને દયાની મૂર્તિ આપણા આચાર્ય મહારાજશ્રી છે. આવાં અનેક પ્રસંગો અનુભવ્યા છે. જે વર્ણન કરીને પણ વર્ણવી ન શકાય.

તો આવો ભક્તો પૂજ્યપાદ્ મહારાજશ્રીનો રાજીપો મેળવીને આપણો છેલ્લો જન્મ સફળ કરી લઈએ.

॥ तस्मै श्री गुरुवे नमः ॥

(પાના નં. ૨૩નું અનુસંધાન)

બાપજીના ચરણ હૃદય થી પકડી લેતો ! મને તો શું પણ નાનાં મોટાં તમામ સંતોને આવાં જ અનુભવો કેટલીયવાર સાંપડ્યા હશે. કે આ માત્ર ધર્મના આચાર્ય કે ગાદીનાં ગુરુ જ નથી. પણ અમારા સૌના જીવનમાં જીવનાં સાચા બાપ છે. અમારા સર્વાંગી વિકાસની એમણે રાત-દિવસ ખેવના કરી છે. સૌના સાચા હિત ચિંતક છે. મંદિરોના ખાતમુહૂર્તો હોય કે પ્રતિષ્ઠાઓનાં મહોત્સવ હોય (પારાયણની આરતી ઉતારવાની હોય કે ઈન્ડસ્ટ્રીઝનું ઉદ્ઘાટન, ગુરુકુલો, દવાખાનાં, સદાવ્રતો હોય) કે બંગલાનું વાસ્તુ પૂજન હોય કે સભાઓનાં સમારંભો હોય, પરંતુ તેઓ ક્યારેય થાક્યા કે કંટાળ્યા નથી. કોઈપણ હરિભક્તને આજ સુધી પધરામણીની ના કહી નથી. ત્રણસો કરતાં વધુ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા તેઓશ્રીના હસ્તે થઈ ચુકી છે. પાંચસો (૫૦૦)થી વધારે કાંસામ્બર ધારી તપસ્વીઓને ત્યાગાશ્રમની દીક્ષા તેઓશ્રી આપી ચૂક્યા છે. છતાં પણ તેઓશ્રીનો પંથ વણ થંભ્યો છે. તેઓના કર કમળ સત્સંગના વિવિધ કાર્યો માટે વિવિધ ક્ષેત્રે કાર્યરત છે. તેઓશ્રીને મન અસહ્ય ભીડો એજ શ્રીહરિની સાચી સેવા છે. આબાલવૃદ્ધ, ત્યાગી, ગૃહી સર્વનાં અંતરનો અવાજ એકી સાથે કબુલ કરે છે કે આદિ આચાર્ય પ્રવરશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આજે આજ સ્વરૂપે ફરી સાંપડ્યા છે. સાચા અર્થમાં તેઓશ્રી સમગ્ર સત્સંગી સમાજના હૃદયનો ધબકારો બની ચૂક્યા છે. સૌના આત્માની આરત શ્રીહરિનાં પગ ભીંજવી પુકારી રહી છે, કે તમે નિશ તમે.

॥ सतम जीवो शरदः ॥

અમારા લાડીલા પૂ.તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ઉપર અમારું આયખું ઓળ-ધોળ કરી ઓવારી નાંખીએ. સાથો-સાથ આજે આપના ષષ્ઠીપૂર્તિ મહોત્સવે એટલી પ્રાર્થના કરીએ છીએ કે અમારી ઉપર સદાય દૃષ્ટિ રાખજો. અમો આપની આજ્ઞા બહાર ક્યારેય જઈશું નહીં અને મન કર્મ વચને આપની મરજી માં હોમાઈ જવા તેયાર રહીશું. અમારે મન તો સૂર્યનો પ્રકાશ છો ! અને ચંદ્રમાંની ટાઢક છો ! માટે અમારે મન તો

॥ तस्मै श्री गुरुवे नमः ॥

સમયના પાબંધ આપણા મહારાજશ્રી

- કોઠારી સત્યપ્રકાશદાસજી (અમદાવાદ)

શરદ પૂર્ણિમાના બાવળા મંદિરના દેવોના પાટોત્સવ પ્રસંગે ત્યાંના મહંત સ્વામીએ ભગવાનના અભિષેક માટે આમંત્રણ આપ્યું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કહે, "સ્વામી પૂનમ છે. અમદાવાદ મંદિરમાં હજારો ભક્તો દર્શનાર્થે આવતા હોય અમારે અમદાવાદ રોકાવું પડે !

સ્વામીએ વળી પ્રાર્થના કરી "બાપજી આપ કહો તે પ્રમાણે અભિષેક વહેલા ગોઠવી દઈએ." પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કહે "સ્વામી વહેલી સવારે ૫-૦૦ કલાકે અભિષેક શરૂ થાય અને ૬-૦૦ કલાકે ત્યાંથી રજા આપી દો તો આવી શકાય. બાવળાના મહંત સ્વામી સંમત થયા.

પૂ. બાપજીએ મને આજ્ઞા કરી કે "સ્વામી આપણે સવા ચાર વાગ્યે અમદાવાદથી નીકળી જવાનું છે."

પૂનમના દિવસે વહેલી સવારે અમારે સંતોને મંદિરથી નિકળતા દશ મિનિટ મોડુ થયુ ! અમો ખૂબ ઉતાવળથી ગાડીમાં પૂ. બાપજીના નિવાસ સ્થાને (વાડીએ) પહોંચ્યા. ત્યાં ગેટમેને જણાવ્યું, મહારાજશ્રી નીકળી ગયા. અમે બાવળાના રસ્તે ગાડી દોડાવી. અમારી ગાડીના ડ્રાઈવરે ૧૦૦ કી.મી.ની ઝડપે ગાડી દોડાવી બાવળા પહોંચ્યા ત્યાંતો પ.પૂ. મહારાજશ્રી તો હેતથી પ્રેમથી ભગવાનનો અભિષેક કરતા હતા !

પ્રેમથી - દર્શન કરીને બાવળા તથા દેશ-વિદેશના ભક્તો તથા અમને સૌને અનહદ આનંદ થયો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અભિષેક બાદ વસ્ત્ર પરિધાન કરીને સભામાં પધાર્યા. યજમાન હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કર્યું. સંતોએ પ્રવચન કર્યા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા. પૂ.

અમારી ગાડીના ડ્રાઈવરે ૧૦૦ કી.મી.ની ઝડપે ગાડી દોડાવી બાવળા પહોંચ્યા ત્યાંતો પ.પૂ. મહારાજશ્રી તો હેતથી પ્રેમથી ભગવાનનો અભિષેક કરતા હતા !

ધ્યાની સ્વામી, તથા મહંત સ્વામીની વિદાય લઈને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને અમે સૌ પૂ. બાપજીના નિયમ મુજબ જેતલપુર પધાર્યા. પરમકૃપાળુ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શન કર્યા. ત્યાં દર્શનાર્થે આવેલ અનંત ભક્તોમાં આનંદની લહેર છવાઈ ! પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ત્યાંથી અમદાવાદ મંદિરમાં પધાર્યા !

ભક્તો ! આ વાતનું રહસ્ય હવે આવે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પ્રતિદિન ૭-૪૫ કલાકે કાલુપુર મંદિરના સભામંડપમાં બિરાજતા હોય તે પ્રમાણે જ બાવળા પાટોત્સવ, જેતલપુર દર્શન કરીને ૭-૪૫ કલાકે પ.પૂ. મહારાજશ્રી અમદાવાદ દૈનિક ક્રમ પ્રમાણે પધારી ગયા. પૂનમના દર્શનાર્થે આવેલ ભક્તો આનંદિત થઈ ગયા !

કેટલી સમય સૂચકતા !

ભક્તો ! વિચાર કરો ! પ.પૂ. મહારાજશ્રી કેટલા વાગ્યે જાગ્યા હશે ! સ્નાન પૂજા-પાઠ કરીને બાવળા નિર્ધારિત સમયે પહોંચી ગયા !

ભક્તો ! મારા તો અહોભાગ્ય કે મને પૂ. બાપજીની સેવા પ્રાપ્ત થઈ ! કાયમ અમદાવાદ હોય કે બહારગામના પ્રવાસે હોઈએ પ્રાતઃ પૂજામાં પૂ. મહારાજશ્રી ક્યારેય ઉતાવળ ન કરે ! મારે કે તમારે ઘણીવખત ઉતાવળ થતી હોય પણ પૂ. મહારાજશ્રી સાથે વારંવાર પ્રવાસે હોઈએ ત્યાં ક્યારેય ઉતાવળ દેખાઈ નથી !

કેટલા સંતો-ભક્તો ભગવાનને રાજી કરવાની ખેવના !

૬૦માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે આવા દયાળુ પરમ ઉપકારી શ્રીહરિના અપર સ્વરૂપ આપણા સૌના ગુરુવર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને કોટી કોટી વંદન.

ધર્મવંશી ધર્માચાર્યના ષષ્ઠી પૂર્તિ મહોત્સવની સેવામાંથી પ્રગટશે "મોક્ષામૃત"

શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (શ્રી સહજાનંદ ગુરૂકુળ - વડનગર)

વ્હાલા સત્સંગી બંધુઓ ! છેલ્લા એકાદ વર્ષથી અહીં તહીં સર્વત્ર એક જ ઉત્સાહ અને આનંદથી વાતો વહેતી અને તેની તડામાર તૈયારીઓ માટે, સમર્પિત થઇ જવા માટે, તન-મન અને ધન જેવા નાશવંત પદાર્થો દ્વારા અવિનાશી અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા લાખ્ખો ભક્તજનો કટિબધ્ધ હતા, તે મહા મહોત્સવ હતો આપણા સૌના લાડીલા શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ ધર્મવંશી ધર્માચાર્ય, ધર્મચૂડામણિ, ધર્મભાસ્કર પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો "ષષ્ઠી પૂર્તિ મહોત્સવ".

તા. ૨ એપ્રિલ ૦૪ થી તા. ૮ એપ્રિલ ૦૪ સુધી અમદાવાદના આંગણે આપણા ભાવિ આચાર્ય શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમા વંશજ પ.પૂ.લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના અધ્યક્ષ પદે અને સીધી દેખરેખ નીચે સંતો-મહંતો અને ભક્તજનોના સાથ-સહકારથી દબદબાપૂર્વક આ પરમ શ્રેયસ્કારી મોક્ષામૃત ષષ્ઠી પૂર્તિ મહામહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થયો.

આ મહા મહોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના આદેશ અને આજ્ઞા માથે ચઢાવી સંતો અને ભક્તો ગુરૂઋણમાંથી મુક્ત થયા મન સાથે તન અને તન સાથે ધન તેમજ ગુરુ પ્રત્યેની નિષ્ઠા-વફાદારી-કર્તવ્ય અને ભાવના સભર શક્તિને સમર્પિત કરી ષષ્ઠી પૂર્તિ મહોત્સવને વિશ્વના ખૂણે ખૂણે પ્રસારીત કર્યો. એ ધન્ય ઘડીને ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિ કેમ વિસરી શકે ? સંપૂર્ણ સમર્પણ કરનાર ભક્તના બધાં જ કર્મોની જવાબદારી શ્રીહરિ પોતાના શિરે લેતા હોય છે.

ષષ્ઠી પૂર્તિ જેવા ગુરુઋણના મહોત્સવમાં તો કોણ સહભાગી ન થઇ શકે ? થાય જ. કારણ ત્રિલોકીમાં આવા પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવ, શ્રીજી મહારાજ સંસ્થાપિત ધર્મવંશી ધર્માચાર્ય પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી તથા બાળલાલજી પૂ.શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા અ.સૌ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂ. માતુશ્રી તેમજ અ.સૌ. પૂ.વહુજી મહારાજ અને અ.સૌ. પૂ. બિન્દુરાજા જેવા શ્રીજી મહારાજના સીધા સંબંધીના શુભાશીર્વાદ લેવા કોને ન ગમે ? દુર્ભાગી હોય તે જ આવા અલૌકિક લાભથી વંચિત રહી જાય.

સજ્જનો ! "મહાભારતનું યુધ્ધ પુરૂ થયા પછી શ્રીકૃષ્ણ અર્જુનને રથમાંથી નીચે ઊતરવાનો આદેશ આપે છે. અર્જુન કહે છે, "પ્રભો ! પહેલા આપ ઊતરો પછી હું ઊતરૂં છું. પરંતુ શ્રી કૃષ્ણ આગ્રહ પૂર્વક અર્જુનને જ પ્રથમ ઊતારે છે ત્યારબાદ પોતે ઊતરે છે. શ્રી કૃષ્ણના નીચે ઊતરતાં જ રથ બળીને ભસ્મ થઇ ગયો. અર્જુનને ખ્યાલ આવી ગયો કે પ્રભુ પહેલા ઊતર્યા હોત તો પોતે રથની જોડે બળીને ભસ્મ થઈ જાત. અનેક પ્રકારના અસ્ત્ર-શસ્ત્રોની આગને શ્રી કૃષ્ણે પોતાના યોગબળ તેમજ તપોબળથી ઝીલી રાખી હતી.

એ જ પ્રમાણે આપણા જીવનરથ પર જ્યાં સુધી આપણા ધર્મગુરૂ ધર્મવંશી ધર્માચાર્યની અમીદ્રષ્ટિ અને શુભાશીર્વાદ વરસી રહ્યા છે ત્યાં સુધી નિરાંત છે, પણ જે દિવસે એમની અમીદ્રષ્ટિ જીવનરથ ઉપરથી જીવાત્મા ઉતારી નાખવાની ભૂલ કરશે તો સમજી લ્યો કે તે જીવનભર બળતો જ રહે છે.

ઇષ્ટદેવ શ્રીહરિ, ધર્મગુરૂ અને સંતો સત્સંગીઓનો રાજીપો કેમ મેળવવો તેતો શ્રી હરિએ 'વચનામૃત' જેવા ગહન અને મોક્ષકારી ગ્રંથમાં સ્વમુખે સ્પષ્ટ કહ્યું છે. ભગવાનનો જે દ્રઢ આસરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે. આપણા ધર્મગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને પણ 'એક ભગવાનના દ્રઢ આશરા" વાળો સત્સંગી જીવ ખૂબ ગમે છે અને તેઓ તે હરિભક્ત ઉપર ખૂબ રાજી હોય છે. બસ, એમનો રાજીપો મળ્યો પછીતો શું જોઇએ ?

સજ્જનો ! ષષ્ઠી પૂર્તિ મહોત્સવ

એમનો રાજીપો પ્રાપ્ત કરી મોક્ષામૃત મેળવવાનો અવસર હતો. વચનામૃતમાં પણ ભગવાન શ્રીહરિ ગુરુ પરેપરા જાણવાની વાતને સમર્થન આપતાં વડતાલ પ્રકરણના ૧૮ માં વચનામૃતમાં કહે છે.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ તમે સર્વે મોટા મોટા પરમહંસો છો તે તમને અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ? તેમ જે તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કાંઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ? એમ પ્રશ્ન પૂછીને પછી પોતે બોલ્યા જે, "લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ. જે, એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણી જોઈએ તથા બીજી ગુરુ પરંપરા જાણી જોઈએ. કેવી રીતે ? તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામી રૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્રમાં સાક્ષાત્ રામાનુજાચાર્યે થકી વેષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે. ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુ પરંપરા જાણવી.

અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી. (વચ. વ. ૧૮.)

સજ્જનો ! શ્રીજી મહારાજે "ધર્મરક્ષણ હેતવે" ત્યાગીગૃહી સૌના ગુરૂપદે અમદાવાદ શ્રી નરનારાયણ દેવની ગાદી ઉપર પોતાના જ ભાઈ શ્રી રામપ્રતાપજીના પુત્ર શ્રી અયોધ્યા પ્રસાદજીને દત્તકપુત્ર તરીકે લઈ આચાર્ય તરીકે સ્થાપન કરી સત્સંગની સઘળી જવાબદારી તેઓને સોંપી. એ જ પ્રમાણે શ્રી નરનારાયણ દેવની ગાદી ઉપર ઉત્તરોત્તર શ્રી હરિના વંશજ તરીકે ધર્માચાર્ય આરૂઢ થયા. વર્તમાન આચાર્ય તરીકે શ્રી સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ સનાતન, ધર્મધુરંધર, ધર્મ ચૂડામણિ, ધર્મ ભાસ્કર, વિશ્વવંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ગાદી શોભાવી આ કળિકાળમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો દિવ્ય સંદેશ "સર્વ જીવ હિતાવહ" વિશ્વનાં ખૂણે ખૂણે પ્રસરાવી પામર જીવોને મોક્ષભાગી બનાવી રહ્યા છે.

શાસ્ત્રોમાં સંતોએ સાચેજ કહ્યું છે કે, "ગુરૂ પ્રત્યે પ્રેમ એ તો અખંડિત વહેતો સમુદ્ર છે." જીવનમાં ગુરુનું મહત્વ અનેરું, અનોખું અને અદ્વિતીય છે. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં ગુરુની આવશ્યકતા સ્વીકારી લેવી જોઈએ, અને હા ! ભક્તજનો ! આપણે તો ગુરુની શોધ કરવાની જરૂર જ નથી. આપણને તો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ગુરુ તરીકે ધર્મવંશી ધર્માચાર્ય પહેલેથી જ આપ્યા છે. અને આ વાત શિક્ષાપત્રી-વચનામૃત નિષ્કુળાનંદકાવ્ય, શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીમદ્ સત્સંગિભૂષણ જેવા સંદ્ગ્રંથોમાં પણ પહેલેથી જ લખાયેલી છે.

ગુરુ વગર આ ભવસાગરને કોઈ પાર કરી શકતું નથી. વ્યક્તિ ગમે તેટલી સમર્થ હોય, બ્રહ્મતુલ્ય હોય તો પણ તેને ગુરુ તો કરવા જ પડે છે. અને ગુરુની આજ્ઞા ભક્તિ પ્રમાણે જીવનનું મૂલ્ય સમજવું પડે છે.

સજ્જનો ! આપણને પણ વચનામૃત, શિક્ષાપત્રીમાં આલેખાયેલ શ્રીહરિની વાણી દ્વારા સ્પષ્ટ નિર્દેશ મળે છે કે, જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલ દેવ હોય, ધર્મવંશી ધર્માચાર્ય હોય અને એમના આપણે આશ્રિત હોઈએ તો મોક્ષનાં દ્વાર સદાય આપણા માટે ખુલ્લા જ છે ખુલ્લા જ છે.

શ્રીકૃષ્ણે સુદામાને માર્ગદર્શન આપતાં કહ્યું હતું કે, "સમાજ કોઈ કાળે ખરાબ હોતો નથી. સાચી વસ્તુઓ માટે રસ ધરાવનારા લોકો સર્વ કાળે હોય છે જ. માત્ર તેમને સારી અને સાચી વાતની ખબર પડવી જોઈએ. તારા શૈક્ષણિક પ્રયોગોથી સમાજ અનભિજ્ઞ છે. તેથી તું જેમ જ્ઞાનદાનનું કામ આશ્રમમાં કરે છે તેમ સદ્ વિચારનો પ્રચાર સમાજમાં પણ કર. તારા વિચારોથી વાકેફ થયા પછી સમાજ તારા જ્ઞાનને વિરદાવશે. સુદામાએ તે પ્રમાણે કર્યું, પરિણામે સુદામા ભારત વર્ષના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે આજે પણ પ્રેરણાનું ઝરણુ બની વહી રહ્યાં છે. આ છે ગુરુસેવામાંથી પ્રગટેલી અખંડ મૈત્રીનું અમૃત.

સજ્જનો ! આપણે પણ આપણા ધર્મવંશી ગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને તેમની સેવા સ્વીકારી સાચા અર્થમાં શ્રીહરિના અનન્ય આશ્રિત થઈશું તો આપણને પણ ગુરુસેવા દ્વારા જીવનની અંતિમ ક્ષણે "મોક્ષામૃત" પ્રાપ્ત થશે જ. એમાં કોઈ સંશય નથી.



"ષષ્ઠીપૂર્તિ મહા મહોત્સવ"

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા, હીરાવાડી-બાપુનગર

પ્રસ્તાવના :

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુ જીવોના આત્યંતિક કલ્યાણ માટે પોતાના સ્થાને રહીને સનાતન ધર્મ વેદોક્ત ધર્મધુરા સંભાળવા માટે કલકતાથી દ્વારકા રેખા દોરીને ભરતખંડના સત્સંગના પ્રસાર માટે ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગ કરી, ઉત્તરનું પીઠ સ્થાન (ગાદી) અમદાવાદ - કાલુપુર મંદિર તથા દક્ષિણનું પીઠ સ્થાન (ગાદી) વડતાલ મંદિર નિશ્ચિત કરી ધર્મદેવના વંશમાંથી પોતાના બે ભત્રીજાઓને વેદોક્ત વિધિ અનુસાર દત્તપુત્રો તરીકે સ્વીકારી બે આચાર્ય કર્યા છે. શ્રીજીમહારાજે આ કળિયુગના ખારા પાટમાં મીઠી વીરડી સમાન છ અંગ વાળો સત્સંગ સ્થાપ્યો છે. મંદિર, દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર અને હરિભક્ત. શ્રીજીમહારાજે સ્થાપેલા દેવ, આચાર્ય, સંત (ધર્મવંશી આચાર્ય દ્વારા દીક્ષીત) અને શાસ્ત્રો એમ ચાર સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે કળિયુગમાં પણ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ બિરાજે છે. નારદમુનિએ છપૈયામાં ઘનશ્યામ મહારાજ સમક્ષ પ્રગટ થઈને જાહેરમાં શ્રીહરિના પ્રાગટ્યથી આરંભી, અંતર્ધ્યાન પર્યંત તમામ ચરિત્રોનું અને આચાર્યપદનું વીણાના સુમધુર ધ્વનિ સાથે કાવ્યાત્મક ગાન કરેલું. ધર્મદેવે પણ અંત સમયે આ વાતની સ્પષ્ટ આગાહી કરેલી. તે મુજબ શ્રીજીમહારાજે વડતાલમાં બિરાજમાન થઈને જાહેર સભામાં પોતાના કુળમાં 'આચાર્યપદ' સ્થાપન કર્યું છે. કળિયુગમાં ધર્મની મર્યાદા અને શુધ્ધિ ત્યારેજ જળવાય જ્યારે પુરુષના ગુરુ પુરુષ હોય અને સ્ત્રીના ગુરુ સ્ત્રી હોય અને તે માટે સ્વયં શ્રીજીમહારાજે આચાર્યશ્રીને સત્સંગીના ગુરુ અને સંપ્રદાયના સર્વોચ્ચ વડા તરીકે સ્થાપિત કર્યા છે. તેઓશ્રીના પત્નિ 'ગાદીવાળા' ની સંજ્ઞાથી ઓળખાય છે. તેઓ ત્યાગી અને ગૃહી તમામ સત્સંગી બહેનોના ગુરુ છે.

આચાર્યશ્રીની વિશિષ્ટતા :

શ્રીજીમહારાજે આચાર્યશ્રીમાં પોતાનું તેજ મૂકેલું છે. શ્રીજી મહારાજ આચાર્યશ્રીમાં પ્રત્યક્ષ રહેલા છે. તેથી જ તો આચાર્યશ્રીએ શ્રીજી મહારાજનું 'અપર સ્વરૂપ' છે.

અમે એમાં એ છે અમમાંઈ રે,
એમ સમઝો સહુ બાઈ ભાઈ રે ॥
એથી અમે અળગા ન રૈયે રે,
એમાં રહિને દર્શન દૈયે રે ॥૧૪॥
એમ સમઝો સહુ સુજાણ રે,
અમ વિના ન હોય કલ્યાણ રે ॥
ધર્મવંશી આચારજ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાય રે ॥૧૭॥
(પુ.પ્ર.૪૦)

નિષ્કુળાનંદ કાવ્યના પુરુષોત્તમ પ્રકાશ પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ કુલ ૬ પૃષ્ઠમાં ધર્મવંશી આચાર્યનો મહિમા વર્ણવ્યો છે. શ્રીજી મહારાજ ધર્મવંશી આચાર્યશ્રીનો મહિમા વર્ણવતા કહે છે.

ધર્મવંશી આચાર્યશ્રીને શ્રીજી મહારાજે ત્રણ અધિકારો આપેલા છે. (૧) મૂર્તિ પ્રતિષ્ઠા કરવી (૨) ત્યાગીને સાધુની દીક્ષા આપવી (૩) ગૃહસ્થને 'સત્સંગી' તરીકેની ભાગવતી દીક્ષા આપવી.

શિ. શ્લોક નં. ૬૨ મુજબ ધર્મવંશી આચાર્યશ્રી ભગવદ્સ્વરૂપોની મૂર્તિ પ્રતિષ્ઠા કરે તો જ તે મૂર્તિ સેવવા યોગ્ય થાય છે. સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણ મુજબ આચાર્યશ્રી જો ત્યાગી વર્ગને ભગવું વસ્ત્ર ઓઢાડે, કાનમાં મહામંત્ર પ્રદાન કરે તો જ તે 'સ્વામિનારાયણના સંત' કહેવાય છે. તેવી જ રીતે આશ્રિત ગૃહસ્થને શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષરમંત્ર (ગુરુમંત્ર)

પ્રદાન કરે તો જ તે સત્સંગીની સંજ્ઞાને પામે છે. જગતમાં કેટલાંક અજ્ઞાની મનુષ્યો કહે છે કે અમે સ્વામિનારાયણને માનીએ છીએ પણ આચાર્યશ્રીને માનતા નથી. હકીકતમાં આવા મનુષ્યો વચન દ્રોહી છે. કારણ કે જે સ્વામિનારાયણને માને તે સ્વામિનારાયણના શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામૃત આદિક વચનોને માને જ ! આવા મનુષ્યો ધર્મનો ડોળ જ કરતા હોય છે.

<u>વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી :</u>

શ્રીહરિના છઠ્ઠા વંશજ અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વિશે એક - બે પૃષ્ઠમાં લખવું શક્ય નથી. કોઈ તેઓશ્રીને હાલતા ચાલતા બોલતા ભગવાન એવું. બિરુદ આપે છે. અમેરીકાનો કોઈ નાનો ટાબરીયો તેઓશ્રીના દર્શન માત્રથી પોતાના સાથીદાર બાળકોને કહે છે કે "He is Indian God !" કોઈ જૈન કે ઈસ્લામ ધર્મી કહે છે કે 'તમારા ગુરુને અમે એક વાર જોયા છે. પરંતુ તેઓના મુખારવિંદ પરનું તેજ અમને ભૂલાતું નથી ! અમદાવાદના એક સાઉથના નામાંકિત સર્જન ડૉકટર (M.D.) એક હરિભક્તને જો એમ કહેતા હોય કે તમારા ગાદીપતિ ધર્મના વડાના શ્રધ્ધાપૂર્વક આશીર્વાદ મેળવો તો મારી દવા કે ટ્રીટમેન્ટની જરૂર નહીં પડે. આ ડૉકટરે ફક્ત એકવાર પ.પૂ. મહારાજશ્રીના દર્શન કર્યા છે છતાં તેમને પ.પૂ. મહારાજશ્રી માટે કેટલો આદર અને માન છે. આવા તો અનેક પ્રસંગો બને છે. સેવકથી માંડીને શેઠ કે સાહેબ સૌ એમ કહે કે, તેઓ તો ભગવાનના અવતાર જેવા છે, કોઈ કહે કે તેઓ તો ભગવાનનો અવતાર છે !

હું માનું છે કે ઉપરના એક પરેગ્રાફમાં પી.એચ.ડી. થવા માટે થીસીસ લખી શકાય ! કળિયુગમાં શ્રીજી મહારાજનું સુખ લેવું હોય તો તેમના સ્થાને બિરાજમાન વિદ્યમાન પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા મળી શકે છે. તેઓશ્રીના સદ્‌ગુણો, કાર્યો, રસ વગેરે જાણવા માટે જેમ સ્વામિનારાયણ ભગવાનના દર્શન માત્રથી લોકો 'સત્સંગી' થતા તેમ આજે પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દર્શન માત્રથી પણ લોકો સત્સંગી થાય છે.

તેઓશ્રીના આશીર્વાદથી લોકો આધિ, વ્યાધિ ઉપાધી એમ ત્રિવિધ તાપમાંથી મૂકાયા છે. એ સુવિદિત છે કે તેઓશ્રીની પ્રાર્થના-આશીર્વાદથી 'નર્મદા વિકાસ યોજના' આડેના તમામ અવરોધો દૂર થઈને સરદાર સરોવર ડેમની ૧૧૦ ફૂટની ઉંચાઈને સુપ્રિમ કોર્ટે બહાલી આપી છે.

વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીના શાસન કાળમાં અસંખ્ય શિખરબધ્ધ મંદિરો તથા હરિમંદિરોનું નિર્માણ થયું છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મચ્છુ હોનારત, કારગીલ, ધરતીકંપ જેવી કુદરતી હોનારતોમાં વિશાળ ફલક પર સમાજસેવા થઈ છે. તેઓશ્રીએ સ્થાપેલ I.S.S.O. (International Swaminarayan Satsang Organsieation)ના માધ્યમથી યુ.કે.ના લેસ્ટર, સ્ટ્રેધામ, બ્રાઈટન અને ન્યુજર્સી, બોસ્ટન, યુ.એસ.એ.ના સાન્ફ્રાન્સિકો, કેલિફોર્નિયા, હ્યુસ્ટન, ટેકસાસ, શિકાગો, લોંસ એંજલસ, વોશિંગ્ટન, સ્વીડન અને ઓસ્ટ્રેલીયાના સીડની, ન્યુઝીલેન્ડ, ટોરોન્ટો તથા દારેસલામ ટ્રાંઝાનીયા, પૂર્વ આફ્રિકા અને ખાડીના દેશોમાં સત્સંગ ફાલ્યો ફુલ્યો છે. વિદેશમાં બહોળો સત્સંગ ફેલાવવામાં પરંપરાના આચાર્યશ્રીમાં સૌ પ્રથમ યશ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ફાળે જાય છે. પ.પૂ. મહારાજશ્રીએ સત્સંગ પ્રસાર માટે, કરોડો મનુષ્યોને ધર્માભિમુખ કરી ભગવાન સાથે જોડવા માટે પોતાના જીવન કાળ દરમિયાન રાત્રિ દિવસ, ટાઢ, તડકો, વરસાદ ને અવગણીને લાખો કિલોમીટરની મુસાફરી કરી છે. નાના હરિભક્તના ઘરથી માંડી રાષ્ટ્રપતિ ભવન સુધી પોતાના પુનિત પગલા પાડ્યા છે. વિદેશની અનેક નામાંકિત રાજકીય, સામાજિક વ્યક્તિઓએ મહારાજશ્રીના દર્શનથી પ્રભાવીત થયા છે. આચાર્ય પરંપરામાં પોતાના જીવનકાળના જેઓએ ૬૦ વર્ષ પરિપૂર્ણ કર્યા હોય તેવા પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સૌ પ્રથમ

આચાર્યશ્રી છે. અને તેથી આ બૃહદ્ સંપ્રદાયમાં આ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ એ પહેલો પ્રસંગ છે.

<u>સત્સંગ સમાજનો સંકલ્પ અને પૂ. મહારાજશ્રીની અનુમતિ .</u>

આપણા હૃદય સમ્રાટ વિશ્વ વંદનીય પ.પૂ. મહારાજશ્રી જ્યારે પોતાના જીવનકાળના ૬૦માં વર્ષમા પ્રવેશવાની નજીક પહોંચ્યા, ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. મહંત સ્વામી તથા સમગ્ર સંત સત્સંગ સમાજને એવી લાગણી થઈ કે, આપણાં સૌના મહામુલા રત્ન સમાન, આપણાં જીવનને ધર્મ ભક્તિ અને પ્રેમથી તરબોળ કરનાર, પ.પૂ. મહારાજશ્રી જ્યારે પોતાના પવિત્ર ધર્મપરાયાણ અને લોકભિમુખ જીવનના ૬૦ વર્ષ અને આચાર્યપદના ૩૫ વર્ષ પરિપૂર્ણ કરે છે. ત્યારે સત્સંગે ગુરુઋણ મુક્તિ અર્થે અને તેઓશ્રીને ગમતી ધાર્મિક, સામાજિક, પ્રવૃતિ માટે કંઈક વિશેષ ઉત્સવ સમૈયાનું આયોજન કરવાનો સંકલ્પ કર્યો.

આપણા પ.પૂ. મહારાજશ્રી પણ અત્યંત ઉત્સવ પ્રિય છે. તેઓશ્રીની નિશ્રામાં અધ્યક્ષતામાં દ્વિશતાબ્દી મહોત્સવ, રજત સુવર્ણ જયંતી મહોત્સવ, શતામૃત પાટોત્સવ વગેરે અસંખ્ય ચિરઃસ્મરણીય મોટા મોટા ઉત્સવ સમૈયાઓ યોજાયા છે. પોતાના નામને નિમિત્ત બનાવીને પણ જો ઉત્સવ સમૈયામાં ધાર્મિક કાર્યક્રમો દ્વારા લાખો જીવોનું કલ્યાણ થતું હોય તો મહારાજશ્રી હરહંમેશ તૈયાર હોવાથી આ ઉત્સવને પોતાનો વ્યક્તિગત ઉત્સવ ન માનતા, આચાર્યપદનો ઉત્સવ સમજીને અનુમતિ આપતા સંત હરિભક્તોને જણાવ્યું કે "ઉત્સવની સ્મૃતિરૂપ જે ફંડ ઉભું થાય તેનો ઉપયોગ સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુઓનુ મ્યુઝીયમ બનાવવામાં થાય તેવી અમારી ઈચ્છા છે. કેટલી ઉદાત્તભાવના ! ભગવાનના પુત્ર સિવાય આવી ચિંતા કોને હોય ?

આદિકાળથી અત્યાર સુધીના ઈતિહાસમાં ભગવાનના કોઈ અવતારના ઉપયોગમાં સ્પર્શ થયેલી ભગવાનની પ્રસાદીની વસ્તુઓની ક્યાંય જાળવણી થયેલી જોવામાં આવી નથી. સ્વામિનારાયણ ભગવાન એક એવા છે કે જેના ઉપયોગમાં તેઓને સ્પર્શ થયેલી વસ્તુઓ જેવી કે પથ્થર, કાગળ, પુસ્તક, માળા, મૂર્તિ, વાસણ, રથ, ઢોલિયો, વસ્ત્ર, રજાઈ વગેરે અનેકાનેક પ્રસાદીની વસ્તુઓ મંદિરોમાં, સંતો-હરિભક્તોના પરિવારોમાં તથા પ.પૂ. મહારાજશ્રી પાસે સચવાઈ રહેલી છે. આ બધી પ્રસાદીની વસ્તુઓ કાળક્રમે ખોવાઈ ન જાય, નાશ ન પામે, ચોરાઈ ન જાય અને યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે પ.પૂ. મહારાજશ્રી શ્રીહરિના છઠ્ઠા વંશજ સત્સંગ સમાજ સમક્ષ દિવ્ય અલૌકિક અને સંગ્રહિત વસ્તુઓનું દાન માંગી રહ્યા છે. અને તેનું પોતે દેશ-વિદેશની ધર્મ તથા કલા-શિલ્પ પ્રેમી જનતા ને - ટુરિસ્ટોને દર્શન ઉપયોગી થાય તે હેતુથી આગામી ટૂંક સમયમાં શાંત, રમણીય સુંદર વિસ્તારમાં વર્ષો સુધી વૈજ્ઞાનિક ઢબે પ્રસાદીની વસ્તુઓ જળવાઈ રહે તેવું શ્રી સ્વામિનારાયણ મ્યુઝીયમ નિર્માણ કરાવવા ઈચ્છે છે. તો આમા તન, મન, ધનથી આપણે સૌ જોડાઈએ એ પણ સત્સંગની સેવા કરી ગણાશે. કારણ કે જે કોઈ પ્રવાસી આ પ્રસાદીની વસ્તુઓનું દર્શન કરશે, તે સત્સંગી નહીં હોય તો પણ દર્શનના પુણ્યથી બીજા જન્મમાં સત્સંગી થશે અને સત્સંગી હશે તો પ્રસાદીની વસ્તુઓનો સાચો મહિમા સમજી ભગવાન તથા ભગવાનને સંબંધ પામેલી વસ્તુઓનું સ્મરણ કરી અંતકાળે અક્ષરધામને પામશે.

<u>પુરું એક વર્ષ સતત ચાલેલો સત્સંગ-સેવા મહોત્સવ :</u>

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની જો કોઈ મોટામાં મોટી વિશિષ્ટતા હોય તો એ છે કે આ સત્સંગ સેવા મહોત્સવ સંવત ૨૦૫૯ના ચૈત્ર વદ-૩ થી સંવત ૨૦૬૦ ચૈત્ર વદ-૩ સુધી પૂરા એક વર્ષ પ્રતિદિન અને પ્રતિપળ ઉજવાયો. માટે તા. ૨-૪-૨૦૦૪ થી તા. ૮-૪-૨૦૦૪ દરમિયાન જે મહામહોત્સવ યોજાવાનો હતો તેની સફળતા માટે, તેમજ દરેક ક્ષેત્રે શાંતિ, પ્રેમ, ધાર્મિક-સામાજિક સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે સંતો હરિભક્તો દ્વારા સવિશેષ ભજન ભક્તિ અને સેવા કાર્ય થતા રહ્યા. શ્રી સહજાનંદસ્વામીના સ્વામિનારાયણ

ધર્મનો સર્વજીવ હિતાવહ સંદેશ દેશ-વિદેશમાં પાંગરે તે માટે સમાન અને સુસંગત વિચારધારાવાળા ઉત્સાહી અને ઉદ્યમી સંત હરિભક્તો પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતા તળે એકત્ર થઈ તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ, સત્સંગ અને સામાજિક સેવાના



વિવિધ કાર્યક્રમો યોજાતા રહ્યા.

ઉપરોક્ત કાર્યક્રમો તળે અસંખ્ય ગામો તથા હજારો મંદિરોમાં ૬૦ કલાકની અખંડ સ્વામિનારાયણ મહામંત્રના ધૂન્ય થઈ, માળા તથા મંત્ર લેખન દ્વારા સ્વામિનારાયણ મહામંત્રનો સાઈઠ અબજ થી વધુ મંત્ર જાપ થયો. મંગલ સ્તોત્ર, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર, નારાયણ કવચ, વિષ્ણુ ગાયત્રી મંત્ર, અષ્ટક્ષરમંત્ર, મહામંત્ર અને દ્વાદશાક્ષર મંત્ર ના પાઠ કરોડોની સંખ્યામાં વ્યક્તિગત અને સમૂહરૂપે વર્ષભર થતાં રહ્યાં. આ ઉપરાંત ધાર્મિક પ્રવૃતિમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને માન્ય કરેલ સત્શાસ્ત્રો તથા સંપ્રદાયના નંદસંતો રચિત શાસ્ત્રો સત્સંગિભૂષણ, સત્સંગિજીવન વગેરે શાસ્ત્રોની પારાયણો તથા સંહિતાપાઠ થયા. હજારો સત્સંગીઓએ વિશેષ નિયમથી પૂરા એક વર્ષ માટે ભગવાનના મંદિરમાં પ્રદક્ષિણા કરી, દંડવત પ્રણામ કર્યા. જનમંગલ નામાવલીના પાઠ કર્યા, સ્વામિનારાયણ, મહામંત્રની માળા કરી, હનુમાનચાલીસાના પાઠ કર્યા અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમૂહ મહાપૂજાના હજારો આયોજનો થયા. અનેક મંદિરમાં યુવા અને મહિલા શિબિરો અને શાકોત્સવ થયા. પદયાત્રાઓ કરીને મહામંદિરોમાં ઠાકોરજીના દર્શન કર્યા. સત્સંગ સભાઓની તો કોઈ ગણતરી જ નહિ, એટલી અસંખ્ય સત્સંગ સભાઓ સંતો દ્વારા તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં થઈ. આ બધાં ઉત્સવો પ.પૂ. મહારાજશ્રીના નામને, ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના નામને નિમિત્ત બનાવીને થયાં અને અનંત જીવાત્માઓનું શ્રીજી મહારાજ સાથે વિશેષ રૂપે અનુસંધાન થયું. જીવનું પરબ્રહ્મ પરમાત્મા સાથે જોડાણ થાય એ જ મોટામાં મોટો ઉત્સવ છે. આવો ઉત્સવ પુરા એક વર્ષ માટે ચાલ્યો. એ જ આ મહોત્સવની વિશિષ્ટતા છે. પ.પૂ. મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના માધ્યમથી અનંત જીવાત્માઓને પુરા એક વર્ષ માટે વિશેષપણે સંત સમાગમ મલ્યો. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સાંનિધ્ય સાંપડ્યું. એ જ આ મહોત્સવની શોભા હતી.

મહોત્સવની સફળતા માટે દેશ વિદેશમાં અને ગુજરાતના ગામો ગામ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોનું વિચરણ થયું. સત્સંગ સભાઓ થઈ, સંતોની પ્રેરણાથી અને પ.પૂ. મહારાજશ્રીના નામ માત્રથી દરેક હરિભક્તના હૃદયમાં મહારાજ બિરાજ્યા અને દાનનો અસ્ખલિત ધોધ શરૂ થયો. હજારો અને લાખો રૂપિયાનું દાન કરીને હરિભક્તો પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા. સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્ત પૈસા મહારાજને અર્પણ કરે છે અને મહારાજ અનેક ઘણું કરીને હરિભક્તને તે પાછું આપે છે. તેથી દુનિયામાં આજે ફક્ત સવા બસો વર્ષનાં ટૂંકા સમયગાળામાં સ્વામિનારાયણ સંપ્રદાય ભૌતિક અને

આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બન્યો છે.

<u>મહોત્સવની પૂર્વ સંધ્યાએ</u>

તા. ૭-૩-૨૦૦૪ના રોજ ધૂળેટીના દિવસે મહોત્સવ સ્થળ (ગુજરાત યુનિ. એજ્યુ. ગ્રાઉન્ડ) પર પ.પૂ. લાલજી



મહારાજશ્રીના વરદ્ હસ્તે હજારો હરિભક્તોની હાજરીમાં વાયુ પુત્ર હનુમાનજીના ચિન્હ વાળી ધર્મધજા વાળા વિજયસ્તંભની સ્થાપના કરવામાં આવી. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની પ્રસાદીના રંગની પિચકારીની ઝડી હરિભક્તો પર વરસાવીને શ્રી નરનારાયણદેવના પ્રતિનિધિ સ્વરૂપ બન્ને સ્વરૂપો, ગ્રાઉન્ડ પરની વિશાળ મેદનીને જાણે કે કહેવા લાગ્યા કે આજે આ મહોત્સવની શુભ શરૂઆત થાય છે. રખે કોઈ મહોત્સવનો લાભ લેવાનું ચૂકતા ! વાયુપુત્ર હનુમાનજી ધજા પર આકાશમાં રહીને દરેક સત્સંગીને જાણે કે પ્રેરણા કરવા લાગ્યા કે આ તો શ્રીજી મહારાજના અપરસ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો ઉત્સવ છે ! દરેક ભક્તો મહોત્સવમાં આવો અને સત્સંગનું સુખ માણો ! મહોત્સવની રખેવાળી અમે કરીશું !''

ધર્મપિતા અને ભક્તિમાતા સાથેના સહજાનંદ સ્વામીની પ્રસાદીની મૂર્તિ વાળી તથા પ.પૂ. મહારાજશ્રીના સ્વહસ્તે કરેલા પ્રસાદીની કુમકુમની ચાંદલાવાળી કંકોત્રીઓ (નિમંત્રણ પત્રિકાઓ) દેશો દેશમાં સ્થપાયેલા બન્ને દેશના હજારો શિખરબધ્ધ મંદિરો અને હરિમંદિરોમાં મોકલવામાં આવી. અને આપણા 'શ્રી સ્વામિનારાયણ' માસિકના વંશપરંપરાગત સભ્યોને પણ વ્યક્તિગત કંકોત્રીઓ પોસ્ટ દ્વારા મોકલવામાં આવી. કંકોત્રી દ્વારા જાણે કે સ્વંય સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામી આમંત્રણ સ્વરૂપે આપણાં ઘેર પધાર્યા ! ઠેર ઠેર બેનરો, સુશોભિત કમાનો બનાવીને રાજમાર્ગો પર તથા મોટા મોટા હોર્ડિંગને માર્ગ સમાંતર ગોઠવીને તેમજ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના નાના પ્રકારના સ્ટીકર, પત્રિકાઓ વિશાળ માત્રામાં વહેંચીને ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું. ઠેરઠેર સ્વંય શ્રીજી મહારાજ સૌને દર્શન આપી સુખ શાંતિ વરસાવતા રહ્યા !

જે કાર્ય માટે જે વ્યક્તિ યોગ્ય હોય તેને જ કાર્યને વિશે પ્રેરવો. શિક્ષાપત્રીના એ આદેશ મુજબ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અનુભવી સંત હરિભક્તને સાથે રાખીને સંત હરિભક્તોની કુલ ૩૮ અલગ અલગ કાર્યકારી સમિતિઓની રચના કરી અને કાર્યભારની યથા યોગ્ય વહેંચણી કરી. દરેક ક્ષેત્રમાં અતિકુશળ એવા પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ મહોત્સવના સંકલન માટે વૈજ્ઞાનિક ઢબે કોમ્પ્યુટર જેવા ઉપકરણોનો લાભ લઈ મહોત્સવને એક સુત્રતા બક્ષી.

<u>હરિભક્તોની સેવા :</u>

મહોત્સવની તા. ૨-૪-૨૦૦૪ નજીક આવતા ઈષ્ટદેવ શ્રીહરિના સંકલ્પમાત્રથી હરિભક્તમાં સ્વયંભુ સેવાનો જુવાળ આવ્યો. યજ્ઞના કુંડ બનાવવા, લીંપણ કરવું, વાળવું, માટી ફેરવીને જમીનનું લેવલ સરખું કરવું, વાળવું, સાફ સફાઈ કરવી તેમજ અનાજ સાફ કરવું આદિક અનેક પ્રકારની સેવાઓ કરવા માટે બાપુનગર, રાણીપ, મહાદેવનગર, મેઘાણીનગર, વાડજ, ચાંદલોડીયા, શાહીબાગ વગેરે અમદાવાદના તમામ


પરા વિસ્તારો તેમજ આજુબાજુના ગામાડાઓમાંથી સ્વંયસેવક બાઈઓ તથા ભાઈઓ અસંખ્ય ટ્રેકટરો દ્વારા સ્થળ પર પહોંચવા લાગ્યા. સંતોના માર્ગદર્શન તળે સેવા કરીને મુક્તિ મેળવવાની તક પ્રાપ્ત થઈ. પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમીદ્રષ્ટિથી ચાલતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શ્રીનરનારાયણદેવ યુવક મંડળ પૈકી કુલ ૧૭૫ ગામો અને અમદાવાદ શહેરના યુવાન સ્વયં સેવકો ૮૦૦૦ની સંખ્યામાં હાજર થઈ ગયા. વિવિધ સમિતિઓના અસંખ્ય સભ્યો તથા પ્રતિનિધિઓના માર્ગદર્શન મુજબ અવિરત સેવાયજ્ઞ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉત્સવના અંત સુધી ચાલ્યો. વિદેશના હરિભક્તો પણ આ યુવાન સ્વયંસેવકોની સેવાથી ખૂબ પ્રભાવિત થયા.

<u>ષષ્ઠિ પૂર્તિ મહામહોત્સવ</u>

વિશ્વ વંદનીય, પ્રાતઃ સ્મરણીય, આપણાં હૃદય સમ્રાટ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૮-૪-૨૦૦૪ના રોજ ૬૦ વર્ષ પુરા કરતા હોઈ તે નિમિત્તે તા. ૨-૪-૨૦૦૪ થી તા. ૮-૪-૨૦૦૪ વચ્ચે પૂરા એક સપ્તાહ માટે સમગ્ર સંપ્રદાયના સત્સંગ સમાજ તથા ધર્મપ્રેમી જનતા તરફથી ગુરુઋણ અદા કરવાના ભાવથી યુવાચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના અધ્યક્ષ સ્થાને પૂર્ણ ભક્તિ ભાવથી તથા ખૂબ ધામધૂમથી ષષ્ઠિ પૂર્તિ મહા મહોત્સવનો શુભારંભ દબદબાપૂર્વક થયો.

<u>તા. : ૨-૪-૨૦૦૪</u>

સવારના ૭-૩૦ થી ૮-૩૦ દરમ્યાન શ્રી સત્સંગિભૂષણ ગ્રંથની પોથીયાત્રા ધામધુમથી સંપન્ન થઈ. આ મહામહોત્સવ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીના વિશાળ એજ્યુકેશન ગ્રાઉન્ડ પર શ્રી સ્વામિનારાયણ નગરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશાળ અને કલાત્મક નગરનું પ્રવેશદ્વાર કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની આબેહુબ કલાકૃતિ જેવું જ બનાવેલું. આ 'સ્વામિનારાયણ નગર' ના મુખ્યપ્રવેશ દ્વારનું ઉદ્‌ઘાટન પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ નામાંકિત મુખ્ય મહેમાનો શ્રી શશીકાંત અદાણી તથા શ્રી રાકેશ શાહ (અદાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ) સાથે રહીને કર્યા બાદ સ્વામિનારાયણ નગરના ભક્તિ મંડપમાં અખંડ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂનનો પ્રારંભ કરાવ્યો. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ નગરના મુખ્ય સભા મંડપમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે સિંહાસનમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાવિધિ તથા શુભ પ્રસંગની દીપ પ્રાગટ્ય વિધિ થઈ. સવારના ૯-૦૦ કલાકે વ્યાસપૂજન, પોથીપૂજન તથા સંહિતા પૂજન બાદ પ.પૂ. મહારાજશ્રીના શુભ આશીર્વચન સાથે શ્રીમદ્‌ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનો સંપ્રદાયના વિદ્વાન સંત વેદાન્તાચાર્ય, સાંખ્યયોગાચાર્ય અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. સ્વામી શ્રી નિર્ગુણદાસજી સ્વામીના વકતાપદે શુભારંભ થયો. સાંજના ૬-



૦૦ કલાકે કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ધામધુમથી ઉજવાયો. શિવજી, હનુમાનજી વગેરે દેવો છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજનું દર્શન કરવા પધાર્યા હોય તેવી જન્મોત્સવ પ્રસંગોની ઝાંખી આ પ્રસંગે પ્રસ્તુત કરાઈ હતી. પ.પૂ. બાળ લાલજી મહારાજે વેશભૂષાના પોઠીયા પર બિરાજમાન થઈને સૌને પોતાનું અલૌકિક દર્શન કરાવીને શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.


સાંજના ગોપાલ બારોટ (સાહિત્ય), અરવિંદ બારોટ (ગાયક) તથા ચીકા ખરસાણી (હાસ્ય) દ્વારા સભાજનોને આનંદ સાગરમાં ગરકાવ કરી દીધા હતા.

આ મહોત્સવની આગવી વિશિષ્ટતા એ હતી પ.પૂ. મહારાજશ્રી સંત હરિભક્તો પર અઢળક ઢળ્યા હતા જેથી દરરોજ કથાની સાંજની પૂર્ણાહુતિમાં આશીર્વચન આપતા હતાં. (જે આશીર્વચનનોનું જુદું સંકલન કરીને આ અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.) પ.પૂ. મહારાજશ્રીનું સમગ્ર ધર્મકુળ તથા સગા સંબંધી દરરોજ કથા શ્રવણ કરવા પધારતા હતા.

<u>તા. ૩-૪-૨૦૦૪</u>

વિદ્વાન સંતોના અમૃતવચનો નો સૌને લાભ પ્રાપ્ત થયો હતો. કથાપારાયણ સત્સંગ ઉપરાંત મહાપૂજા, યુવા સમ્મેલન અને મહિલા સમ્મેલનના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ દિવસે રાજ્ય સરકારના કૃષિપ્રધાન ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા તથા ડે.મ્યુ. કમિશ્નર શ્રી ત્રિકમ ઝાલાવાડિયા, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ મંગળદાસ પટેલ તથા ગોધરા વિસ્તારના ધારાસભ્ય શ્રી હરિશ ભટ્ટ વગેરે રાજકીય મહાનુભાવો યુવા સત્સંગ સમ્મેલનમાં પધાર્યા હતા. રાજસ્થાન કાંકરોલી પીઠ સ્થાન વૈષ્ણવાચાર્ય ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજે આ પ્રસંગે પધારીને પોતાની શુભ ભાવના વ્યક્ત કરી હતી અને પ.પૂ.મહારાજશ્રી દ્વારા સન્માનિત થયા હતા.

રાત્રે પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળા શ્રી તથા પૂજ્ય લક્ષ્મીસ્વરૂપ વહુજી



મહારાજશ્રીની સાન્નિધ્યમાં અને શિક્ષણમંત્રીશ્રી આનંદીબેન પટેલની હાજરીમાં વિરાટ મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં દેશ-વિદેશના હજારો સત્સંગી બહેનોએ ભાગ લઈ પોતાના વિચારો રજુ કર્યા હતા.


<u>તા. ૪-૪-૨૦૦૪</u>

રવિવારના રોજ સવારમાં ૧૫૦ વિપ્ર બટુકોને દ્વિજત્વના પ્રતિક સમી જનોઈ (યજ્ઞોપવિત) વેદોક્ત વિધિ થી પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાપ્ત થઈ હતી. તેમજ યજ્ઞોપવિત ધારણ કરનાર સાથે તે બટુકના કુટુંબીજનો તેમજ સગા સંબધી ને ભોજન (પ્રસાદ) ની વ્યવસ્થા કરવામાં આવી હતી. બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત વિધિ થયા પછી પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં સભા મંડપ મધ્યે વિશાળ સભાનું આયોજન થયું હતું. મુખ્ય મહેમાન કાયદામંત્રીશ્રી અશોક ભટ્ટ, ગૃહ મંત્રીશ્રી અમીત શાહ, ધારાસભ્યશ્રી જીતુભાઈ પટેલ અને પ્રાગજીભાઈ પટેલ વગેરેએ આ પ્રસંગે પધારી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ મેળવી શુભ ભાવનાઓ વ્યક્ત કરી હતી. ન્યુજર્સી (આઈ.એસ.એસ.ઓ) ના પ્રમુખ ભક્તિભાઈ પટેલ અને બોસ્ટન (આઈ.એસ.એસ.ઓ) ના સેક્રેટરી જ્ઞાનેશભાઈ ધોળકીયાએ પ.પૂ. મહારાજશ્રીએ વિદેશમાં કરેલ સત્સંગ પ્રસારની રસપ્રદ વાતો કરી હતી. રાયખડ મુસ્લિમ સમાજના આગેવાનો સદ્ગૃહસ્થોએ પધારી પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવી કોમી એકતાનું દૃષ્ટાંત પુરું પાડ્યું હતું. ધારાસભ્ય માયાબેન કોડનાનીએ બહેનોના વિભાગમાં પધારી પૂ. ગાદીવાળાશ્રી પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અખીલ ભારતીય બ્રાહ્મણ સમાજ તરફથી સરયુપાણી બ્રાહ્મણોના આગેવાનો એ આપણા પ્રધાન પંડિત વાચસ્પતિ શ્રી મિશ્રા સાહેબ સાથે

રહીને પ.પૂ. મહારાજશ્રીને સન્માન પત્ર અર્પણ કરી સ્વસ્તિ વાચન કરી પોતાની શુભ ભાવનાઓનું નિવેદન કર્યુ હતુ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

<u>તા. : ૫-૪-૨૦૦૪</u>

કાળુપુર મંદિરે સવારના સમયે શ્રીનરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ. મહારાજશ્રીએ વેદવિધિસર રીતે ૨૧ ત્યાગીઓને સંત તરીકેની ભાગવતી મહાદીક્ષા આપી અને પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી એ ૨૮ ત્યાગી બહેનોને સાંખ્યયોગી દીક્ષા આપી. શ્રી નરનારાયણદેવને પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર ન્યુઝીલેન્ડ ઓકલેન્ડના મહાન દાનવીર ડૉ. કાંતિભાઈ પટેલ અને લંડન વીલ્સડનલેન મંદિરના સેક્રેટરી પ.ભ. કુંવરજીભાઈ દેવરાજભાઈ વેકરીયા વગેરેએ પ્રેરણાત્મક પ્રવચનો કર્યા.




<u>પ.પૂ. મહારાજશ્રીના સ્વહસ્તે લખાયેલ પુસ્તક 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' નું વિમોચન થયુ.</u> પૂ. મહારાજશ્રીએ સ્વહસ્તે લખેલી હસ્ત પ્રત, પ.ભ. શ્રી કાંતિભાઈ હિરદાસ પટેલ (ડાંગરવાવાળા હાલ યુ.એસ.એ.) ઉચ્છવણીમાં રૂા. સાત લાખનું દાન નોંધાવીને મેળવવા ભાગ્યશાળી બન્યા. નરનારાયણ દેવ યુવક મંડળના પ્રતિનિધિ અને પ્રતાપપુરાના ઉત્સાહી યુવક રાકેશભાઈ ચૌધરીએ શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર રહીને સેવા કરવા પર સૌને રૂંવાડા ઉંચા થઈ જાય તેવું અસલ ચૌધરીની ભાષામાં ઉદ્‌બોધન કર્યુ. માનનીય શ્રી દ્વિવેદી સાહેબનું સન્માન ધર્મકુળવતી સંતોએ કર્યુ. જળયાત્રા સાંજના ૬-૩૦ કલાકે સંપન્ન થઈ.

<u>તા. : ૬-૪-૨૦૦૪</u>

શ્રી સ્વામિનારાયણ નગર ખાતે નિર્માણ કરવામાં આવેલી ભવ્ય યજ્ઞશાળા પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે અને મથુરાવાસી વેદ પુરુષ શા. શ્રી વાસુદેવકૃષ્ણ ચતુર્વેદીજીના આચાર્ય પદે '૧૦૮' કુંડી મહાહરિયજ્ઞ - મહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો. કથા પારાયણની સાથે વિદ્વાન સંતોના પ્રવચનો તેમજ મુખ્ય મહેમાનો માજી મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ પટેલ, રાજ્ય સભાના સભ્ય એ. કે. પટેલ, ઉદ્યોગ અને ખાણના મંત્રી (ગુજ.) શ્રી અનીલ ટી.પટેલ, માજી મુખ્યમંત્રીશ્રી સુરેશ મહેતા, વિદ્યા વાચસ્પતિ કે. કા.શાસ્ત્રી, રામાનંદ સ્વામીની ગાદીના પીઠાધિપતિ વૃન્દાવનના કૌશલકિશોરદાસજી, મથુરાના મહંત રાજા બાબા, દિલ્હીના તીર્થયાત્રાના સુનિલજી, ગાંધીનગરના આપણાં મંદિરના મહંત પૂ.ધ્યાની સ્વામી, વડતાલ શ્રી કાનજી ભગત, વિ.હિ.પ. ના ડૉ. શ્રી જયદિપ પટેલ, વર્લ્ડ બેંકના શ્રી મનુભાઈ પટેલ, એડવોકેટ જનરલ એસ. એન. શેલત વગેરે અનેક મહાનુભાવોએ શુભેચ્છા વ્યક્ત કરી, પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા. સંસ્કૃતના વિદ્વાન પંડિતોનું સન્માન થયું તથા જ્ઞાન ચર્ચા થઈ. સર્વોપરિ શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત ત્યાગી ગૃહી સત્સંગ સમાજ તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૬૦ વર્ષના દિવ્ય અલૌકિક જીવનકાળના સત્સંગને જે વિરાટ મય સ્વરૂપ આપીને સૌના જીવન ધન્ય બનાવ્યા છે. તેના એક અંશરૂપ સમસ્ત સત્સંગ સમાજે સન્માનપત્ર આપીને સૌએ આશીર્વાદ સાથે રાજીપો મેળવ્યો.

<u>તા. : ૭-૪-૨૦૦૪</u>

સવારે ૭ થી ૯ મુખ્ય સભા મંડપમાં



પ.પૂ. મહારાજશ્રીના મુખ્ય યજમાન પદે સમૂહ મહાપુજાનું આયોજન થયું. આ ભવ્યાતિભવ્ય મહાપૂજા વિધિનો ૩૦૦૦ ઉપરાંત યજમાનોએ લાભ લીધો. ત્યારબાદ મહોત્સવના યજમાનો

પોતાની રજત સુવર્ણજયંતી હોય કે ષષ્ઠીપૂર્તિ હોય પણ આવા મહાન ભગવાનના અપર સ્વરૂપ નિર્માનીપણાના અંગવાળા મહાન વિભૂતિ સ્વરૂપે પોતાની સુવર્ણથી કે પ્લેટીનમથી તુલા ન કરાવતા ધર્મકુળમાં પરંપરાના સર્વોપરિ હરિકૃષ્ણ મહારાજની તુલા સ્વયં પોતે પૂ.રાકેશ પ્રસાદજી મહારાજ અને પૂજ્ય લાલજી મહારાજશ્રી સાથે પ્લેટીનમ તુલાવિધિ કરી રહ્યા છે.



સર્વોપરિ શ્રી નરનારાયણ દેવના અભિષેકની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી



બળદની જગ્યાએ એક ખેડૂત ભક્તે છેક સાબરકાંઠાથી કાંધ આપીને લાવેલ પથ્થરમાંથી બનાવેલ આ સ્થંભને શ્રીહરિએ ભેટીને તે ભક્તનું રૂડું કલ્યાણ કરેલું. જે દિવ્ય સ્થંભને ચાંદીથી મઢવામાં આવેલ. જેનું પૂજન કરતા પ.પૂ. મહારાજશ્રી (અમદાવાદ મંદિર).







ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ગામોગામના શણગારેલા
પોલીસને આવી નિરાંત અને શાંતિ તેમના માટે એક ઈતિહાસ બની





અમદાવાદ મંદિર
સમાન ષષ્ઠીપૂર્તિ




બન્ને દેશના આશ્રિતો ને સર્વોપરિ શ્રી નરનારાયણદેવની સર્વોપરિ નિષ્ઠા સહજ રીતે સમજાય તે માટે શ્રીહરિના અપર સ્વરૂપે સ્વયં પોતાના હસ્ત કમળથી 'વચનામૃતમાં શ્રી નરનારાયણ દેવ' નામની પુસ્તિકા લખી તેનું વિમોચન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી









ાહનો અને ઘોડા અને ઉંટગાડીઓની વણથંભી આ શોભાયાત્રા એટલી શિસ્તબધ્ધ અને ભવ્ય હતી કે ગુજરાત
ાઈ !

રાજસ્થાનના આ હરિભક્તોની હાજરીથી આખો
કલરફુલ બની રહ્યો હતો.

ના ભવ્ય પ્રવેશદ્વારની આબેહુબ પ્રતિકૃતિ
મહોત્સવ સ્થળનું મુખ્ય પ્રવેશદ્વાર અને
વ્યાતિ ભવ્ય કથા મંડપ.








શ્રી લક્ષ્મી નારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.રાકેશપ્રસાદજી મહારાજ
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી અભિવાદન કરતા



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા
સાનિધ્યમાં વક્તા મહોદય પૂજ્ય મહંત શા.સ્વા. નિર્ગુણ દાસજી કથામૃત પાન
કરાવતા અને હજારો સંત-હરિભક્તો અને સાંખ્યયોગી બાઈઓ કથાશ્રવણ કરતા



શ્રીહરિના છઠ્ઠા અને સાતમાં વંશજના વરદ્ હસ્તે મહાપૂજા વિધિ.




પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે ૧૦૮ કુંડી મહાવિષ્ણુયાગ પ્રારંભ.





સંત મહાદીક્ષા મંત્ર અને ગૃહસ્થને ગુરૂમંત્ર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે. આપણા સંપ્રદાયના શાસ્ત્રો પ્રમાણે સંપ્રદાયમાં આચાર્ય મહારાજશ્રીએ આ બન્ને દીક્ષામંત્ર આપ્યા હોય તેજ સંપ્રદાયનો સાચો આશ્રિત ગણાય.





ામસ્ત સત્સંગ વતીથી પૂજ્ય મહંત સ્વામી અને સંતમંડળ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને પરંપરાગત 'સન્માન પત્ર' અર્પિત કરીને આશીર્વાદ મેળવી રહ્યા છે.


ષષ્ઠીપૂર્તિ મહોત્સવમાં વયોવૃધ્ધ સંતોનું સન્માન

તથા મહાનુભાવોનું પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે 'શ્રી નરનારાયણ સ્વામિનારાયણ' લખેલી શાલ, નરનારાયણદેવની મૂર્તિ તથા ફુલહારથી સન્માન કરવામાં આવ્યું. "શ્રીમદ્ સત્સંગિજીવન" પ્રકરણ - ૧ થી પનું ગુજરાતી અનુવાદ કરીને સુંદર સેવા કરનાર પ.ભ. ડૉ. ઉમેશભાઈ યાજ્ઞિકને પ.પૂ. મહારાજશ્રીએ શાલ દુશાલ અર્પણ કરીને સન્માન કર્યું હતું. શ્રી વાચસ્પતિ મિશ્ર લિખિત આચાર્ય પ્રશસ્તિ પત્ર પુસ્તિકાનું વિમોચન વયોવૃદ્ધ ભાષાવિદ્ કે. કા. શાસ્ત્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. પ.પૂ. મહારાજશ્રીના કોલેજના વિદ્યા ગુરુ, પ્રો. ફાધર મોરન્ડો એ અંગ્રેજીમાં વકતવ્ય કરી પ.પૂ. મહારાજશ્રીને પોતાના સાચા ગુરુ કહ્યાં.

ઉપસ્થિત મહેમાનોમાં સ્વામિનારાયણ સિરીયલના નિર્માતા પોપ સીંગર શ્રી દેવાંગ પટેલ, સિરીયલમાં સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનનું પાત્ર ભજવનાર વિશાલ પાંડે, સિરીયલના ડાયરેક્ટર મુળરાજ રાજડા, લંડનના યુવા કાર્યકર શ્રી જીતુભાઈ પટેલ, પાર્ષદ રસિક ભગત, ધ્રાંગધ્રાના ધારાસભ્ય આઈ.કે.જાડેજા, કેબીનેટ પ્રધાન કૌશિક પટેલ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રી કિંગસુખ નાગ સાહેબ નરોડાના મહામંડલેશ્વર રામકુમારદાસ ખાખી વગેરેએ હાજર રહી પોતાની ઉર્મિઓ વ્યક્ત કરી પૂ.મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

<u>શોભાયાત્રા</u>

બપોરે ૩-૩૦ કલાકે પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શ્રી નરનારાયણદેવ તથા ઘનશ્યામ મહારાજના રથ સાથેની, વિશાળ સંત-હરિભક્તો તથા ધાર્મિક જન સમાજ સાથેની ભવ્ય શોભાયાત્રા કાળુપુર મંદિરેથી પ્રારંભ




થઈ સ્વામિનારાયણ મંદિર રોડ, રીલીફ રોડ, વીજળીઘર, નહેરૂબ્રીજ, આશ્રમરોડ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, માઉન્ટ કારમલ સ્કુલ, નવરંગપુરા ચાર રસ્તા, સ્વસ્તિક ચાર રસ્તા, કોમર્સ છ રસ્તા, વિજળ ચાર રસ્તા થઈ શ્રી સ્વામિનારાયણ નગરમાં સાંજના ૭ કલાકે મહોત્સવના સ્થળ પર ખૂબ ધામધુમથી આતશબાજી સાથે પહોંચી હતી. શોભાયાત્રામાં આજુબાજુના ગામો તથા અમદાવાદના પરા વિસ્તારોના મળીને કુલ ૪૦ વિધ વિધ રીતે કલાત્મક શણગારેલા ટ્રેક્ટરો, બાપુનગર (એપ્રોચ) મંદિરની વ્રજેન્દ્ર મ્યુઝીક બેન્ડ સાથેની ભજન મંડળી, ઉવારસદ-ગાંધીનગર, કલ્યાણપુરા, વડુના બેન્ડ વાજા (મ્યુ. બેન્ડ), રામગઢ (ધ્રાંગધ્રા) મ્યુઝીક બેન્ડ, મોખાસણ નરનારાયણદેવ યુવક મંડળ, વડુ-કડી બેન્ડવાજા, બાલવા ભજન મંડળી એમ કેટલીય ભજન મંડળી અને મુખ્ય ઓચ્છવીયા મંડળે (કાળુપુર) ધુન-કીર્તન ઓચ્છવના પદોની રમઝટ બોલાવી હતી. કુલ ૨૧ ઘોડા જે પૈકી આગલી હરોળના ઘોડા ઉપર સહજાનંદ સ્વામી, અમદાવાદ મંદિરનું પ્રતિક તથા અમદાવાદ ગાદીના આદી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી શરુ કરીને પ.પૂ. બાળ લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ સુધી ધર્મકુળની તસ્વીરો મુકવામાં આવી હતી. ૨૨૫ ધજા સાથે કોટેશ્વર ગુરુકુળના બાળકો તથા કાળુપુર જેતલપુર ભુજ-મુળી વગેરેના સંતોના ૩ રથ તેમજ એક યજમાનશ્રી નું ટ્રેક્ટર, સહજાનંદ કોલ્ડ સ્ટોરેજની ગાડી, જાયન્ટસ ગ્રુપ ઓફ શાહીબાગની એમ્બ્યુલન્સ વાન, સહજાનંદ ગુરુકુળ અસારવાના બાળકોની ગાડી (ટ્રેક્ટર) ઉપરની રાસ મંડળી, તેમજ રાજસ્થાની ભક્તોની ભાવવાળી ભજન મંડળી વગેરે શોભાયાત્રામાં ચાર ચાંદ લગાવ્યા હતા.

માર્ગો પર રતનપોળ તથા માણેક ચોક કાપડ મહાજન, અમ. સોના-

ચાંદી દાગીના મહાજન, અમ. ઈલે. બજાર વગેરે વિવિધ મહાજનો, અમ, ઝાલાવાડી સમાજ, ભાજપ તથા વિ.હિ.પ.ના આગેવાનો, ગાદીનશીન આસ્તાનાવાળા એહમદ બાપુ ગાદીવાલે તથા વિવિધ વિસ્તારના મુસ્લિમ સમાજ, કલા નિકેતન, કૃષ્ણ આઇસ ડેપો, કિસાન જ્વેલર્સ, જ્વેલર્સ એસો. (સ્વસ્તિક ચાર રસ્તા), દાદુ ટેલર્સ એન્ડ ક્લોથીંગ વગેરે અનેક સંસ્થાઓ-દુકાનો-આગેવાનો તરફથી પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કરી રાજીપો અને પ્રસન્નતા મેળવી હતી. તે પૈકી અનેક દુકાનો એ હરિભક્તો માટે ઠંડા સરબતની સેવા કરી હતી. ગામડીવાળા ભૂપેન્દ્રભાઈ (ચંચળ બા સેવા કેન્દ્ર) એ શોભાયાત્રા તેમજ સમગ્ર ઉત્સવ દરમ્યાન સતત સ્કુટર ચલાવીને ઠંડા પાણીની સેવા આપી હતી. ૨૦૦ બહેનો કળશ સાથે તથા અન્ય ૧૦૦૦ બહેનો ધૂન-કીર્તન સાથે ધર્મયાત્રાની શોભામાં અભિવૃધ્ધ કરતી હતી. પ.પૂ. મહારાજશ્રીએ શોભાયાત્રામાં સૌનો સદ્‌ભાવ ઝીલી સૌ પ્રત્યે અમીદ્રષ્ટિ કરી સૌને દિવ્ય સુખ આપ્યું હતું.

<u>તા. : ૮-૪-૨૦૦૪</u>

અમદાવાદ મંદિરે સવારના પ.પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ૬ થી ૭ દરમ્યાન શ્રી નરનારાયણાદિક દેવોનો મહાભિષેક વેદવિધિસર રીતે ધામધુમથી સંપન્ન થયો. ત્યારબાદ શણગાર આરતી અને અન્નકુટના દર્શન થયા. સવારે ૯-૩૦ કલાકે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ સાથે અખંડધૂન તથા યજ્ઞની પૂર્ણાહૂતિ કરવામાં આવી. સવારના ૧૦-૩૦ કલાકે પારાયણની પૂર્ણાહૂતિ થયા પછી ૧૧-૧૫ કલાકે પ.પૂ.બાળ લાલજી મહારાજે બર્થ-ડે કેક કાપીને પ.પૂ.મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવ્યો. તથા ૧૧-૩૦ કલાકે શ્રી નરનારાયણદેવ દેશ અને શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ એમ બન્ને દેશના આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.



લાલજી મહારાજ ૧૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે પ.પૂ. મહારાજશ્રીની પૂજામાં રહેલા પરંપરાના હરિકૃષ્ણ મહારાજનો પ્લેટીનમ તુલાવિધિ કરવામાં આવ્યો.

ભગવાનના પુત્ર અને સર્વોપરિશ્રી નરનારાયણદેવ દેશના ઉત્તરવિભાગના પીઠાધિપતિની પ્લેટીનમ તુલાવિધિના મહાન પ્રસંગ રજત-સુવર્ણ જયંતી અને ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ એમ બબ્બેવાર આવા ભવ્ય પ્રસંગના દર્શન આપણને થયા. પરંતુ મોટી વાત તો એ કે સ્વયં પોતે પોતાની તુલાવિધિ છતાં સ્વયં ન બિરાજતા પોતાના દાદાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની તુલાવિધિ કરી. કોઈ સંપ્રદાય કે ધર્મમાં આવા વિભૂતિ સ્વરૂપ નિર્માનીપણાના અંગવાળા ધર્મના વડાના દર્શન ક્યાંય નહીં થાય. આતો આપણા મોટા ભાગ્ય છે. આપણને આવા આચાર્ય મહારાજશ્રી મળ્યા છે.

આ પ્રસંગે સભામાં મહાનુભાવ મહેમાનોમાં અયોધ્યાના મહામંડલેશ્વર નિત્યગોપાલદાસજી, કોંગ્રેસ અગ્રણી શંકરસિંહ વાઘેલા, બેંગકોક (આઈ.એસ.એસ.ઓ) ના રજનીભાઈ

પટેલ, અમદાવાદના વિવિધ વિસ્તારોના મુસ્લિમ સમાજના આગેવાનો ધારાસભ્ય ભાવિન શેઠ, ભારતના નાયબ વડાપ્રધાનશ્રી લાલકૃષ્ણ અડવાણીના પુત્ર શ્રી જયંત અડવાણી, બહેનોની સભામાં તેમના પત્નિ કમલાજી અને પુત્રી પ્રતિભા રહ્યાં હતા. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે, પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને સોનાનો હાર પહેરાવી અભિવાદન કર્યુ હતુ. તથા ટ્રસ્ટી બોર્ડના ત્યાગી ગૃહસ્થ સભ્યશ્રીઓએ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ સત્સંગ સમાજ વતી અભિનંદન સન્માન પત્ર અર્પણ કર્યુ હતુ. છપૈયાના ધર્મકુળ અને ભક્તિકુળના ભક્તો તથા અમદાવાદ-મુળીના સંતો-હરિભક્તો તરફથી પ.પૂ. મહારાજશ્રીને સમર્પણ પત્ર એનાયત કરવામાં આવ્યું હતુ. અ.નિ. શા.સ્વા. દેવચરણદાસજીના શિષ્ય મંડળે પ્રસાદીના સંગ્રહસ્થાન માટે ૧૯ પ્રસાદીની વસ્તુઓ તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) અને અનેક સંતોએ પોતાની પાસે રહેલ પ્રસાદીની વસ્તુઓ પ.પૂ. મહારાજશ્રીને સમર્પણ કરી હતી. અમદાવાદ દેશના તથા વડતાલ દેશના અગ્રગણ્ય વિદ્વાન સંતોએ પ્રાસંગિક પ્રવચનો કરી, અંતમાં પ.પૂ.ધ.ધુ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સમસ્ત સભાને આશીર્વચનો પ્રાપ્ત થયાં હતા.

આ મહોત્સવ માણવા અમેરિકા, ઈગ્લેન્ડ, કેનેડા, બેંગકોક, ઓસ્ટ્રેલીયા, ન્યૂઝીલેન્ડ, આફ્રીકા અને દૂબઈ, સહ મીડલ ઈસ્ટમાંથી ૩૦૦૦ ઉપરાંત હરિભક્તો પધાર્યા હતા. પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના સંત મંડળ સાથેના ધર્મ પ્રચારાર્થે થતાં વિદેશ વિચરણથી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલો આ સત્સંગ વિશ્વ વ્યાપી બન્યો છે તેની પ્રતીતિ સૌને થતી હતી.

આ ઉત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ચાલતા નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો મોટા ભાગની સેવા સમિતિઓમાં જોડાયેલા હતા. શ્રીનરનારાયણદેવ યુવક મંડળના દરેક સભ્યો દેવ-આચાર્યની સંપૂર્ણ નિષ્ઠાના અંગવાળા છે. જે સંપ્રદાયનું ગૌરવ છે.

સમ્રાટ નમકીન તરફથી ઉત્સવ અગાઉ ગ્રાઉન્ડ પર સેવા કરવા આવનારને, ઉત્સવ દરમિયાન દરરોજ સવારે સ્વયંસેવકોને અને શોભાયાત્રામાં પણ ચવાણું અને ચીકી, નાસ્તા (પ્રસાદ) સ્વરૂપે વિના મુલ્યે વહેંચવામાં આવ્યું હતું.

પ્રદર્શન વિભાગમાં શ્રી હરિના ચરિત્રો, ઉપદેશ તથા પ.પૂ. મહારાજશ્રીના જીવનકાળની સ્મૃતિ તસ્વીરો મુકવામાં આવી હતી. જેના લાખો લોકોએ દર્શન કરી ભાવિભોર થયા હતા. અને પ.પૂ.મહારાજશ્રીની જીવનયાત્રાથી, તેઓશ્રીએ સત્સંગ તેમજ સમાજને આપેલ યોગદાનથી ખૂબ જ પ્રભાવિત થયાં હતા. અને વિશિષ્ટ મહાનુભાવો અને પ્રતિષ્ઠિત નાગરિકોએ આ પ્રસંગના દર્શન કરીને પોતાને થયેલ આવા ભવ્ય ઈતિહાસના દર્શનનું કઈ ભાષામાં વર્ણન કરવું તે સુજતું ન હતું. જેથી તેઓ પ્રભાવીત થઈને પોતાનો અભિપ્રાય અચૂક લખીને જતા.

આ મહોત્સવમાં પધારેલા અન્ય મહાનુભાવોમાં ધારાસભ્યશ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, એ.એમ.ટી.એસ. ના પૂર્વ અધ્યક્ષ શ્રી નટુમામા પટેલ, ઔડાના પૂર્વ અધ્યક્ષ શ્રી છનાલાલ જોષી, અ.મ્યુ.કો.સ્કુલ બોર્ડ અધ્યક્ષ શ્રી દિનેશ રાવલ, ગુજ. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી ધીરૂભાઈ એન. પટેલ, વિ.હિ.પ.ના પ્રમુખશ્રી ચીનુભાઈ પટેલ, ઉદ્યોગપતિ નિરમા અધ્યક્ષશ્રી કરશનભાઈ કે.પટેલ તેમજ શ્રી એ.આર.દવે, શ્રી સુરેશભાઈ સોની, શ્રી ડી.બી. શાહ, શ્રી જે.એન. રાજગોર, શ્રી ચન્દ્રકાન્ત મહેતા વગેરે નામાંકિત ઉદ્યોગપતિઓ, શિક્ષણવિદો અને સરકારી અધિકારીઓ એ પધારીને પ.પૂ. મહારાજશ્રી તેમજ સંપ્રદાય પ્રત્યે પોતાની શુભ ભાવનાઓ વ્યક્ત કરી, પૂ.મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે વડતાલથી નૌતમ સ્વામી, બાલકૃષ્ણ શાસ્ત્રી સ્વામી તેમજ વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોળકા, ભૂજ, મુળી, ધોલેરા, સાળંગપુર, સુરત, જામજોધપુર, લોજ વગેરે ધામો ધામથી સંતો આ પ્રસંગને દિપાવવા પધાર્યા હતા. અમદાવાદ મંદિરના ભૂતપૂર્વ મહંત સ.ગુ. પૂજ્ય શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી.


સ્વામી) સ્વામીએ મહોત્સવનું અદ્‌ભૂત અને સુંદર સભા સંચાલન કાર્ય સંભાળ્યું હતું. ઉત્સવ સ્થળ પર દરરોજ પ.પૂ. મહારાજશ્રીની બેઠર પર સત્સંગની કંઠી તથા ગુરુમંત્ર પ્રાપ્ત કરવા માટે હજારો મુમુક્ષુજનોની લાઈન થતી. જેમાં ઉત્સવ દરમિયાન હજારો ભક્તજનો ગુરુમંત્ર ગ્રહણ કરી. શ્રીનરનારાયણદેવનના આશ્રિત બન્યા હતા.

દરરોજ સરેરાશ એક લાખ લોકોએ મહોત્સવ દર્શન, કથા શ્રવણ, 'સ્વામિનારાયણ' નામ સંકીર્તનરૂપી ભજન તથા ભોજન રૂપે મહાપ્રસાદ પ્રાપ્ત કર્યો. ભોજનમાં કોઈપણ પ્રકારના પાસ વિના તથા ભેદભાવ વિના દરેક ને સમાન રીતે બપોરના ઓછામાં ઓછી એક મીઠાઈ સાથેનું ભોજન, સાંજના ભારતીય જીવન પદ્ધતિ મુજબ સાદું ભોજન તથા સવારમાં હળવો નાસ્તો ભજન અને ભોજન, નગારા (આરતી - સદાય ઉજવાતા ઉત્સવો) અને તગારા (ભોજન વાનગીના ભરેલા તગારા) એ સ્વામિનારાયણ સંપ્રદાયની એક આગવી લાક્ષણિકતા પ્રતિબિંબિત કરતા ભજન અને ભોજન બન્ને છે. કથાવાર્તા સંભળાવવા માટે સંતો પૈસા નથી લેતા. તેથી તે કથા જીવનમાં જરૂર ઉતરે છે. મોટા મંદિરોમાં ભૂખ્યાઓ માટે મફત ભોજનનું સદાવ્રત શ્રીજી મહારાજના સમયથી ચાલુ છે.

મહોત્સવ સ્થળ પર દરરોજ રાત્રે નામાંકિત કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક ડાયરો તથા ભજન સંધ્યા-સંગીત સંધ્યા, રાસ, નૃત્ય વગેરેનું આયોજન થતું હતુ.

ડીડી-૧, ડીડી-૧૧ અને ઈ.ટી.વી. દ્વારા મહોત્સવનું રોજે રોજ પ્રસારણ કરવામાં આવતું હતું. તેમજ દરેક અગ્રગણ્ય અખબારોમાં સમાચાર તથા લેખો પ્રસારિત થતાં રહ્યા, ફોટા છપાતા રહ્યા, જેથી દુનિયાના અનેક અજાણ લોકોને સ્વામિનારાયણ સંપ્રદાયનો મૂળભૂત સિધ્ધાંત અને આચાર્યપદ વગેરે સમજાયું.


આ મહોત્સવ દરમિયાન આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના દેશ-વિદેશના ૯૦૦ વંશ પરંપરાગત સભ્યો બન્યા હતા. ઉત્સવ દરમિયાન નોંધાયેલા



દરેક સભ્યને અમદાવાદ મંદિર તરફથી 'શ્રી મુક્તાનંદ કાવ્ય' નામનું પુસ્તક તથા પ્રથમ ૧૦૦ સભ્યોને વહેલાલ મંદિર તરફથી 'નવધામ કીર્તન' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

મહોત્સવની ફળશ્રુતિ રૂપે સ્થળ પર આવનાર અનેકને સંપ્રદાયનો ગુણ આવ્યો, હજારો નવા મુમુક્ષુ બન્યા. સત્સંગી હતા તેઓ ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યમાં આગળ વધ્યા, ગાદી પરત્વેની નિષ્ઠા, દેવ-આચાર્ય પરત્વેની નિષ્ઠા વિશેષ બળવાન બની. ધૂન્ય, કથા-શ્રવણ, યજ્ઞ, મહાપૂજા, વગેરે સાધનોનો શાસ્ત્રોમાં બહોળો મહિમા લખવામાં આવ્યો છે. આ બધા સાધનો જીવાત્માને પરમાત્મા સુધી પહોંચાડનારા છે. દરેકને પોતાના અંગથી કોઈને કોઈ સ્વરૂપે શ્રીજી મહારાજ અને શ્રી નરનારાયણદેવનો રાજીપો તથા પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ તેમજ સંતસમાગમ મળ્યા. ઘણાં અજ્ઞાની લોકોને સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી સનાતન ધર્મકુળ આચાર્ય પરંપરાનું જ્ઞાન પ્રાપ્ત થયું. આ મહોત્સવનું અંતકાળે કોઈ જીવને સ્મરણ થશે તો તે જરૂરને જરૂર પરમપદને પામશે. આજ આવા મહા મહોત્સવોનું ખરુ હાર્દ છે.

મહોત્સવ સ્થળ પર દરરોજ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ફ્રી કાર્ડીયોગ્રામ તથા ડાયાબીટીસ નિદાન અને ફ્રી મેડીસીન (દવાઓ)નો સમાવેશ થતો હતો. જેનો ૬૦૦૦ દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં આરોગ્ય સમિતિના સભ્યો ડૉ. રમેશભાઈ પરીખ, ડૉ.કનુભાઈ એસ.પટેલ અને ડૉ.ભાવિન પરીખ, ઉપરાંત અન્ય ડૉક્ટરોમાં ડૉ. ઉષાબેન ભગત, ડૉ.હર્ષદ ભગત, ડૉ. પી. સી. રાવલ, ડૉ. ભરત પટેલ, ડૉ. યોગીનીબેન પરીખ, આઈ.સી.સી. યુનિટના નારણભાઈ પટેલ વગેરેએ પોતાની અમૂલ્ય સેવા આપી હતી. સ્થળ પર સતત રક્તદાન શિબિરનું આયોજન થયું હતું.. જેમાં ૬૦૦ બોટલ લોહી એકત્ર થયું હતું.




સત્સંગિભૂષણ કથાના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સ્વામીના વિચાર મૌક્તિકો

કથા પારાયણના વક્તા પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામીશ્રી નિર્ગુણદાસજી સ્વામીના મુખેથી કેટલાંક મોતીઓ :

- કોઈ ભગવાનને ઠગવા જાય તો તે પોતે જ ઠગાઈ જઈને હેરાન હેરાન થઈ જાય.
- ભગવાનને કોઈ મારવા આવે તો તેને પોતાને જ મરવું પડે.
- કોઈ ભગવાનને ધન-સંપત્તિ અર્પણ કરે તો તેને ત્યાં ધનનો ઢગલો થઈ જાય છે.
- ભગવાનને જમાડે તો પોતાને જમવાનું મળે છે.
- ધર્મમાર્ગમાંથી ચલિત થાય તો ધન જતું રહે, સંપત્તિ જતી રહે, સત્તા જતી રહે, જીવ હેરાન હેરાન થઈ જાય છે.
- માથાનું છાપરું ધોળું થઈ જાય તે છતાં ભક્તિહિન આત્માને ભગવાનમાં વિશ્વાસ આવતો નથી, મંદિરે જવાતું નથી.
- થોડીક સત્તા મળે, થોડુંક લેબલ મળે એટલે જગતના જીવને બહુ પાવર આવી જાય અને કેટલાયનું અપમાન કરી નાખે. સામે મૃત્યુ દેખાય ત્યારે ભગવાન યાદ આવી જાય, ત્યાં સુધી તો એમ જ લાગે કે મારે ક્યાં કોઈની જરુર છે ?
- એકાદશીનું વ્રત-ઉપવાસ કરવાથી મનુષ્ય પર ભગવાનની કૃપા દ્રષ્ટિ પડે એટલે જીવના જન્મ જન્માંતરના પાપ બળીને ભસ્મ થઈ જાય છે.
- પરમાત્માના નામનો ઉચ્ચાર થયો એજ મનુષ્ય જન્મની સાર્થકતા છે.
- પાપ વળગેલું હોય ત્યાં સુધી શુધ્ધ ભક્તિ થતી નથી. પરંતુ દંભ થાય છે. આડંબર થાય છે. જગતને છેતરવાનું કપટ થાય છે.
- જીવ જ્યારે પરમાત્માને શરણે જાય છે. ત્યારે જ તેને જાંબુ જેવા મીઠા ફળની પ્રાપ્તિ થાય છે.
- કપટી સત્સંગમાં નભતો નથી. કામી, ક્રોધી, લોભી નભ્યો જાય છે. કપટીને ભગવાનની કૃપા મળતી નથી.
- છપૈયા ખાંપા તલાવડીમાં સ્નાન કરવાથી લોહીના વિકારો, ચર્મરોગો તત્કાળ નાશ થઈ જાય છે. મીન સાગર જળાશયમાં સ્નાન કરવાથી અંતઃશત્રુ માનનો નાશ થઈ જાય છે. છપૈયાની રજ માથે ચડાવવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.
- જ્યારે ભગવાનને ભૂલી જવાય છે, ત્યારે જ દુઃખ આવે છે.
- માતા પિતાનું ઋણ દેહધારી પર અપાર છે. મનુષ્ય એ ઋણ જ્યાં સુધી ચુકવતો નથી ત્યાં સુધી તેને સત્કર્મનું ફળ મળતું નથી.
- અંતઃશત્રુઓ જ્યાં સુધી જીતી શકાય નહિં, ત્યાં સુધી હૃદયમા ભગવાનનો વાસ થતો નથી.
- ત્યાગી થઈને શ્રીજી મહારાજે સ્થાપેલા દેવ અને આચાર્ય સાથે આધ્યાત્મિક સંબંધ ન જોડાય તો ધોબીના કૂતરા જેવો ઘાટ થાય છે, ન ઘરનો ન ઘાટનો. ભૌતિક સંબંધ શ્રી નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણ દેવ સાથે ન જોડાયેલો હોય તો છેડા કપાઈ જાય છે. લાઈટ ન થાય એટલે ન જ થાય !
- બીજાને ઉપદેશ આપવો હોય તો કલાકોના કલાક આપે પણ પોતાને જીવનમાં ઉતારવું હોય તો કઠણ પડે છે.

ઉત્સવ સમૈયામાં ધન વાપરવાનો અને દરેક મહેમાનનું સન્માન કરવાનો એક જ મુખ્ય હેતુ છે કે કેમે કરીને દરેકને સત્સંગનો ગુણ આવે અને એ જીવનું રૂડું થાય ! તે જીવ ભગવાન સાથે જોડાયને પરમ પદ ને પામે !



प. पू. तेजेन्द्रप्रसाद की षष्ठिपूर्ति [illegible]आरोहों की शुरुआत

यू.एस.ए. बेन रमेशभाई मारफतिया तथा अन्य यजमानों ने आचार्य महाराजश्री की आरती उतारी। इस अवसर पर प. पू. तेजेन्द्रप्रसादजी ने आर्शीवाद देते हुए कहा कि भगवान श्री स्वामीनारायण का जन्मदिवस है। यह महोत्सव हमारा नहीं नारायण का है। इसके माध्यम से श्री स्वामीनारायण का संदेश जेतलपुर के ब्राह्मण छात्रों ने किया। कालुपुर के महंत गुणदासजी ने कथा की ।



Khaleej Times, Friday, April 9, 2004

LONG, LONG GARLAND: Devotees carry a 61-feet garland to put on Tejendra Prasadji, religious head of Lord Swaminarayan sect during the 60th birthday celebrations of Tejendra Prasadji in Ahmedabad on Thursday. — AP

Khaleej Times
GULF

कालुपुर स्वामिनारायण मंदि अतिभव्य शोभायात्रा योजा

अमदावाद, भुपेधार राजाभाभा, दिल्लीना तीर्थधामना आचार्य १००८ तेजेन्द्र प्रसादजी महाराजना आंधीनगरना धानी स्वामी, वडतालना ष्ठिपूर्ति महोत्सवना छठ्ठा दिवसे ७/४ना रोज ३५०० महाराजनुं सन्मान थ पुत्र आचार्य महाराजश्री निश्रामां योजाई हती. धेरातं आजे आ महोत्सवना

प. पू. तेजेन्द्रप्रसाद महाराज की षष्ठीपूर्ति समारोह के दूसरे दिन महिला सम्मेलन

अहमदाबाद, ३ अप्रैल (संवाददाता)। प. पू. आचार्य श्री तेजेन्द्र प्रसाद महाराज की षष्टि पूर्ति महोत्सव के दूसरे दिन महिला सम्मेलन एवं सी.डी. का विमोचन हुआ। आचार्य महाराज श्री तेजेन्द्रप्रसाद जी के जीवन पर आधारित सी.डी. का विमोचन लालजी महाराज ने किया। कथा के अंतर्गत आज भगवान स्वामीनारायण का जन्मोत्सव, शिवजी, हनुमानजी सहित विविध वेश भूषा में रासनृत्य का आयोजन किया गया।

कृषिमंत्री श्री भूपेन्द्रसिंह चूड़ास्मा ने तेजेन्द्रप्रसाद जी की दीर्घायुकी कामना कर उनका आर्शीवाद प्राप्त किया। कथा वक्ता श्री निर्गुनदासजी महाराज ने छपैया में भगवान स्वामीनारायण के बाल चरित्र, उनके बड़े भाई रामप्रसाद का सुहासिनी के साथ विवाह वगैरह की कथा की। आज यहां महिला सम्मेलन आयोजित किया गया। बहुजी महाराज की अध्यक्षता तथा शिक्षा मंत्री आनंदी बेन पटेल की निश्रा में सम्पन्न हुआ। इस अवसर पर प. पू. आचार्य श्री तेजेन्द्रप्रसाद जी महाराज ने लोगों को सदाचारी बनने का अनुरोध किया। कार्यक्रम के दूसरे दिन आज हजारों छात्र उमड़ पड़े थे।



दिव्य भास्कर

षष्ठीपूर्ति महोत्सवમાં ૧૫૧ બટુકને યજ્ઞોપવીત

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ, ૪ એપ્રિલ

ગોકુલ પુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ ષષ્ઠીપૂર્તિ મહોત્સવમાં ૧૫૧ બટુકને યજ્ઞોપવીત આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીએ બટુકોને આર્શીવાદ આપ્યા હતા અને આશ્રીવાદજી મહારાજે બટુકોને કંઠી પહેરવી હતી. રાજપદ, અમદાવાદ મુખિયા સમાજના આર્શીવાદોએ મહોત્સવમાં પધારી આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીનું અભિવાદન કર્યું હતું. રવિવારે યોજાયેલ રક્તદાનમાં ૧૬૬ યુનિટ બ્લડબેંકોએ રક્તદાન કર્યું હતું. જેમાં ૬૫ થી ૭૦ બોટલનું રક્તદાન થયું હતું.

તા. ૬ઠ્ઠી એપ્રિલના રોજ વી.પ. બટુકોને સવારે ૮ કલાકે યજ્ઞોપવિતના કાર્યક્રમનું આયોજન કરાયું છે અને તા. ૭મીના રોજ સમૂહ મહાપ્રસાદ સવારે ૭-૦૦થી ૯-૦૦ દરમિયાન યોજાશે. તા. ૮મીના રોજ શ્રી નરનારાયણ દેવનો મહાભિષેક સવારે ૬-૦૦થી ૭-૦૦ કલાક, અન્નકૂટ સવારે ૮-૩૦ કલાકે યોજાશે.

યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ ચાતુર્માસ તેજેન્દ્રપ્રસાદજી ષષ્ઠીપૂર્તિ મહોત્સવ નિમિત્તે રવિવારે ૧૫૧ બટુકોને તેજેન્દ્રપ્રસાદજીના હસ્તે યજ્ઞોપવિત સંસ્કારનો કાર્યક્રમ યોજાયો હતો.



અમદાવાદ, શુક્રવાર ૯ એપ્રિલ, ૨૦૦૪ | દિવ્ય ભાસ્કર



કાંકરિયા ખાતે આવેલા સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરના ૨૫મા રજત જયંતી પાટોત્સવ નિમિત્તે બુધવારે પ્રાસંગિક સભા બાદ શ્રીહરિનાં અન્નકૂટ દર્શન સાથે જ આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. - અનીષ મિસ્ત્રી



કાલુપુર સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીના અંદર રહેલા કલાકાર જાણે નિજાનંદ ખાતર દસ વર્ષથી છબીમાં ઝડપવાની શરૂઆત કરી અને એમનું હૃદય એમને કુદરતના સાન્નિધ્યમાં લઈ ગયું.. અને શીતાઈમ વૃક્ષો, ખેતરો, ગામડાની ઓંદરેથી પસાર થતું સાધુ ગિરિકંદરા હિમાલય, એમ સંભ્યાબંધ કચકડામાં કેદ થયેલી આધ્યાત્મિક તસવીરોને પણ ખબર નહોતી કે અમદાવાદના હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ ગેલેરીમાં ફોટો પ્રદર્શન યોજાશે. હમણાં જ ઉજવાઈ ગયેલી સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદીપતિ આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીની ષષ્ટીપૂર્તિના છેલ્લા દિવસે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આમ તો શ્રી તેજેન્દ્રપ્રસાદજીના મસ્તકે બાળપણથી શોભતી હોય છે. પરંતુ ફોટ પ્રદર્શનના ઉદ્ઘાટન ટાણે તેઓ આચાર્ય મટી જઈને બેઘડી ફોટોકલાકાર બની જઈને ઉપાડ માટે આવ્યા હતા. જાણે કે 'બેસ્ટ સીનીયર ફોટોગ્રાફર' આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી આ છબીમાં એમની તસવીરોની ઓળખાણ કરાવી રહ્યા છે. છતાં એમણે અહિં ઉપસ્થિત કલારસિક પ્રેક્ષકોને કહી દીધું કે મારી કૃતિઓ વિષે મને માર્ગદર્શન કે સૂચનાઓ આપી શકો છો. (ફોટો : ઝવેરીલાલ મહેતા)

અમદાવાદ, ગુરુવાર ૮ એપ્રિલ, ૨૦૦૪ | દિવ્ય ભાસ્કર

તેજેન્દ્રપ્રસાદજીની આધ્યાત્મિક અને કુદરતી તસવીરોની સફર



હઠીસિંહ વિઝયુઅલ આર્ટ સેન્ટરમાં શરૂ થયેલા ફોટોગ્રાફી પ્રદર્શનમાં છેલ્લા નવ વર્ષની તેજેન્દ્રપ્રસાદજીએ ખેંચેલી તસવીરો મૂકવામાં આવી છે. તેમાંથી ડિસ્પ્લે કરનારી પ્રિન્ટોને તેઓ બારીકાઈથી તપાસી રહ્યા છે. - દિલીપ ઠાકર

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ, ૭ એપ્રિલ

સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદીપતિ આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીની ષષ્ટીપૂર્તિની ઉજવણી ચાલી રહી છે. જનોઈ, શોભાયાત્રા, ધાર્મિક પ્રવચનો ચાલી રહ્યાં છે. આ બધાંની સાથે એક અનોખો કાર્યક્રમ પણ યોજાયો છે. આધ્યાત્મ અને કલાનો સંગમ!! તેજેન્દ્રપ્રસાદજીએ કેમેરાની આંખે જોયેલી પ્રાકૃતિક આધ્યાત્મિક સુંદરતાને પ્રદર્શનરૂપે આજથી જાહેરજનતા જોઈ શકશે.

હઠીસિંહ વિઝયુઅલ આર્ટ સેન્ટરમાં આજથી શરૂ થનારા તેજેન્દ્રપ્રસાદજીના ફોટોગ્રાફી પ્રદર્શનમાં નવ વર્ષથી માંડીને અત્યાર સુધી ખેંચેલી તસવીરોમાંથી પસંદ કરેલી ૯૦ જેટલી તસવીરો આ પ્રાર્થનામાં મુકાશે. બે દિવસ પહેલાં યુનિ. મેદાનમાં ચાલતા તેમના ઉત્સવમાં બપોરના સમયે ડિસ્પ્લે કરાનારી પ્રિન્ટોને બારીકાઈથી તપાસતાં તેમને જોવાનો અનેરો લ્હાવો હતો.

બાળપણથી જ ઘરમાં કલા ને સંગીતનું વાતાવરણ હતું. પંડિત ઓમકારનાથ ઠાકુર અને ઉત્સાદ ફૈયાદખાનના તેઓ વિશેષ ચાહક હતા. સેન્ટ ઝેવિયર્સ કોલેજના અભ્યાસકાળ દરમિયાન સાહિત્યમાં પણ તેઓ ઊંડો રસ ધરાવતા થયા હતા.

હંમેશાં નાનપણથી કેમેરાનો સામનો કરતા તેજેન્દ્રપ્રસાદજીને કેમેરા પાછળ રહીને 'કુદરત'ને ક્લીક કરવાનો શરૂથી જ શોખ હતો. ૪૫ રૂપિયામાં ક્રોનિકાનો કેમેરા ખરીદીને ફોટોગ્રાફી શરૂ કરી હતી. તે શોખ હજુ ૬૦ વર્ષે પણ બરકરાર છે. હાલમાં સૌથી મોંઘી બ્રાન્ડ 'લાઈકા'નો કેમેરા તેમની પાસે છે. "લાઈકા કેમેરા મારી પાસે હોય એ મારું સપનું હતું. જે આજે સાકાર થયું છે. જેનો મને ખૂબ આનંદ છે." ફોટોગ્રાફીના મેગેઝિનો તથા પોતાના ફોટોગ્રાફનો નિયમિત અભ્યાસ પણ તેજેન્દ્રપ્રસાદજી કરતા રહે છે. ફોટોગ્રાફીની દુનિયા સાથેનો નજીકનો સંપર્ક સતત તેમણે જાળવી રાખ્યો છે.

કળા અને આધ્યાત્મ

- તેઓ અભ્યાસકાળ દરમિયાન સાહિત્યમાં રસ ધરાવતા હતા
- ફોટોગ્રાફીનો શોખ ૬૦ વર્ષની ઉંમરે પણ યથાવત્



આચાર્ય તેજેન્દ્રપ્રસાદની ષષ્ઠીપૂર્તિ મહોત્સવનો પ્રારંભ

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ, ૨ એપ્રિલ

આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીની ષષ્ઠીપૂર્તિ મહોત્સવનો શુક્રવારે સવારે યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ડ્રાઈવઈન રોડ ખાતે પ્રારંભ થયો છે. સમગ્ર મહોત્સવ જે સ્થળે યોજાયો છે, તેને સ્વામિનારાયણનગર નામાભિધાન કરવામાં આવ્યું છે. તેના પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન સવારે આચાર્ય તેજેન્દ્રપ્રસાદજીએ કર્યું હતું.

આ પ્રસંગે લાલજી મહારાજ, બાળ લાલજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. રવિવારે બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવીત અપાશે. તા.૮મી એપ્રિલ સુધી ચાલનારા આ મહોત્સવમાં પ્રથમ દિવસે શાસ્ત્રી નિર્ગુણદાસજીની ... દીપ પ્રાગટ્યથી પ્રારંભ થયો હતો. સવારે પોથીયાત્રા નારણપુરાથી નીકળી કથાસ્થળે આવી હતી. આ જ્ઞાનયજ્ઞ દરરોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરે ૩.૩૦થી ૬.૩૦ સુધી યોજાશે.

સાત દિવસ ચાલનાર આ મહોત્સવમાં સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું આયોજન થયું છે તથા ભગવાન સ્વામિનારાયણનું જીવન, સંપ્રદાયના મંદિર તથા તેજેન્દ્રપ્રસાદજીએ પાડેલા ફોટા પ્રદર્શનમાં રજૂ થયા છે. જેમાં તેઓના પૂજા કરતા, ક્રિકેટ રમતા વગેરે અત્યાર સુધી અપ્રદર્શિત ફોટાઓ દર્શાવવામાં આવ્યા છે. આ પ્રસંગે રાજ્યભરમાંથી ...

પ.પૂ.મહારાજશ્રીના ક્ષણિક સમાગમથી

ગેરી બન્યો ગોવિંદ

- મહંત સ્વામી મુકુંદપ્રસાદદાસજી -મુળી

યુરોપ લંડનના સ્ટ્રેધામ શહેરમાં પ.પૂ. મહારાજશ્રીની શોભાયાત્રા વિશાળ મેદની અને વાજીંત્રોના નાદ, શરણાઈના શૂર અને સંત-હરિભક્તોનાં કીર્તનના ગાન સાથે રસ્તા ઉપરથી પસાર થઈ રહી હતી. આ શોભાયાત્રાનાં દર્શન કરવા અને ભારતીય સંસ્કૃતિની પરંપરાને જોવા અનેક સ્થાનિક લોકો જોડાયા હતા. જેમાં જમૈકા દેશનો નાગરિક લંડનમાં નોકરી કરી રહેલ ગેરી નામની વ્યક્તિ પ.પૂ. મહારાજશ્રીના દર્શન કરી પોતાની જાતને ધન્યતા અનુભવી રહ્યો હતો.

પ.પૂ. મહારાજશ્રીનાં દર્શન કરતાં જ તેને પ.પૂ. મહારાજશ્રીમાં શ્રી હરિનાં ઐશ્વર્યકારી દર્શન થયા અને મંદિરે આવી પ.પૂ. મહારાજશ્રી સમક્ષ પોતાના જીવનને સમર્પણ કરી દીધું! અને પ્રાર્થના કરી કે મને આપની પરંપરા પ્રમાણે સંત દીક્ષા આપી અને સાધુ બનાવો. હું આપનો દાસ બની આજીવન સેવા કરવા ચાહું છું. પ.પૂ. મહારાજશ્રીએ એને ગૃહસ્થાશ્રમમાં રહીને ભજન કરવાની આજ્ઞા આપી અને ગેરી નામમાંથી ગોવિંદ નામ ધારણ કરાવ્યું. આવું ઐશ્વર્ય પ.પૂ. મહારાજશ્રીનું છે કે જેમના દર્શન માત્રથી ગેરી મટીને ગોવિંદ અનેક થયા છે. જય જય હો આવા ઐશ્વર્યશાળી પૂ. મહારાજશ્રીનો અને ધન્ય હો આવા ગેરીને કે જેણે ગોવિંદ નામ ધારણ કરીને સત્સંગને દિપાવ્યો છે.

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે વર્ષ દરમ્યાન યોજાયેલ આરોગ્ય લક્ષી કેમ્પો

વિશ્વ વંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આગામી ષષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપક્રમે સંવત ૨૦૬૦માં થયેલા વિના મૂલ્યે તબીબી મેડીકલ નિદાન કેમ્પો.

(એ)	બ્લડ ડોનેશન કેમ્પ	:	૧૨	(બી)	નાક, કાન ગળાના રોગ કેમ્પ	:	૦૩
(સી)	ચામડીના રોગના કેમ્પ	:	૦૨	(ડી)	હૃદય રોગના કેમ્પ	:	૦૬
(ઈ)	સર્વરોગ નિદાન કેમ્પ	:	૧૮	(એફ)	ડાયાબીટીસના કેમ્પ	:	૦૬
(જી)	બાળરોગ નિદાન કેમ્પ	:	૦૨	(એચ)	આંખોના રોગના નિદાન કેમ્પ	:	૦૩
(આઈ)	હાડકાના રોગોના નિદાન કેમ્પ	:	૦૩	(જે)	સ્ત્રી રોગનો નિદાન કેમ્પ	:	૦૧
(કે)	આયુર્વેદિક નિદાન કેમ્પ	:	૦૧				

- ષષ્ઠિપૂર્તિ મહોત્સવ નિમિત્તે અત્યાર સુધીમાં કુલ ૧૬૨૪૦ હરિભક્તો તથા દર્દીઓનું નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીને દવાઓ મફત આપેલ છે.
- વર્ષ દરમ્યાન ૨૭૦૦ દર્દીઓને ડાયાબીટીસની તપાસ કરીને દવાઓ પણ મફત આપેલ છે.
- વર્ષ દરમ્યાન ૧૦૬૦ દર્દીને હૃદયરોગ તથા બ્લેડપ્રેશર રહેતું હોય તેમને કાર્ડિયોગ્રામ પણ મફત કાઢી આપેલ છે તથા તેને લગતી દવાઓ પણ આપેલ છે.
- વર્ષ દરમ્યાન ૧૦૦ દર્દીઓને હૃદય રોગ માટેનો ખૂબજ મહત્વનો અને ખર્ચાળ 2 - D.Echo કાર્ડિયોગ્રામ તેમજ ફેફસાની મહત્વની તપાસ જેવી કે પલ્મોનરીટેસ્ટ પણ મફત કરી આપેલ છે.
- વર્ષ દરમ્યાન ૩૮૭૩ હરિભક્તોએ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરીને ગરીબ દર્દીની જીંદગી બચાવી છે. તથા રેડક્રોસ અને પ્રથમાં બ્લડ બેન્કમાં રક્તદાન કરીને રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે સર્વશ્રેષ્ઠ રક્તદાન કરવા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના નામનો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તથા પ્રમાણપત્ર મળેલ છે.
- ડાકોર જતાં પદયાત્રી માટે ૨૪ કલાક અગિયારસથી પૂનમ સુધી પાંચ દિવસ સર્વરોગ નિદાન કેમ્પમાં મફત દવા આપવામાં આવી હતી. તથા ફરતી મેડીકલ વાન દ્વારા પણ દવા આપવામાં આવેલ.
- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિપૂર્તિ મહોત્સવ પ્રસંગે અમદાવાદ શહેરના ૬૦ ડૉકટરોએ એક વર્ષ દરમ્યાન તેમના કન્સલ્ટીંગ દવાખાનામાં મહિનામાં પાંચ દિવસ મફત તપાસી નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીઓને દવાઓ પણ વિના મૂલ્યે આપી હતી.

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ તા. ૨-૪-૨૦૦૪ થી તા. ૮-૪-૨૦૦૪ સુધીમાં આરોગ્યને લગતા કેમ્પ શ્રી સ્વામિનારાયણ નગરમાં કરેલ. તાત્કાલીક સારવાર ૨૪ કલાક આપી હતી. તા. ૨ થી ૮ માં ૬૦૦૦ હરિભક્તોને દવાઓ મફત આપેલ. તથા બ્લેડ ડોનેશન કેમ્પમાં ૬૦૦ હરિભક્તોએ રક્તદાન કર્યું હતું. તથા કન્સલટીંગ પણ મફત કરી આપેલ. તથા દવાઓ પણ મફત આપેલ. તેમાં આરોગ્ય સમિતિના ડૉ. રમેશભાઈ પરીખ, ડૉ. કનુભાઈ એસ. પટેલ, ભાવિન પરીખ, ડૉ. પી.સી. રાવલ, ડૉ. ભરતભાઈ પટેલ, ડૉ. હર્ષદભાઈ ભગત, ડૉ. દશરથભાઈ પટેલ તથા ડૉ. યોગીનીબેન પરીખ, ડૉ. ઉષાબેન ભગત વગેરેએ સુંદર સેવા આપીને શ્રીજી મહારાજ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો છે.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય
૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીનો
ષષ્ઠીપૂર્તિ મહોત્સવ

"ષષ્ઠી પૂર્તિ મહોત્સવ"માં આશીર્વચન


સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા, હીરાવાડી-બાપુનગર

"આપણે શ્રી નરનારાયણદેવના આશ્રમમાં રહીને રંગે રમીએ છીએ. આપણી રીત દુનિયા કરતાં નિરાળી છે. નરનારાયણદેવની જન્મ જયંતી એ હકીકતમાં વિજય જયંતી છે. આ દિવસે આપણે દિવ્ય ચેતનાના રંગે રંગાયેલા છીએ. બાળ લાલજીએ એક સમયે પ.પૂ. મહારાજશ્રીને પૂછેલું, દાદા ! આ હનુમાનજીની મૂર્તિ નથી ઉભી કે નથી બેઠી ! આવું કેમ ? દાદા પણ થોડી વાર મુંઝાઈ ગયા. પી.પી. સ્વામીને ટેલીફોન કર્યો. પી.પી. સ્વામી કહે, "હનુમાનજી રામના સેવક છે ને ! હમેશા ખડે પગે તૈયાર !" બધા હનુમાનજીના દર્શન કરે છે, બાધા રાખે છે. ભૂતો કઢાવે છે. પરંતુ આવું કોઈએ વિચાર્યું નહી હોય ! આ નરનારાયણદેવની ફોજ છે. જયારે જરૂર પડે ત્યારે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર રહેવું જોઈએ. નરનારાયણદેવ આપણાં માટે અખંડ તપ કરે છે. તેનાથી આપણે હર્યાભર્યા છીએ. સાંજ પડ્યે કુટી કોડી ન મળતી હોય તોય નરનારાયણદેવના આશ્રયે કરીને લખપતિ થશે. અને શ્રી નરનારાયણદેવનો આશરો છોડીને કોઈ બીજે જશે તે લખપતિ હશે તો પણ કંગાળ થઈ જશે. આશ્રયની દ્રઢતા હોવી જોઈએ. સત્સંગ માટે શું ન થાય ? મરી છૂટવાની તૈયારી હોવી જોઈએ. આજે નરનારાયણદેવના પ્રસાદીના રંગના અમી છાંટણા હરિભક્તો પર નાખીને સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે ઉપરોક્ત ભાવના હર હંમેશ પ્રજવલિત રહે !"

(તા. ૭-૩-૨૦૦૪ ષષ્ઠિ પૂર્તિ વિજય સ્તંભ સ્થાપના પ્રસંગની સભામાં
પ.પૂ. લાલજી મહારાજશ્રી)

"સંતોએ સર્વેએ અમારા વખાણ કર્યા. પરંતુ આ ઉત્સવ અમારા આ પદનો ઉત્સવ છે. વ્યક્તિગત નથી. મહારાજનું અખંડ સ્મરણ રાખવું એ ઉત્સવ સમૈયાનું હાર્દ - ફલશ્રુતિ હોવાથી આવા ઉત્સવ સમૈયા દર બે-ત્રણ વર્ષે એકવાર થવા જોઈએ."

- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી
(મહોત્સવના ઉદ્‌ઘાટન સમયે)



"મહારાજના દરેક ચરિત્રોનું ઉંડું હાર્દ હોય છે. મહારાજ છપૈયામાં પસાર થતા એટલે અમૂક મલ્લો મહારાજની ઈર્ષ્યા કરતા. મહારાજે તેઓનું કંઈ બગાડ્યું ન હોય, છતાં નડવા આવતા. એટલે મહારાજ પછી એવા આસુરી તત્વો ને ઠેકાણે પાડતા. એમ આજે પણ અમે કોઈને નડતા ન હોઈએ, તે છતાં જેઓ ઈર્ષ્યા કરીને આપણને નડવા આવે છે, અવરોધરૂપ થાય છે, ત્યારે મહારાજ એવો સંકેત આપે છે કે, એને અમે સંભાળી લઈશું."

- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

(મહોત્સવના પ્રસંગે ૨-૪-૦૪ના રોજ હરિભક્તોને સંગ્રહસ્થાન બાબતે પ્રોત્સાહિત કરતી વેળાએ)

"અશોકભાઈ (ધારા સભ્ય)એ કાંકરિયા અંગે સુદર વાત કરી, તેના પરથી એક પ્રસંગ યાદ આવે છે. જૂના ઈતિહાસમાં કાંકરીયા સરોવર એ આપણા મંદિરની માલિકીનું સરોવર હતું. જ્યારે આ સરોવર સરકારને (અમ.મ્યુ. કોર્પો.)ને આપવાનું નક્કી થયું ત્યારે એ વખતના આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે શરત મૂકી કે, "આ સરોવરમાં કોઈએ માછલા ન મારવા, ન પકડવા." **Times of India** માં આ બાબતનો એક જૂનો લેખ જોવામાં આવ્યો છે. જેના ઉપરથી સંશોધન અર્થે એક લેખ તૈયાર કરવો છે. જે એક રસપ્રદ બીના બની રહેશે.

સંતો અને હરિભક્તોએ અમારા માટે ખૂબ શુભેચ્છાઓ વ્યક્ત કરી, તે બદલ સૌને ખૂબ ધન્યવાદ. અમારે પણ સૌને સામે કંઈક આપવું જોઈએ. કચ્છમાં નંદસંતો વિચરણ કરતાં હતા. એક નાના બાળકે સંતોની ખૂબ સારી સેવા કરી. સંતો રાજી થયા. સંતો બાળકને કહે, કંઈક માંગ ! બાળક ખૂબ હોશિયાર ! તેણે માંગ્યું કે, "તમને વહાલામાં વહાલી જે વસ્તુ હોય તે અમને આપો. સંતોને વહાલામાં વહાલા ભગવાન હોય, એટલે બાળકને ભગવાન આપ્યા. નિરાવરણ દ્રષ્ટિ આપી. ઘેર બેઠા મહારાજની લીલાઓને નિહાળી શકે. તેજ બાળક મોટો થયો અને સદ્. અચ્યુતદાસ સ્વામી તરીકે સંત દીક્ષા લઈ સંપ્રદાયના વિરલ સંત બન્યા અમારે તમને સૌને શું આપવું છે એ દરેકને ઈંતેજારી હશે. અમારે એ આપવું છે કે, આજ સુધી અમે જેવા શ્રી નરનારાયણદેવને ઓળખ્યા છે એવા તમને સૌને ઓળખાવવા છે. એ માટે અમે ઘેર ઘણાં કલાકો સમય કાઢીને મહારાજે શ્રીનરનારાયણદેવનો ક્યા વચનામૃતમાં કઈ રીતે ઉલ્લેખ કર્યો છે તે પેરેગ્રાફ્સ અમે અમારા હસ્તાક્ષરમાં લખ્યા છે. ગૃહસ્થને અનેક વિટંબણાઓ હોય. લખવા બેસીએ એટલે ફોન આવે, મુલાકાતીઓ આવે, મુશ્કેલીઓમાંથી પસાર થઈ 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' એ નામની નાની પુસ્તિકા તૈયાર કરી છે. જેનું આવતી કાલે વિમોચન કરવું છે. દરરોજ વાંચશો તો શ્રી નરનારાયણદેવનું દર્શન કરવાનો વિશેષ આનંદ આવશે. પ્રથમના ૪૮માં વચનામૃતમાં સત્સંગીમાત્રને મહારાજે શ્રી નરનારાયણ દેવને પૂજામાં રાખવાની આજ્ઞા કરી છે. એમાં દેશ વિભાગનું વિભાજન લાગું પડતું નથી. શ્રી નરનારાયણદેવને મહારાજે પોતાનું સ્વરૂપ કહ્યું છે. શ્રીજી મહારાજે શાસ્ત્રોના સારરૂપ જેમ એક ગુટકો તૈયાર કરેલો તેમ અમે આ એક ગુટકો તૈયાર કરીને તમને સૌને ભેટ આપીએ છીએ, જેને આશીર્વાદ માની નિત્યપાઠ કરવાનો અનુરોધ કરી વિરમું છું.

- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

(દિ. ૪-૪-૦૪ના કથા સત્સંગ સમયે)

"આજે સભામાં ઘણી બધી સારી વાતો સાંભળી. એમાં આપણાં ચૌધરી યુવક હરિભકતે જે વાત કરી, ઉપાસનાની, સ્વચ્છતાની, તે સ્પર્શી જાય તેવી છે. અમે ઘણાં વર્ષો પહેલાં એક બંગલામાં પધરામણીએ ગયેલા. એ બંગલાના માલિકે એક બહુ નામાંકિત વિદેશી આર્કિટેક પાસે બંગલાનું પ્લાનિગ કરાવેલું. રંગરોગાન સુધી બધું તૈયાર થઈ ગયું. પછી માલિક કહે, અમારે થોડો પ્લાનિંગ ફેર કરવો છે. આ જગ્યાએ એક સીલીંગ ફેન નંખાવવો છે. આર્કિટેક કહે, અમને કંઈ વાંધો નથી. પરંતુ પંખાની નીચે એક લખાણની પ્લેટ મારવી પડશે કે આ પંખો આર્કિટેકની મરજી વિરુધ્ધ લગાવ્યો છે. જગતના આર્કિટેકને પોતાના પ્લાનીંગનું આટલું ગૌરવ હોય તો મહારાજને પોતાના સ્થાપેલા સત્સંગના પ્લાનીંગનું કેટલું ગૌરવ હોય ! મહારાજ કહે છે કે અમે આ વખતે કંઈ કાચું રાખ્યું નથી. મહારાજની મરજી વિરુદ્ધ ફોટા મુકતા હોય, સંપ્રદાયની આરતી, શાસ્ત્રો, ઉપાસનામાં ફેરફાર કરતા હોય, એ મહારાજ સાંખી લેવાના નથી. કલ્યાણ

તો છેટું રહ્યું. ઉલ્ટા મહારાજને કુરાજી કરે છે. એક યા બીજી રીતે તેઓ પર આપણે મહારાજનો કુરાજીપો જોઈએ છીએ. માટે આધ્યાત્મિક કેન્દ્ર ચોખ્ખું રાખવું, મહારાજે સો ટકા શુદ્ધ ઉપાસના માર્ગ આપ્યો છે. એ પ્રમાણે ચાલીશું તો આ જન્મે અને પછી પણ દિવ્ય સુખની પ્રાપ્તિ થશે.

'વચનામૃતમાં શ્રીનરનારાયણદેવ' એ પુસ્તક વસાવજો, વાંચજો અને મનન કરજો.


"સૌ પ્રથમ તો આ દિવ્ય સભા પાસે આશીર્વાદ માંગવા છે. સૌ મહારાજને પ્રાર્થના કરજો કે બાળ લાલજીને મહારાજ સત્સંગની સેવા કરવાનું ખૂબ બળ આપે. સત્સંગીઓને ખૂબ સુખ આપે. એમના સમયે સત્સંગની ખૂબ વૃદ્ધિ થાય. તેઓ જે છંદ બોલ્યા તે બ્રહ્માનંદ સ્વામી રચિત છંદ હતો. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને ધર્મકુળ પ્રત્યે ખૂબ હેત હતું. અને ધર્મકુળને પણ બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે ખૂબ ભાવ હતો. છેલ્લા ૪-૫ દિવસથી કથા પછી દરેક મહાનુભાવો, સંત-હરિભક્તો અમારી ખૂબ ખૂબ પ્રશંસા કરે છે, વખાણ કરે છે. ત્યારે અમને શું સંકલ્પ થાય છે ? જાણો છો ? જ્યારે અમારી પ્રશંસા થતી હોય ત્યારે દેહે કરીને અમે અહીં બેઠા હોઈએ છીએ, પરંતુ મને કરીને સભામાં તમારી સૌની વચ્ચે ક્યાંક એક ખૂણામાં બેઠો હોઉં છું. અને બેસીને આચાર્યપદની પ્રશંસા નિહાળું છું.

એકવાર એક પત્રકારે અમને પૂછેલું કે આપ કોઈના ઘેર પધરામણીએ જાવ, ત્યારે આપને કેવા સંકલ્પો, ભાવ, ઉર્મિઓ થાય છે ? અમે ઉત્તર કર્યો, તમે કોઈ વ્યક્તિના ઘેર જાવ, ત્યારે તમને તમારા દાદાનો ફોટો જોવા મળે. તેને ફુલનો હાર પહેરાવેલો હોય, પૂજન થતું હોય, તો તમને કેવી **Feeling** (લાગણી) થાય ? તેમ અમને પણ અમારા દાદાને કોઈ દીવો કરે, હાર પહેરાવે તેવું જોઈએ, ત્યારે એ વ્યક્તિ માટે અમારા હૃદયમાં કેટલું ઉચું સ્થાન હોય ! તેની કલ્પના કરવી રહી !

મહારાજે જે આ દિવ્ય સત્સંગની સ્થાપના કરી, મહારાજના એ દાખડા, પરિશ્રમ સામે જોઈને મહારાજને રાજી કરી લેવા. જગતના મનુષ્યો સદાચાર રૂપી ધર્મ પાળીને મૃત્યું પછી જે સુખ પ્રાપ્ત કરે છે, એવુ સુખ તો આપણે છતે દેહે આજે માણી રહ્યા છીએ. આ મનુષ્ય જન્મ છેલ્લો જન્મ કરી લઈને આ જન્મે જ અક્ષરધામમાં જવું છે. એટલું કહીને વિરમું છું."

- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (મહોત્સવ પ્રસંગે ૬-૪-૨૦૦૪)

"પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ એક દીર્ઘદ્રષ્ટિ રાખી, એક લક્ષ રાખી સંપ્રદાયને વિશ્વના ફલક પર લઈ જઈ ગૌરાન્વિત કર્યો છે. મૂળભૂત પરંપરાને અક્ષત લીલી કરીને વિશ્વના ખૂણે ખૂણે સ્વામિનારાયણ ભગવાનનો 'સર્વજીવ હિતાવહ સંદેશો' પહોંચાડ્યો છે. નંદસંતોની પરંપરાની ભગવી ચૂંદડીને આદર આપીને ઉજાળી છે. પોતાના પદની સર્વોચ્ચ ગરિમાને ઉની આંચ આવવા દીધી નથી. આ પ્રસંગે આપણે આપણાં પોતાનું જ અભિવાદન કરી રહ્યા છીએ. ગુરુના ઋણમાંથી ક્યારેય મુક્ત થઈ શકાતું નથી. આ પ્રસંગે આપણને એમ થાય કે આપણે કંઈક ભેટ અર્પણ કરવી છે. પરંતુ મહારાજશ્રી પ્રત્યે આપણે સાચો ભાવ અર્પણ કરીએ તેઓની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરીએ. કામી, ક્રોધી, કપટી, લોભી અને માની. એમાં પણ મહારાજ વચનામૃતમાં કહે છે કે માની ક્યારેય સત્સંગમાં ટકે નહીં. પંચવર્તમાન પાળવામાં દેહ પર્યંત મૂંઝાય નહીં એ



પાકો હરિભગત. 'પાકા સત્સંગી બનવું છે' એ સંકલ્પ આજે કરીએ એજ મહારાજશ્રીને સર્વોચ્ચ ભેટ આપી ગણાશે.

રમેશભાઈ મારફતિયા પરિવાર, અન્ય નાના મોટા યજમાન પરિવાર, અનેકવિધ સેવામાં નાનામાં નાની સેવા નોંધાવી હોય તે સૌના ઉપર શ્રી નરનારાયણદેવની ખૂબ કૃપા રહે, ખૂબ સુખીયા રહે. ખાસ કરીને અમેરિકા, આફ્રિકા, ઈંગ્લેન્ડ, વગેરે વિદેશોમાંથી આ ઉત્સવમાં જેઓ પધાર્યા છે. અને જેમણે ચુસ્ત સત્સંગ રાખ્યો છે. તે સૌ ઉપર શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવની અસીમકૃપા બની

રહે. સમજણ અને સત્સંગની અભિવૃદ્ધિ થતી રહે તેવી પ્રાર્થના તથા પૂ. મહારાજશ્રીએ અમને આજ સુધી જે માર્ગદર્શન પુરુ પાડ્યું છે તે સદાય મળતું રહે તેવી પ્રાર્થના."


- શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ
૧૦૦૮
શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી
(દિ. ૮-૪-૨૦૦૪)

"ધૂન-ભજનએ ઉત્સવનું હાર્દ છે. હૃદય છે. જેમણે જેમણે આ ભક્તિમંડપ નીચે બેસીને થોડું પણ નામ સ્મરણરૂપી ભજન કર્યું છે. એ ખૂબ ધન્યવાદને પાત્ર છે.' (ઉત્સવ-પારાયણની પૂર્ણાહૂતિ પ્રસંગે) : 'જ્યારથી આ સત્સંગી ધર્મકુળમાં જન્મ થયો, ત્યારથી વીતાવેલા ૬૦ વર્ષની એક એક ક્ષણ અમે તમારા માટે ગુજારી છે. હવે બાકીનો સમય અમારે અમારા માટે વ્યતિત કરવો છે. સર્વેને ઉત્સુકતા થાય કે કેવી રીતે ? સત્સંગ છોડવો નથી. સત્સંગની વચ્ચે જ રહેવું છે. પ્રસાદીની વસ્તુઓની કેટલી ભેટો મળી ! પ્રસાદીની વસ્તુઓ મળવાની શરૂઆત ક્યાંથી થઈ, જાણો છો ? પૂ. માતુશ્રીએ ઉપર એમની રૂમમાં બોલાવીને એક અદભૂત વસ્તુ ભેટ આપી. મહારાજની દાંત ખોતરવાની રૂપાની સળી ! ત્યારથી આ દિવ્ય અલૌકિક ભેટ મળવાની ચાલુ થઈ છે. કોઈને લોટરી લાગે તો ચિંતા થાય કે આનું ઈન્વેસ્ટ ક્યાં કરવું ? બધાં પહોંચી જાય, કે અમારી કંપનીમાં, અમારી બેંકમાં ઈન્વેસ્ટ કરો ! અમારે પ્રસાદીની વસ્તુઓની લોટરી લાગી છે ! સમય મળ્યે વિચાર કરીને આયોજન કરવું છે. સુંદર વૈજ્ઞાનિક રીતે જાળવણી થઈ શકે તેવી ઈચ્છા છે. ઘણીવાર પરંપરાથી પ્રાપ્ત થયેલ વસ્તુનો ખ્યાલ પણ નથી હોતો. જૂના નિવાસ સ્થાનથી જ્યારે નવા નિવાસ સ્થાનમાં આવ્યા ત્યારે ફાઈલો ફેંદતા મહારાજના હસ્તાક્ષર અને સહીવાળો એક કાગળ હાથ લાગ્યો. એ વખતે અંગ્રેજ સરકારના ૧ રૂા. ના સ્ટેમ્પ ઉપર લખાયેલ આ મુખત્યારનામાની વિશિષ્ટતા એ છે કે તેમાં સંવત વર્ષને બદલે ઈસ્વીસન વર્ષ, માર્ચ મહિનો અને તારીખ લખેલ છે. એને મ્યુઝીયમમાં કેન્દ્ર સ્થાને રાખવું છે. પ્રતિકૃતિ, કોપી, ફોટો થવા દીધી નથી. થશે પણ નહીં. રંગના છાંટાવાળા વસ્ત્રો, રંગના છાંટા સહિત અમારી પાસે છે. જેનું દેશ-વિદેશના લોકો દર્શન કરી શકે તે માટે એની જાળવણી અકબંધ રહે એ સ્વપ્ન છે. એ સ્વપ્ન આ દિવ્ય સભા, આ સંતો-હરિભક્તોના આશીર્વાદથી પરિપૂર્ણ થાય એવી પ્રાર્થના.

આ મહોત્સવ સાકાર કરવા નાના મોટા લોકોએ યોગદાન આપ્યું. એક આખો દિવસ ઉભા રહીને મહેનત કરતો સ્વયં સેવક હોય કે કાગળ પર નકશો દોરનાર આર્કિટેક હોય, લાલજી મહારાજ દરરોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી ખડે પગે રહેતા. એ સૌને ધન્યવાદ પાઠવીને વિરમું છું.

- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ
૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
(દિ. ૮-૪-૨૦૦૪)

"આપણે આપેલું યોગદાન ઉતરી ગયું છે કારણ કે મહારાજશ્રીએ જેવા નરનારાયણદેવ ઓળખ્યાં છે. તેવા આપણને ઓળખાવવા સ્વલિખિત ગુટકાથી દાખડો કર્યો છે. અમે સ્વયં સેવકોને પ્રથમની સભામાં કહી રાખ્યું છે કે ઉત્સવ જ્યારે પૂરો થશે ત્યારથી આપણો ઉત્સવ, આપણું કાર્ય શરૂ થશે. મ્યુઝીયમ માટે અમારો સ્વયંસેવક યુવાન લોહીના છેલ્લા ટીપા સુધી સમર્પિત છે. એની જવાબદારી અમે લઈએ છીએ. ઉત્સવમાં મહારાજશ્રીનું



કાર્ડ વટાવીને પુણ્ય આપણને મળ્યું છે. ઉત્સવ નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન સભાઓ, ધૂન્ય, મંત્રલેખન, પદયાત્રાઓ, જનમંગલ પાઠ, મહાપૂજા વગેરે જે કંઈ વિધ વિધ પ્રવૃત્તિ થઈ તેનું પુણ્ય આપણને મળ્યું છે. ભગવાન આપણાં ઉપર રાજી થયાં છે. મહારાજશ્રી પ્રેમ લાગણી વગેરે પોતાના કુટુંબને આપે છે - અમોને સાચવે છે, પરંતુ તેના કરતા અનેક ઘણું વધારે સંતોને અને હરિભક્તોને સાચવે છે. પોતાના સમયનો ૧૦ મો ભાગ પણ મહારાજશ્રી પોતાના કુટુંબ માટે નથી આપતા. સત્સંગ પરિવાર એ જ તેઓનું બૃહદ્ કુટુંબ છે. આવું ને આવું સુખ,

વધતુને વધતુ રહે એવી શ્રીનરનારાયણદેવને પ્રાર્થના.

પ.પૂ. લાલજી મહારાજશ્રી

(દિ. ૮-૪-૨૦૦૪)

"મહારાજે એક વખત ગામની ચાલું સભા વચ્ચે એક ભગતે આપેલી ચરણ ભેટનો સ્વીકાર કર્યો. અમુક લોકો સભામાંથી ઉભા થઈ ગયા. મહારાજે બીજું ચરિત્ર કર્યું. એક પાંયસામાં બન્ને પગ નાખ્યા. અડધા લોકો ઉભા થઈ ગયા, 'આને ભગવાન કહેવાય ?' 'હવે આપણે દિલ ખોલી ને વાત કરવાની મઝા આવશે. કારણ કે કાચા ઉભા થઈ ગયા. પરિપૂર્ણ નિશ્ચય વાળા રહ્યા.' મહારાજશ્રીની સેવા માટે તો ભાગ્યમાં લખ્યું હોય તેનાથી માત્ર નથી થતું. વિશેષ કરીને ભગવાનની કૃપા થાય તો જ આ સેવા મળે. મને જે સેવા કરવાનો આ સમયે મોકો મળ્યો. એ મહારાજની કરુણા, બળ અને શક્તિને આભારી છે. મહારાજે કીધું છે. દેહ અને સગા માટે આ જીવાત્મા કેટલું કરે છે ? એટલું જ જો ભગવાન અને ભગવાનના ભક્ત માટે કરે તો તેને ભગવાન મેળવવા સહેલું થઈ જાય. જેટલી પ્રીતિ સગા માટે છે. એટલી પ્રીતિ ભગવાન માટે રાખે તો કામ સરળ થઈ જાય ! તમારા ઘેર ૧૦-૧૨ કિ.મી. ચાલીને કોઈ સગા આવ્યા હોય, તમે માટલામાંથી પ્યાલો ભરીને પીવા જતાં હો, સગા આવે એટલે એ જ પ્યાલો તમે તેને ધરી દો છો. કારણ કે તમારા સગા છે, ચાલીને આવ્યાં છે. તેની સાથે તમને બહું પોતાપણું રહે છે.

પૂરા ઓળખતા હોય કે ન ઓળખતા હોય તો પણ તેના લગ્નાદિક પ્રસંગોમાં ઘણાં નાચવા જતાં હોય છે. એક માણસ કાયમ નાચતો, પાર્ટી પ્લોટમાં અમારી વાડીની બાજુમાં ૮-૧૦ પાર્ટી પ્લોટ છે. પાર્ટી પ્લોટના ભૂંગળા શરૂ થાય એટલે અમે સૂઈ જઈએ, બંધ થાય એટલે જાગીએ. એક ભાઈ ૪-૫ લગ્નમાં દેખાયા. આજુ બાજુમાં જ ફરે. જેના લગ્ન હોય તેમાં નાચવા જાય. પૂછ્યુ, 'તું છે કોણ ? કહે કે મને નાચવાનો શોખ છે. માણસ આટલું બધું કરે છે. જ્યાં ઓળખાણ ન હોય ત્યાં પણ ઘસાય. આ એક માનસિકતા છે પણ અંદર, બેઠેલો ભગવાન શું કરે છે, એની ચિંતા રાખતા નથી ! આવી જ પ્રીતિ જ્યારે ભગવાનમાં થાય ત્યારે આપણા જીવનું રૂડુ થાય.

અમને આ સમયે બહુ આનંદ થયો છે. અમે ઉત્સવના ગ્રાઉન્ડ પર બપોરના ૧૨ વાગ્યે કે સાંજના ૭ વાગ્યે, જ્યારે પણ નીકળતા ત્યારે પાર્કિંગ, સ્વાગત અને માર્ગદર્શન સેવાથી શરૂ કરીને પગરખા, એંઠવાડ જેવી નાનામાં નાની સેવામાં દરેક સ્થળોએ ઉત્સાહથી થનગનતા સ્વયંસેવકો ને ખડે પગે જોતા. બધાં હરિભક્તોએ મહારાજની વાત સાર્થક કરી છે. બહુ મોટી વસ્તુ છે. દેહના સગા માટે જો થઈ શકતું હોય તો મહારાજ માટે કેમ ન થાય ? મહારાજની સાથે આપણાં જીવનું સાચું જોડાણ છે. કંઠી આપણું મંગલ સૂત્ર છે. તિલક ચાંદલો આપણો પક્ષ છે. પ્રેમ છે. સાચા સગા સબંધી એ ભગવાનના ભક્ત છે. આ દુનિયાના પોતાના સ્ત્રી, પુત્ર વગેરે સત્સંગ રાખે કે ન રાખે. આ સભામાં કોઈ કચ્છી, કાઠિયાવાડી, ગુજરાતી, પટેલ, ચૌધરી, વાઘરી કે બ્રાહ્મણ હશે એ બધું આપણે કર્યું છે. મોટામાં મોટી જાત એ સત્સંગીની જાત છે. તિલક-ચાંદલો એ જ ચિહ્ન છે. એ જ ભાગ્ય છે. સંપ-એકતા રાખવી, સેવા કરવી એજ લાભ મળ્યો છે. આપણે યજમાન છીએ. બીજા મહેમાન છે. આપણે સૌની આગતા સ્વાગતા કરીએ. તમારા સૌના ઉપર મહારાજ ખૂબ રાજી થાય, ખૂબ સુખી કરે, એવી નરનારાયણદેવને પ્રાર્થના. અમે વિચાર્યું કે આટલા બધાં હરિભક્તોને શું આપવું ? નિર્ણય કર્યો કે પ્રમાણપત્ર, પણ મહારાજશ્રીના હસ્તાક્ષર વાળું. સાઈટ ઉપરથી રાત્રે મોડા નિવાસ સ્થાને ગયા. રાત્રીના દોઢ વાગ્યે મહારાજશ્રીને જગાડ્યા મહારાજશ્રી કહે, કેમ અત્યારે ? અમે કહ્યું, એક સંકલ્પ થયો છે. ઉત્સવ દરમિયાન આ છોકરાઓને સેવા કરતા જોઈને અમે ખૂબ રાજી થયા છીએ. માટે આપના હસ્તાક્ષર વાળો આશીર્વાદ પત્ર, આવતી કાલે તો અમારે સૌને આપી દેવો છે. મહારાજશ્રીએ રાત્રીના દોઢ વાગ્યે પત્ર લખ્યો. લખીને ભગવાનનું બળ રાખવાનું કહીને તેઓએ કહ્યું કે, "અમે પણ સેવા કરતા જોઈને સૌ ઉપર ખૂબ રાજી થયા છીએ" નાની નાની સેવા ભગવાનને ખૂબ ગમે છે. સોનાથી, લાખ રૂપિયાથી, પૈસાથી ભગવાન જેવા રાજી થતાં નથી, તેવા રાજી ભાવના અને સ્નેહથી થાય છે. આ એક બહુ મોટી ફોજ છે. મહારાજશ્રીને આ ફોજ સાથે પોતાપણું છે. આપણને ગર્વ છે કે અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ આપણો બાપ છે. આપણને જે મળ્યું છે એ કોઈને મળ્યું નથી. તમને બધાને મહારાજ ખૂબ જ સુખીયા કરે એવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના."

પ.પૂ. લાલજી મહારાજશ્રી

(દિ. ૮-૪-૨૦૦૪)

અમારા પ.પૂ. મહારાજશ્રી

- શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત)

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી૧૪ વર્ષની બાલ્યાવસ્થામાં આફ્રિકાના કેનિયા, યુગાન્ડા, અને ટ્રાન્ઝાનિયાના દેશોમાં ધર્મપ્રવાસે પધાર્યા ત્યારે ગુજરાત અને કચ્છના હરિભક્તોને લાલજી સ્વરૂપે એક નવી ચેતના પ્રગટાવી કે સંપ્રદાયના આશ્રિતો ઉપરાંત અન્ય ધર્મના લોકોને પણ તેમના દર્શન માત્રથી તેમનામાં ભગવાન રૂપે દર્શન થયા. આટલી નાની ઉંમરમાં તે સમયે વિદેશ પ્રવાસ અને તેમાં પણ આફ્રિકા જેવા દેશોમાં જવું તે જ અઘરૂ હતું. પણ તેઓશ્રીને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ અને હુંફ સાંપડી હતી. આવા આચાર્ય મહારાજશ્રી અને લાલજી મહારાજશ્રી જે સંપ્રદાયને મળ્યા હોય તે સંપ્રદાયનું ખૂબજ ગૌરવ અને ગરિમા ગણાય. આફ્રિકાના હરિભક્તો પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમાગમ દર્શનથી ખૂબજ પ્રભાવીત થયા. જે આજે ત્યાં નાઈરોબી, મોમ્બાસા, કંપાલા, દારેસલામ વગેરે જગ્યાએ સત્સંગ ફૂલ્યો ફાલ્યો છે. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અને કચ્છના સંતોની પ્રેરણાથી ત્યાં મોટા મોટા મંદિરો નિર્માણ થયા છે. તે તેઓશ્રીની કૃપાનુ ફળ છે. તેજ રીતે અમેરિકામાં સૌ પ્રથમ ત્યાં પ્રવાસે જવાનું નક્કી કર્યું ત્યારે ગણ્યા ગાંઠ્યા સત્સંગીના સરનામાં મેળવીને ત્યાં સંતોના મંડળ સાથે પધારેલા. કેવો કપરો સમય ! ત્યાં ઉતરવા માટે - સભાઓ કરવા માટે ખૂબજ પરિશ્રમ-તપ કરવું પડેલું ! દુનિયાની મહાસત્તા અને મહાશક્તિ શાળી અમેરિકામાં કોઈને સમય જ ન હોય ! ત્યાં સભા-સત્સંગ-પધરામણી આ બધો કાર્યક્રમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય પ્રતાપ અને તેઓશ્રીમાં સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિ રહેલા છે તેના પ્રતાપે કરીને પ્રથમ પ્રવાસમાં જ અનેક ઘરોમાં પધરામણી-જાહેર સત્સંગ સભા, નવા આશ્રિતોને ગુરુ મંત્ર ! પછી તો તેની લાઈનો લાગવા માંડી ! ક્રમશઃ **I.S.S.O.** સંસ્થા (શ્રી નરનારાયણદેવ ગાદી સંલગ્ન) સ્થાપીને તે દ્વારા ન્યુજર્સી મંદિર નિર્માણ બાદ ત્યાં બોસ્ટન, શિકાગો, એલ.એ., હ્યુસ્ટન, ફ્લોરિડા, ડિટ્રોઈટ જેવા મોટા શહેરોમાં શિખરબધ્ધ મંદિરો નિર્માણ થયા. હજારોની સંખ્યામાં હરિભક્તો પણ થયા ! આજે તો ત્યાંનો સત્સંગ મોટું વટવૃક્ષ બની ને ઉભો છે. ખૂબ જ ટુંકા સમય ગાળામાં આવું મહાન ભગીરથ કામ ભગવાનના અંશ વિના શક્ય જ નથી. આ અમેરિકા પુરની વાત નથી ! સમગ્ર વિશ્વમાં શ્રી નરનારાયણદેવની ધજા ફરકે છે. કેનેડા, યુરોપ, લંડનના મોટા મોટા ૧૫ શહેરોમાં મંદિરો, સ્વીડન, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, મોરેશ્યસ, સિસલ્સ, ખાડીના દેશોમાં દુબઈ, મસ્કત અને શારજાહ જેવા મુસ્લિમ દેશોમાં સત્સંગ મંડળો અને મંદિરોનું નિર્માણ થયું છે. વિદેશના યુવાનોને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનું બળ અને પ્રેરણા સતત મળતા રહે છે. વિદેશના યુવાન સત્સંગી એટલા તૈયાર થયા છે કે એને બીજો કોઈ રંગ ચડે નહીં આ સત્ય અને સચોટ જોયેલી અને અનુભવેલી વાત છે. આ બધું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-કરુણા અને દયાળુતાના પ્રતાપે કરીને છે.

અંતમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વ્યક્તિગત મહાન ગુણોમાંથી એક પણ ગુણ આપણામાં આવે તો સમાજ અને સત્સંગમાં પ્રતિષ્ઠા ભર્યું સ્થાન કોઈપણ વ્યક્તિ પ્રાપ્ત કરી શકે. તેવા મહાન ગુણોના ભંડાર આપણા પૂ. મહારાજશ્રી છે.

બીજું તેઓશ્રી અક્ષરઃ સહ શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કરે છે. જેથી તેઓશ્રીનો ચોખ્ખો વહિવટ, દેવ દ્રવ્યની શુદ્ધતા, દેવનું જ હિત, લાખો-કરોડોની ભેટ સોગાદ આવે તો તરત તેની પાવતી બની જાય અને ભેટ આપનારને રવાના પણ થઈ જાય ! તે પછી મંદિરમાં હોય, પોતાના નિવાસ સ્થાને હોય કે પછી બહાર ગામ હોય, કોઈ પ્રકારની લાલચ-તૃષ્ણા-મોહ જેવું તેઓશ્રીમાં કોઈ સામાન્ય સત્સંગીથી લઈ મોટા ઉદ્યોગપતિએ અને સંપ્રદાયના કોઈ પણ સંતોએ પણ ક્યારેય જોયુ નથી. અમને બન્ને દેશના સંતોને તેઓશ્રી માટે જેટલુ માન અને આદર છે. તેટલું જ આદર અને માન તેઓશ્રીને બન્ને દેશના સંતો માટે છે. આવા મહાન ગુણોના ભંડાર અને મહાન વિભૂતિ સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આ ષષ્ઠી પૂર્તિ મહોત્સવે કોટી કોટી સાષ્ટાંગ પ્રણામ.

ગુરુદેવના ચરણોમાં કોટી કોટી વંદન

- મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારણપુરા)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીના ચરણોમાં કોટી કોટી વંદન. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ૬૦ વર્ષ સુધી પોતાના દેહની પરવા કર્યા સિવાય, અવિરત સત્સંગની સેવા કરેલ છે. પામર અને પતિત જીવાત્માઓને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરિપણું ઓળખાવ્યું છે. મોટું શહેર હોય કે નગર હોય કે નાનું ગામડું કે પછી પછાત વર્ગની ઝુપડી હોય ત્યાં સુધી જઈને સ્વામિનારાયણ મહામંત્રનું નામ રોશન કરેલ છે. એવા અનેક પ્રંસગો પૂ. મહારાજશ્રીના જીવનમાં વણાયેલ છે. તે પૈકી કેટલાક પ્રસંગો નીચે પ્રમાણે છે.

ગામ કડી જોડે દેઉસણામાં આચાર્ય મહારાજશ્રી આખા ગામમાં પધરામણી કરતા હતા. તેમાં એક હરિજન બહુ ગરીબ માણસ ! જેને રહેવા માટે નાનું ઝુપડું ! જેમાં સીધે સીધો પ્રવેશ ન મળે ! મથીને માંડ પોતાનું જીવન ગુજરાન ચલાવે ! પધરામણી દરમિયાન તેમને ઈચ્છા થઈ કે આવા મોટા ભગવાનને મારે ઘેર પધરાવુ ? પણ પૂ. મહારાજશ્રી પાસે જઈ ન શકે અને આ વાત હરિભક્તો પૂ. મહારાજશ્રીની પાસે રજુ ન કરી શકે. પરંતુ પૂ. મહારાજશ્રીએ હરિજન હરિભક્તના હાવભાવથી જાણી લીધું કે આ ભકતને પધરામણી કરાવવાની ઈચ્છા છે. તેથી પૂ. મહારાજશ્રીએ એમને પૂછ્યું કે તમારું ઘર આવે ત્યારે કહેજો. જ્યારે ઘર આવ્યું ત્યારે ભકતે બતાવ્યું. અને પૂ. મહારાજશ્રીએ અડધા નીચે વળીને તેના ઘરમાં પ્રવેશ કર્યો ! અને તેમના તુટેલ ખાટલામાં બેઠા ! એમને ઘરે આરતી કરીને રાજી કર્યા. આવા અનેક પ્રસંગો છે.

૨૦૦૧ની સાલમાં રાજસ્થાન ઝાલોર જિલ્લાના વાપા ગામમાં એક નાનકડું મંદિર બનાવવામાં આવ્યું. ત્યાં પૂ. આચાર્ય મહારાજશ્રીને ત્યાંના હરિભક્તો આગ્રહથી મૂર્તિ પ્રતિષ્ઠામાં લઈ ગયા. ત્યાં રાજસ્થાન મરૂભૂમિમાં ઘણી બધી તકલીફો હતી. એક તો સખત ધૂળ ઉડે ! પાણીની તકલીફો ! રહેવા માટેની વ્યવસ્થા નહીં ! આવા પ્રસંગે એક નાની રૂમ બનાવી તેમાં પૂ. આચાર્ય મહારાજશ્રીને ઉતારો આપ્યો. સંતો અને હરિભક્તો જરા ચિંતાતુર હતા. તેથી પૂ. મહારાજશ્રીને પૂછ્યું કે 'બાપજી' આપતો મહારાજાધિરાજ છો. તેથી આપને અહીં સાનુકુળ જણાશે કે કેમ ? પૂ. મહારાજશ્રી કહે, અરે ! સ્વામી આવી વ્યવસ્થા તો મોટા નગરોમાં પણ ન મળી શકે. પછી રાત્રિને સમયે લાઈટના અભાવે હજારો માણસો પ્રકાશ માટે આચાર્ય મહારાજશ્રીના ઉતારા જોડે જ ફાઈટર ચાલુ કર્યું. કારણ કે દૂર રાખી શકાય તેવી વ્યવસ્થા ન હતી. તેથી પૂ. મહારાજશ્રીએ કહ્યું કે આપ જરાય ચિંતા કરશો નહિ. તમારા પ્રેમના કારણે આ ફાઈટરનો અવાજ સંગીતની સુરાવલી બની જશે.

પૂ. મહારાજશ્રીએ નાનામાં નાના સંતનું અને નાનામાં નાના સત્સંગીનું વ્યક્તિગત ધ્યાન રાખ્યું છે. અને તેમને સાંભળ્યા છે. ૧૯૮૯ની સાલમાં જ્યારે અમારા અમદાવાદમાં શરૂઆતના દિવસો હતા અને સિધ્ધપુરની મહંતાઈ પૂ. મહારાજશ્રીએ આપી હતી ત્યારે અમારી સાથે સંત સમુદાય નહીં જેવો હતો. મેં પૂ. મહારાજશ્રીને પૂછ્યું, 'બાપજી' સિધ્ધપુરની મહંતાઈ એકલે હાથે ચલાવવી બહુ કઠીન પડે છે. ત્યારે પૂ. મહારાજશ્રી એટલું જ બોલ્યા હતા કે તમો નરનારાયણદેવને સાથે રાખીને હરિકૃષ્ણ મહારાજની સેવા કરજો. હું તમારો છું અને તમારી સાથે રહીશ. તમારે કોઈપણ તકલીફ હોય તો મને જણાવજો. આવી નાનામાં નાની બાબતનું પૂ. મહારાજશ્રીએ ધ્યાન રાખ્યું છે. જેમ રામાયણમાં કહ્યું છે.

"કરહું સદા તિનકી રખવાળી જીમી
બાલક રાખે મહતાળી"

આમ જેમ મા બાળકનું રક્ષણ કરે છે તેમ આચાર્ય મહારાજશ્રીએ સત્સંગ સમાજનું રક્ષણ કરેલું છે.

મોરેશ્યસના પ્રવાસ દરમ્યાન પૂ. મહારાજશ્રી નિત્યકર્મ પ્રમાણે નાહી ધોઈ પૂજા પાઠ કરી મંદિરે આરતી કરવા માટે આવે કથા વાર્તા પછી એમના રૂમમાં પ્રવેશ કરે. બપોરે ૧૧-૩૦ કલાકે બહાર આવી ઠાકોરજી જમાડી સંતોની સાથે થોડી ચર્ચા કરી હરિભક્તોને મળી રૂમમાં જતા.

એક દિવસ મેં પૂછયું 'બાપજી'

આટલો સમય આપ એકલા જ રૂમમાં શું કરો છો ? ત્યારે પૂ. મહારાજશ્રી એ હસતા હસતા કહ્યું "ઓ સ્વામીજી હું તો ઘણું બધું કામ લઈને આવ્યો છું. મારે આધારાનંદ સ્વામીના ગ્રંથનું વાંચન પુરુ કરવું છે. તેથી હું સતત અંદર બેસીને સમય વ્યર્થ નહી જવા દેતા અધ્યયન કરું છું. અને પછી મહારાજશ્રી એવું બોલ્યા કે આપણે એ શીખી લેવું જરૂરી છે કે આપણે એકલા પણ કલાકો સુધી બેસી શકીએ. અને સમૂહમાં પણ કલાકો સુધી બેસીને સમય સફળ કરી શકીએ. આ વાત મને અતિશય ગમી હતી અને એ એટલા માટે ગમી હતી કે એકલો રહેનારો સમૂહમાં નથી રહી શકતો. અને સમૂહમાં રહેનારો એકલો રહી શકતો નથી. પણ અમારા પૂ. મહારાજશ્રી બંને રીતે ખુશમિજાજ થી જીવી જાણે છે. સાંજે છ વાગે બહાર આવતા આરતી કરવા પધારે, કથા વાર્તા કરી ઠાકોરજી જમાડવા બેસતાં પછીનો જે સમય હતો એ અમારા માટે 'સુવર્ણયુગ' જેવો હતો. અંદાજે પૂ. મહારાજશ્રી અમારી સાથે બે કલાક જેવું નાનાગુટમાં બેસતા. એટલી સુદર વાતો કરતા તે પૈકીના એક બે પ્રસંગો મને યાદ છે. એમણે કહ્યું કે,

જીવ પ્રાણી માત્રને પોતાના કર્મો ભોગવવા જ પડે છે. તેમાં પણ સત્સંગીઓને કરેલા કર્મનું ફળ તરત જ મળે છે. શુભકર્મનું ફળ શુભ મળે છે. અને અશુભ કર્મનું ફળ અશુભ મળે છે. આ દિવસે યોગાનુયોગ અમે બે જણ જ હતા અને એમણે કહ્યું કે આ કર્મના સાક્ષી પણ આપણે જ છીએ. અને આપણે વિચારીએ તો આપણા ધ્યાનમાં આવી પણ જાય છે.

એક દિવસ સાંજના સમયે પૂ. મહારાજશ્રીએ જણાવ્યું હતું કે વ્યવહાર ત્યાગીઓએ કે ગૃહસ્થોએ સંભાળીને રાખવો પડે. અમે આચાર્ય છીએ, તમે ત્યાગી છો અને બીજા ગૃહસ્થો છે. બધાયે વ્યવહારમાં કુશળ રહેવું જોઈએ. ઋષિ દક્ષ પ્રજાપતિ અને શંકરની દશા થઈ એવી દશા આપણી થાય. આવી ઘણીક વાતો કરી. સંતો હરિભક્તોને રાજી કરતાં. અને એક વાત અગત્યની કરતા કે સાથે ગ્રુપમાં મજા કેમ કરાય એ પોતે પોતાના આચરણથી બતાવતા હતા. તે સંતોને હસાવે કંઈક જોઈતુ હોય તો પોતે પોતાની જાતે લઈ આવીને સંતોને આપે. ઘણી વાર રસોડામાં જઈને એમ કહે કે સ્વામી આ વસ્તુ આ રીતે બનાવાય આવી રીતે અતિ નૈકટ્યપણું રાખી અને એકમેકની ભાવના ઊભી કરતાં. આ પંદર દિવસના પ્રવાસને અમો સતત યાદ કરીએ છીએ. વિશેષમાં એ હતું કે જેમ જેમ નજીક ગયા તેમ તેમ મહિમા વધતો ગયો. પહેલા એમ લાગતું હતુ કે આચાર્ય છે ! પછી એવું લાગવા લાગ્યું કે અતિ મોટા પુરૂષ છે ! પછીથી એવું નક્કી થયું કે શ્રીજી મહારાજે પોતાની ગાદી પર પોતાનું સ્વરૂપ પધરાવેલું છે. અને આવું સમજ્યા પછી હરહંમેશ આચાર્યનો કેફ વર્તાયા કરે છે. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ તેમના શબ્દમાં સુંદર કહ્યું હતું ફુલની ઓળખાણ સુંગધથી, તળાવની ઓળખાણ પાણીથી, વૃક્ષની ઓળખાણ ફળથી તેમ પૂ.આચાર્ય મહારાજશ્રીની ઓળખાણ તેઓશ્રીના દિવ્ય અલૌકિક કાર્યોથી, આજે પૂ. આચાર્ય મહારાજશ્રી આજ્ઞા કરે અને લાખો હરિભક્તો દોડા દોડી કરવા લાગે છે.

દ્વિશતાબ્દી મહોત્સવ અને ત્યાર પછી રજત-સુવર્ણ જયંતી મહોત્સવ બન્ને ઉત્સવો પછી સત્સંગમાં જે જાગૃતિ અને ચેતના પ્રગટી છે તે તેઓશ્રીની કૃપાથી થઈ છે. આજે દેશ વિદેશમાં ફરી લોકોના દિલ જીતી લેનાર કોઈ પણ આમંત્રણને સહર્ષ સ્વીકારનાર અને પછી પાંચ માણસની સભા હોય કે પાંચસો માણસની કે પાંચ હજાર કે પાંચ લાખની સભાને એ જ ભાવથી એજ પ્રેમથી સંબોધન કરતા. અમારા પૂ. આચાર્ય મહારાજશ્રી ના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ માં ભક્તજનોએ પૂ.મહારાજશ્રીના પડકારને ઝીલી રહ્યા હોય એમ જય જયકારના નાદની સાથે લોકોએ વધાવ્યા. એ પૂ. મહારાજશ્રીના જીવનની ઉમદા કાર્યશક્તિ છે. હાલના તબક્કે આ મહાપુરૂષ ને બતાવવાની કોઈ જરૂર નથી. સૂર્યોદય થાય ત્યારે પ્રાચી દિશાને બતાવવાની કોઈ જરૂર નથી. એ તો ગર્જના થી ઓળખાય. તેમ અમારા આચાર્ય મહારાજશ્રીને કોઈને બતાવવાની જરૂર નથી એ તો એમના કાર્યથી જણાય છે. તેમ છતા સભામાં આપણે એમની પ્રશંસા કરીએ છીએ એ માત્ર આપણી વાણીની સાફલ્યતા માટે છે. એ ધર્મકુળનો બગીચો એવો છે કે એ પોતાની સુંગંધથી જ મ્હેકે છે. એને અન્ય સુગંધની જરૂર નથી.

એવા અમારા પ. પૂ. આચાર્ય મહારાજશ્રી આપનું સુખ આ સત્સંગ સમાજને હજારો વર્ષો સુધી મળતું રહે એ જ આપના ચરણોમાં અભ્યર્થના સાથે.

सनातन प.पू.ध.धु. आचार्यवर्याणां श्री १००८ तेजेन्द्रप्रसादजी-महोदयानां षष्टि पूर्ति समारोहे वन्दना - सप्तकम ॥

(प्रा. डॉ.वासुदेव वि.पाठक)

नरनारायणोदेवः स्वामिनारायणस्तथा ।
कृपां करोतु कल्याणं षष्टि पूर्ति महोत्सवे ॥
श्री तेजेन्द्रप्रसादानां विशिष्टा वन्दना वरा ।
षष्टि पूर्ति समारोहे धन्यतायाः प्रदायिनी ॥
धन्यास्सत्संगिनस्सर्वे महोत्सव परायणाः ।
निजाचार्यस्य दिव्येऽस्मिन्षष्टिपूर्ति महोत्सवे ॥
शतायुः पुरुषः पुण्यः भारते ऋषिकल्पकः ।
परेशकृपया भूयाद आचार्याणां ततोऽधिकम ॥

पुण्या च भक्तिमार्गीया परंपरा प्रवाहिता ।
पूज्यै श्री सहजानन्दैः सा भवद्भिः निभालिता ॥
श्री स्वामिनारायण संश्रितानाम
सत्संगापुण्यैश्च पवित्रितानाम ।
आचार्य पाद्श्च प्रसादितानाम
भूयात्परं मंगलं मंगालानाम ॥
आचार्य प्रवरत्वं ते स्यादेव वरदायकम् ।
विचार्यैतदवयं वन्द्या : ! प्रणामामः परम्पराम् ॥

शुभकामना प्रदायक

रचयिता - भवदीय :-डॉ. सी. एल. शास्त्री (शिकागो)

(१)

आचार्य श्रेष्ठ निजधर्म धुरंधरश्च
विश्वे सदा फलवती भवदीय कीर्तिः ।
षष्टि प्रपूरण महोत्सवभव्यकाले
अस्माकमत्र सकला शुभकामनास्ते ॥

(२)

अस्मिन महोत्सव शुभे अहमागतोऽत्र
जातः प्रसन्न हृदयः भवतां प्रभावात ।
एषैव मदहृदयजा शुभा प्रार्थनास्ति
भूत्वा शतायुरविच्छिन्न कृतिः कृती च ॥


षष्ठी पूर्ति महोत्सव प्रसंगे


"આપણા મહારાજશ્રી"

સીડીનું આપણા મંદિરથી પ્રકાશન

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દ્દઢા વંશજ અને શ્રીહરિનું સાક્ષાત્ અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અલૌકિક દિવ્ય મહાન જીવન કવન પર છેક જન્મથી લઈ ૬૦ વર્ષના ભવ્ય ઈતિહાસની જેમાં રજે રજ માહિતી અને તેઓશ્રી દ્વારા થયેલ વિરાટ પ્રવૃત્તિઓ વગેરે અનેક પ્રસંગો સાથેની સીડી આપણા પ.પૂ. લાલજી મહારાજશ્રીની સીધી દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવી છે. દેશ-વિદેશના હરિભક્તો અને મહા મંદિરોના મહંત સ્વામીઓએ મંદિરના સાહિત્ય કેન્દ્ર પર ધર્મકુળ પ્રેમી સૌ હરિભક્તોને વસાવવા માટે અચૂક પ્રાપ્ત કરી લેવી. દરેક હરિભક્તે પોતાના ઘર માટે આ સીડી વસાવીને સમસ્ત પરિવારને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય મહાન જીવનનું દર્શન કરાવવું તે વડીલોની ફરજ છે.

- મહ





ઉત્તર-દક્ષિણ દેશના બન્ને પીઠાધિશ્વરો પ્રદર્શન નિહાળતા.






એક નાના ગામના સત્સંગીથી લઈ શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવોએ પ્રદર્શન જીણવટ પૂર્વક નિહાળીને પોતાના સુંદર પ્રતિભાવો પ્રદર્શીત કર્યા.





શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગર ખાતે શ્રી અડવાણીજીને આવકારતા પ.પૂ. બાળલાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ભારતદેશના નાયબ વડાપ્રધાનશ્રી લાલકૃષ્ણ અડવાણીને આવા વિશાળ સંપ્રદાયના વડા ધર્મગુરૂના પ્રત્યક્ષ દર્શન-મુલાકાતનો આ પ્રસંગ તેમના જીવનના આટલા વર્ષોમાં ઐતિહાસિક અને ભવ્ય બની રહ્યો. પોતે સમય મેળવીને આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાને દર્શન - આશીર્વાદ માટે પધારેલા

એક વિરલ વ્યક્તિત્વ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



આ એ સમયની વાત છે જ્યારે ભારતખંડની ભૂમિ ઉપર કળિયુગના જોરે કરીને અધર્મ અને આસુરી વૃત્તિ પોતાનાં પ્રભાવ બળે માનવસમાજને અસ્ત-વ્યસ્ત કરી રહ્યાં હતાં. હજારો વર્ષ પહેલાના એ સમયે લોકો મરજી વિરૂદ્ધ અધર્મ આચરી રહ્યાં હતાં. ભારતખંડની પ્રજા દયા જનક પરિસ્થિતિમાં જીવી રહી હતી. પ્રજાનું સામાજિક ધાર્મિક-સાંસ્કૃતિક આધ્યાત્મિક અને સાંસારિક જનજીવન દુઃખમય દશામાંથી પસાર થઈ રહ્યું હતું.

આવી ઘોર પરિસ્થિતિમાં એક સમયે બદ્રિકાશ્રમધામ વિષે શ્રી નરનારાયણદેવ ભગવાન સમક્ષ મરિચ્યાદિક ઋષિ, ઉધ્ધવજી, ધર્મદેવ અને ભક્તિમાતા સભા કરીને ભરતખંડમાં પ્રવર્તમાન આંતકની ચર્ચા કરી રહ્યાં હતાં. આ સભામાં ક્રોધના અવતાર સમા દુર્વાસામુનિનું આગમન થયું. નરનારાયણદેવ, ધર્મદેવ તથા ઋષિઓની શરતચૂકથી દુર્વાસામુનિનું યથોચિત સન્માન અને આવકાર થઈ શકયા નહીં. જેથી કરીને અતિ ક્રોધાયમાન થઈને પોતાને અપમાનિત સમજેલા દુર્વાસામુનિ ધર્માદિક સર્વે દેવોને શાપ આપતા બોલ્યા -

"મારું અપમાન કરનારા આપ સર્વે ભરતખંડ વિષે મનુષ્યપણાને પામી ત્યાં વધેલા આસુરી તત્વો દ્વારા અપમાન અને કષ્ટને પામો."

દુર્વાસામુનિના આવા શાપિત વચનો સાંભળીને ધર્મદેવ-ભક્તિમાતાએ વિવેકપૂર્ણ વાર્તાલાપ દ્વારા મુનિને શાંત પાડ્યા. આથી કરીને દુર્વાસા ઋષિએ પોતે આપેલ શાપની અનિવાર્યતા સાથે અનુગ્રહ કરીને વચનો ઉચાર્યા.

"ધર્મદેવ-ભક્તિમાતાના બ્રાહ્મણકુળ વિશે આ નારાયણ ઋષિપુત્ર તરીકે અવતરસે અને આપ સૌને મારા શાપ થકી મુક્તિ અપાવશે અને અસુરોના કષ્ટથી આપ સર્વેનું રક્ષણ કરશે."

આ વાતને સૈકાઓ વિતી ગયા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ કળિયુગનો પ્રભાવ વધતો ગયો. દેશમાં ચારે તરફ અરાજકતાનું સામ્રાજ્ય છવાઈ ચુક્યું હતું. જ્યાં મળે ત્યાં ભાંગફોડ, ચોરી, લૂંટ, ધાડ, હત્યા, રંજાડ, હિંસા વ્યભિચાર, વહેમ, છેતરપિંડી જેવા ભયંકર દુર્ગુણો અને દુષણોના મહાસાગરમાં આખા દેશની પ્રજા ડૂબી રહી હતી. ચારે તરફ ભય અને આતંકનું તાંડવ ભયંકર ચાલી રહ્યું હતું. સમાજમાં સામાજિક, ધાર્મિક અને રાજકિય આંધીના ગોટે ગોટા ચડ્યા હતા. સમગ્ર પ્રજા ત્રાહિ-ત્રાહિ પોકારી રહી હતી. આ બધા કષ્ટમાંથી પ્રજાને ઉગારી લેવા માટે સત્પુરુષો અને ભક્તજનોનો આર્તનાદ તિવ્રત્તમ ઉગ્રતાએ પહોંચ્યો હતો.

એ વખતે ભક્તજનોની વિપદા જોઈ 'સંભવામિ યુગે યુગે'નું વચન પાળવા માટે, દુર્વાસા મુનિના શાપને સત્ય કરીને અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ, રાજાધિરાજ, સર્વે અવતારના ધારણ કરવાવાળા, ભક્તવત્સલ, પૂર્ણ પુરુષોત્તમ શ્રી

નારાયણ ભગવાન પોતાનાં સમગ્ર ઐશ્વર્યોથી યુક્ત પૃથ્વીને વિશે એકાંતિક ધર્મની સ્થાપના અર્થે, પોતાના ભક્તોની રક્ષા કરી જીવમાત્રના કલ્યાણ માટે અને અધર્મનો નાશ કરી ધર્મ સંસ્થાપન અર્થે ભારતવર્ષની પવિત્ર ભૂમિ ઉત્તરાખંડમાં, અયોધ્યા નજીક અતિપાવનકારી, અક્ષરધામ તુલ્ય, છપૈયાપુરની ધરતી પર સંવત ૧૮૩૭ના, ચૈત્રમાસની શુકલ પક્ષની નવમીના અતિપવિત્ર દિવસે, રાત્રીના ૧૦-૧૦ કલાકે ધર્મદેવ-ભક્તિમાતાને ઘેર સર્વોપરિ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપે મનુષ્યદેહે પ્રકટ થયાં.

જગતના જીવમાત્રનું કલ્યાણ કરવાના હેતુએ કરી, અક્ષરવાટને વહેતી મુકવા સન ૧૭૮૧ના ૨જી એપ્રિલને સોમવારના દિવસે, સરવરિયાજ્ઞાતિના સામવેદી બ્રાહ્મણ કુળમાં પ્રકટ થયેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લૌકિકપિતા ધર્મદેવના ઘેર એક શુભદિવસે માર્કંડેય મુનિ પધાર્યા. તેમણે નવા જન્મનાર બાળકની નામકરણ વિધિ કરી. તેઓએ બાળ સ્વરૂપ ભગવાનશ્રીના ત્રણ નામ પાડ્યા - 'હરિ', 'કૃષ્ણ' અને બંને સાથે મળીને 'હરિકૃષ્ણ'. ઘરનું હુલામણું નામ ઘનશ્યામ રાખવામાં આવ્યું.

આપણા ધર્મગ્રંથોમાં પરમાત્માના અવતાર સંબંધે આગમવાણીના ઘણા ઉલ્લેખો મળે છે. બ્રહ્માંડપુરાણના મત પ્રમાણે - "દત્તાત્રેય કૃતેયુગે, ત્રેતાયાં રઘુનંદનઃ, દ્વાપરે વાસુદેવઃ સ્થાત્, કલૌ સ્વામી વૃષાત્મનઃ" અર્થાત્ સતયુગમાં ભગવાન દત્તાત્રેય, ત્રેતાયુગમાં ભગવાન રઘુનંદન, દ્વાપરયુગમાં ભગવાન વાસુદેવ અને કળિયુગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થશે.

સ્કંદપુરાણના વાસુદેવમાહાત્મય અઢારમાં અધ્યાયમાં આવી જ આર્ષવાણી ઉચ્ચારતા પૂર્ણાવતાર ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર બ્રહ્માજીને ઉદ્દેશીને કહે છે -

"धर्मदेवात्तदा मूर्तौ नरनारायणात्मना,
प्रवृत्तेपि कलौ ब्रह्मन्भूत्वाहं
सामेगोद्विज"
"मुनि शापान्नृतनुं प्राप्तं सर्षि
जनकमात्मन, ततोविता गुरुभ्योहं
सध्धर्मस्थापयन्नज"

અર્થાત્ - હે બ્રહ્મા, ધર્મદેવ અને ભક્તિમાતા દ્વારા હું નરનારાયણદેવ સ્વરૂપે સામવેદી બ્રાહ્મણ તરીકે કલિકાળને વિષે પુનઃ જન્મ ધારણ કરીશ. એ સમયે દુર્વાસા મુનિના શ્રાપને પામેલા મારા માતાપિતા અને ઋષિમુનિઓની રક્ષા કરીશ. અને સત્‌ધર્મની સ્થાપના કરીશ. આ પુરાણોની આર્ષવાણીને સત્ય સાબિત કરતાં પરબ્રહ્મ પરમેશ્વર શ્રી સ્વામિનારાયણ સ્વરૂપે પ્રકટ થયાં.

યદુકુળ ભૂષણ-મણી શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને શ્રીમદ્ ભાગવતના દશમાં સ્કંધના ૫૦માં અધ્યાયમાં બલભદ્રજીને એમ કહેલું છે કે - "મારો આ અવતાર મુખ્યપણે રાજારૂપે થઈને બાહ્ય અસુરોનો નાશ કરવા માટે છે. પરંતુ આસુરી તત્ત્વો અધર્મનો નાશ કરવા માટે અને સત્પુરુષો અને ધર્મનું રક્ષણ કરવા માટે હું બીજો અવતાર લઈશ." એ સંકલ્પને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટ થઈને પૂર્ણ કર્યો. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તે વાતની સાક્ષી પુરતાં ગાયું છે કે - 'વ્યાસ મુનિએ જે પૂર્વે કહી'તી, તે વાત સાચી કહી, પ્રગટ થયાં સહજાનંદ હરિ.' અન્ય ભક્ત કવિજનોએ પણ ગાયું છે કે -

"પાપ વધ્યાં પૃથ્વીને માથે, રૈયત
ખૂબ રિબાણી રે.....
તેદિ' સહજાનંદ સ્વામિના રૂપે,
પ્રગટ્યાં સારંગ પાણી રે....."

બાળપણમાં શ્રીજીએ બાળ ઘનશ્યામ સ્વરૂપે અનેક લીલાચરિત્રો કર્યા. ધર્મપિતા અને ભક્તિમાતાએ પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરી, દિવ્ય દેહ ધારણ કર્યા પછી શ્રીહરિએ માતા-પિતાના ઋણમાંથી મુક્ત થઈ, ૧૧ વર્ષ, ૩ માસ અને ૨ દિવસની ઉંમરે ઘોર તપશ્ચર્યા વનવિચરણના સંકલ્પ સાથે, સમસ્ત ભારત વર્ષને સુખી કરવાના હેતુથી, બ્રહ્મચારી વેષે, નિલકંઠ નામ ધારી કરી, સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દસમીને શુક્રવારના રોજ વનવિચરણની શરૂઆત કરી. નિલકંઠે ઘોર તપશ્ચર્યા આદરી. ઉપદેશ નહીં પણ આચરણથી તપનું સ્વરૂપ સમજાવ્યું. સમગ્ર ભારતવર્ષની ધરતી ઉપર ૭ વરસ ૧ માસ અને ૧૧ દિવસ વિચરણ કરી તીર્થભૂમિઓને ગૌરવાન્વિત કરી. નિલકંઠવર્ણી વિચરણ કરતાં કરતાં દંડકારણ્ય થઈ નાસિક માર્ગે ત્રંબકેશ્વર-ધૂળીયા થઈને સંવત ૧૮૫૬માં ગુજરાતની ધરતીને પાવન કરવા પધાર્યા. ગુજરાતમાં તાપી નદી ઉતરી સૂર્યપુર (સુરત) થઈ નર્મદા પાર કરી ભૃગુપુર (ભરૂચ) આવ્યાં.

ભરૂચથી અનસુયા, ચાંદોદ, કરનાળી, ડભોઈ, વડોદરા થઈને ધોળકાના માર્ગે ધોલેરા, ભીમનાથ, ગુપ્તપ્રયાગ થઈ ગરવા ગિરનારની યાત્રા કરી માંગરોળ બંદરે આવ્યાં. ત્યાં થોડો સમય રોકાણ કર્યા બાદ સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠ્ઠ તા. ૨૧મી ઓગસ્ટ ૧૭૯૯ના મંગલકારી દિવસે કૃશશરીરધારી વૈરાગ્યની મૂર્તિ સમા બ્રહ્મચારી રૂપે નિલકંઠવર્ણી લોજ ગામની ભાગોળે આવેલ વાવ પર બેઠા.

આમ માત્ર ઓગણીસ વર્ષની વયે, નીલકંઠવર્ણીએ ૭ વરસ, ૧ માસ અને ૧૧ દિવસ, ભારતની અનેક તીર્થભૂમિઓ પર, પાવન ચરણોથી વિચરણ કરી, ભારતભૂમિને ગૌરવાન્વિત કરી.

નીલકંઠવર્ણી વેશે શ્રીહરિ લોજ ગામમાં આવ્યા. ત્યાં શ્રી કૃષ્ણ ભગવાનના સખા ઉધ્ધવજીના અવતાર એવા રામાનંદ સ્વામીનો આશ્રમ હતો. નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામી સદેહે એકબીજાને કદી મળ્યા ન હતા. પરંતુ પૂર્વના સંસ્કાર અને પૂર્વવૃત્તાંતને કરીને એક બીજાને મળવા તલપાપડ થઈ રહ્યાં હતાં. નીલકંઠ બ્રહ્મચારી અને રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ સંવત ૧૯૫૬ના જેઠ વદ ૧૨ તા. ૧૯મી જુન સને ૧૮૦૦ના રોજ પીપલાણા ગામે કૃષ્ણ ભક્ત નરસિંહ મહેતા નામના વિપ્રને ઘેર થયો. સંપ્રદાયના ઈતિહાસમાં આ દિન સૌથી પવિત્ર-પુણ્યશાળી અને મંગળકારી લેખાય છે. રામાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીનું આ પ્રથમ ભૌતિક મિલન થયું.

આ ભવ્ય અલૌકિક મિલનમાં આંખોએ આંખોથી, આત્માએ આત્માથી વાતો કરી લીધી. વાણી પ્રાગટ્ય નહોતું છતાં જાણે બે મહાન આત્માનું મૌન બોલતું હતું. ભારતવર્ષનો બદલાતો ઈતિહાસ જાણે કે ભાવિના ગર્ભમાં વંચાઈ રહ્યો હતો. લાંબા સમયની સ્તબ્ધતાને તોડતાં, નિલકંઠવર્ણીને આદર પૂર્વક આવકારતાં રામાનંદ સ્વામીના મુખમાંથી શબ્દો સર્યા - "ત્વમ સ્મદિયોડસિ વર્ણિન્" "તમો તો અમારા જ છો" આવા અંતરના ઉમળકા ભર્યા શબ્દો સાંભળી ત્યાં હાજર સર્વે લોકો નવાઈ પામી ગયા. એ સર્વેની આ કુતુહલવૃત્તિને સંતોષવા રામાનંદ સ્વામીએ સર્વે પૂર્વ વૃત્તાંત નિલકંઠવર્ણીના પિતા અને પોતાના શિષ્ય ધર્મદેવના ઈતિહાસ સહિત બધાને કહી સંભળાવ્યું. નિલકંઠ બ્રહ્મચારી ત્યાં શિષ્ય ભાવે રહ્યા. થોડો સમય વિત્યાં પછી ચાતુર્માસ પૂરા થતાં જ રામાનંદ સ્વામીએ સંવત ૧૮૫૭ના કારતક સુદ એકાદશી તા. ૨૮મી ઓકટોબર અને ૧૮૦૦ના પવિત્ર દિવસે નીલકંઠવર્ણીને પીપલાણા ગામે ભાગવત મહાદીક્ષા આપી. દીક્ષા આપ્યાં પછી નીલકંઠવર્ણીને 'સહજાનંદ' અને નારાયણમુનિ એવાં બે નામ આપ્યાં. આ વાતને બરાબર એક વર્ષ વિત્યાં બાદ સંવત ૧૮૫૮ની પ્રબોધિની એકાદશીના દિવસે રામાનંદ સ્વામીએ એક વિશાળ સભા સમક્ષ જેતપુર ગામે સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધુરા સોંપી અને અંતિમ ઉપદેશ આપ્યો - "આજથી સંપ્રદાયની ધુરા તમારા હાથમાં છે. સદ્‌ધર્મનો પ્રચાર કરી, સદાચારની પ્રતિષ્ઠા વધારજો અને એકાંતિક ભક્તિ દ્વારા મોક્ષનો માર્ગ સરળ છે, તે હરિભક્તોને સમજાવજો."

સંતો અને સત્સંગીઓની સભાને સંબોધન કરતાં રામાનંદ સ્વામીએ ખૂબ જ ગર્ભિત વાત હળવાશથી કહી - "હવેથી તમે સૌ આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. મારું જીવનકાર્ય અહીં પૂર્ણ થાય છે. અગાઉ ઘણી વાર સર્વેને કહેલું છે કે - હું તો માત્ર ડુગડુગી વગાડનાર છું. સાચો નટતો હવે આવવાનો છે અને એ આ સહજાનંદ સ્વામી જ છે."

ભક્ત વત્સલ ભગવાનની કરૂણાતો જુઓ! રામાનંદ સ્વામી પાસેથી ધર્મની ધુરા ધારણ કરતી વેળાએ સહજાનંદ સ્વામીએ ગુરુનો રાજીપો જોઈને બે વરદાન માગ્યાં. -

इह च यदुरुदुःखमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः ।
यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदुःखाः ॥
क्वचिदपि भुवि कृष्णभक्ति भाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् ।
इह यदुरु तथान्नवस्त्रदुःखं तदपि ममास्तु न तु प्रजेश तेषाम् ॥

અથાર્ત - મારા ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તેને બદલે મને એક એક રુવાંડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ મારા ભક્તને દુઃખ ન થાઓ.

મારા ભક્તને પ્રારબ્ધમાં રામપાતર મળે તેમ હોય તો તે રામપાતર મને મળો, પણ મારા શિષ્યો અન્ન-વસ્ત્રે દુઃખી ન થાઓ.

સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીએ અતિ પ્રસન્ન ચિત્તે આવી જનકલ્યાણની પવિત્ર ભાવનાવાળાં બંને વરદાન સહજાનંદ સ્વામીને આપ્યાં. આ પછી એકાદ માસ જેટલાં ટૂંકા ગાળામાં જેમ સહજાનંદ સ્વામીના મેળાપની વાટ જ જોતાં હોય એ રીતે સંવત ૧૮૫૮ના માગશર સુદ-૧૩ના રોજ સદ્‌ગુરૂ રામાનંદસ્વામીએ પોતાની જીવનલીલા સંકેલી, સોરઠના ફણેણી ગામે, નશ્વર દેહનો ત્યાગ કરી, દિવ્ય સ્વરૂપમાં ભળી ગયાં. સહજાનંદ સ્વામીએ હરિભક્તોને 'સ્વામિનારાયણ' નામનો મહામંત્ર આપ્યો અને એ પછી તેઓ શ્રી સ્વામિનારાયણ નામે પ્રસિધ્ધ થયાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ લોકના અસંખ્ય જીવોના આત્યંતિક કલ્યાણ અર્થે વિશાળ શિષ્ય સમુદાયને સાથે રાખીને ગામો ગામ વિચરણ કર્યું. સદ્‌ધર્મની સ્થાપના કરી. સમાજમાંથી અંધશ્રધ્ધા, કુરિવાજો, આડંબર વગેરે દૂર કરી શુધ્ધ ઉપાસના અને ભક્તિમાર્ગને સહજ અને સરળ બનાવ્યા. આવો શુધ્ધ ધર્મ અને ભક્તિનો સંસ્કારમય પ્રવાહ અવિરત પણે અનંતકાળ પર્યંત ચાલુ રહે તે માટે આચાર-વિચાર, નિયમ, વર્તનની પરંપરા ઉભી કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાય દિન પ્રતિદિન ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો જ રહે અને તેથી કરીને આશ્રિતોમાં ભક્તિ અને ધર્મની ભાવના સતત વિસ્તરતી રહે તે રીતે સર્વજીવના હિતને અર્થે ત્રણ મહત્ત્વના સંકલ્પો કર્યા.

(૧) મંદિર નિર્માણ

પૃથ્વી પર મોટા મંદિરોનું નિર્માણ કરાવી તેમાં ભાગવત્ સ્વરૂપોની સ્થાપના કરવી.

ભગવાનશ્રીનો ગુઢ સંકલ્પ એવો હતો કે - પૃથ્વી ઉપર મહામંદિરોનું નિર્માણ કરાવી તેમાં મારી મૂર્તિઓની



સ્થાપના કરું. જેથી કરીને સામાન્યજન તે મૂર્તિઓની ભક્તિ કરી શકે અને તેમ કરવાથી સ્વધર્મમાં રહી મૂર્તિઓની સેવા કરવાથી તે સર્વે જનો ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિધ્ધિ પ્રાપ્ત કરી શકે.

(૨) આચાર્યપદની સ્થાપના

મુમુક્ષુજનોને મંત્રદીક્ષા અને સંતોને ભાગવતી દીક્ષા આપવાની પરંપરા ચાલુ રાખવા અને સંપ્રદાયની વહીવટી અને આધ્યાત્મિક જવાબદારીઓ સંભાળવા ધર્મવંશમાં આચાર્યપદની સ્થાપના કરી.

ભગવાનશ્રીએ આ બીજા ગુઢ સંકલ્પનો આ રીતે વિચાર કર્યો કે - ભક્તિ માર્ગની પુષ્ટિ માટે મંત્રદીક્ષાની પણ અપેક્ષા છે, માટે શુધ્ધ ધર્મકુળમાં ગુરુપદ - આચાર્યપદ સ્થાપન કરું.

(૩) શાસ્ત્ર સર્જન

સંપ્રદાયના આશ્રિતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપને યથાર્થ સમજી શકે તે માટે સંપ્રદાયના શાસ્ત્રોની રચના કરવી.

આ રીતે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શુધ્ધ સનાતન વૈદિક ધર્મનું સ્થાપન કર્યું. આચાર શુધ્ધિ ઉપર વિશેષ ભાર મુકીને સદાચારનો માર્ગ ચિંધ્યો. આ કળિકાળમાં પોતાના આશ્રિતોને માટે ગુરુ પણ જાતેજ શોધીને આપ્યા અને સર્વે આશ્રિત માત્રના 'ગુરુપણા'ને વિશે પોતે ધર્મવંશી આચાર્યોનું સ્થાપન કર્યું. સંપ્રદાયના સરળ વહીવટને માટે અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ અને વડતાલ - શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ, એમ બે ગાદીની સ્વહસ્તે સ્થાપના કરી, પોતે જાતે દેશ વિભાગનો લેખ લખાવડાવ્યો અને સર્વેને ધર્મવંશી આચાર્યોની આજ્ઞામાં જ રહેવાની ભારપૂર્વક ભલામણ કરી.

ધર્મસંગઠન અને સુપ્રબંધ માટે ધર્મકુળમાં, આ રીતે આચાર્યપદનો શુભારંભ કરતાં વિક્રમ સંવત ૧૮૮૨ની કાર્તિક સુદી એકાદશીના દિવસે પોતાના પિતા ધર્મદેવના નામથી ધર્મપુત્રો (પોતાનાં બે ભ્રાતા) રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈના પુત્રો પૈકી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને આચાર્યપદે પ્રસ્થાપિત કર્યા. ઉત્તર વિભાગમાં શ્રી નરનારાયણદેવ દેશમાં રામપ્રતાપભાઈનું કુળ અને દક્ષિણ વિભાગમાં ઈચ્છારામભાઈનું કુળ સ્થાપિત કર્યું. ઉત્તર વિભાગનું પીઠાધીશત્વ આજ પર્યત પાંચ પૂર્વવંતી આચાર્યવર્યોએ વિભૂષિત કરેલું છે.

પ્રથમ આદિ આચાર્ય શ્રી પ.પૂ.ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી, બીજા આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. કેશવપ્રસાદજી મહારાજશ્રી, તૃતીય આચાર્યશ્રી


પ.પૂ.ધ.ધુ. પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી, ચતુર્થ આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી, પાંચમાં આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ જ ધર્મકુળની પાવનકારી પરંપરામાં શ્રી નરનારાયણદેવ દેશ વિભાગની ગાદીનું પીઠાધીશત્ય હાલમાં શોભાવી રહ્યાં છે - ધર્મ માર્તન્ડ, કરૂણાસિન્ધુ, સેવા ધર્મનિરત, સૌજન્યશીલતાની પ્રતિમાસમ, પરમ દિવ્ય વિભૂતિ પ્રવર્તમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

"श्री रामो धरणीधरो भगवतो
गंगंधारो लक्ष्मणः
श्री वंशीधर वेदमान कनही बालाश्च
धर्मोहरिः
आचार्योऽवध केशवौ च पुरुषः श्री
वासुदेव स्ततः
श्री देवेन्द्रप्रसाद तोकनुज्युत स्तेजेन्द्र
नामास्तिथः"

શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના પાંચમાં આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ઘરમાં વિ.સ. ૨૦૦૦ની ફાલ્ગુન માસની ફોરમની વસંત અનેરા વધામણા લઈને આવી. અમદાવાદ મધ્યે, પૂ. માતા શારદાદેવીની કુંખે દેવના દેવ જેવા પ્રતાપી બાળનો જન્મ થયો. દિવસ હતો. તા. ૧૧ મી એપ્રિલ સન ૧૯૪૪. શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના ભાવિ આચાર્ય તેજના અંબાર સમ, તેજઃપુંજ સ્વરૂપ આ બાળરાજાનું નામાભિધાન થયું. તેજેન્દ્ર અને સંપ્રદાયને મળ્યા લાલ મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

"પુત્રના લક્ષણ પારણામાંથી" એ ઉક્તિને સાર્થક કરતાં આ બાળતેજેન્દ્રનું વ્યક્તિત્વ શિશુવયથી જ, એક મહાપ્રતાપી, સંસ્કારમૂર્તિ, શીલ-સૌજન્યની પ્રતિમા સમ, તેજોધર ભાવિ આચાર્યના આગમનના એંધાણ આપતું હતું.

સંપ્રદાય અને ધર્મકુળના આચાર-વિચાર નીતિ નિયમ મુજબ વિ.સં. ૨૦૦૯માં ચૌલ સંસ્કાર અને વિ.સ. ૨૦૧૦ના ચૈત્રમાસની શુક્કલપક્ષની દશમીના પવિત્ર દિવસે પરમ પવિત્ર ધર્મમય અલૌકિક વાતાવરણમાં બાળતેજેન્દ્ર, ઉપનયન સંસ્કાર વડે યજ્ઞોપવિત ધારણકરી, દ્વિજ બન્યાં. દેવવાણી સંસ્કૃતનું અધ્યયન પંડિતવર્ય દુર્ગાનાથજીની નિશ્રામાં શરૂં થયું.



અમદાવાદ શહેરની પ્રસિધ્ધ સેંટઝેવિયર્સ સ્કુલમાં બાળલાલજી તેજેન્દ્રના કોમળ કરકમળોની નાજુક-નમણી આંગળીઓએ **A.B.C.D.** લખી શિક્ષા પ્રારંભ કર્યો. અભ્યાસકાળ દરમ્યાન સાહિત્ય, સંગીત, કલા અને વિજ્ઞાન જેવા વિષયોમાં તરૂણ તેજેન્દ્રપ્રસાદજીની ઊંડી અભિરૂચી અને અનેકવિધ વિષયોનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કરી તેનું સત્ય જાણવા-પામવાની ઉત્કટ અભિલાષાં હંમેશા રહેતી.

શાળા અને કોલેજના અભ્યાસ કાળ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થી તેજેન્દ્રપ્રસાદજીએ પોતાના મિતભાષીપણા, નીરાડંબરતા, નમ્રતા, વિનય, વિવેક, નિઃસ્પૃહિતા, ધર્મનિષ્ઠા, સતતજ્ઞાનપિપાસા, પોતાના ગુરૂવર્યો પ્રત્યે પૂર્ણ આદર અને શ્રધ્ધાની ભાવના, શેહશુદ્ધ ચારિત્ર્ય શીલતા અને અભ્યાસ નિષ્ઠા જેવા ગુણોના બહુમૂલ્ય આભૂષણો ધારણ કરી પોતાના સહપાઠીઓ અને વિદ્યાગુરૂઓના હૃદયમાં પોતાના પ્રત્યેની આદર અને ગૌરવની ભાવના ઉપસ્થિત કરી હતી. ઉત્તમ વિદ્યાગુરુઓના હાથ હંમેશા શુભ ભાવના અને શાબાશી આપવા માટે લાલજી તેજેન્દ્રપ્રસાદજીની પીઠ થાબડવા તત્પર રહેતા.

સાંપ્રદાયિક પ્રશિક્ષણ, કર્તવ્ય અને પવિત્ર આચરણના પાઠભણવાના આશીર્વાદ પૂ. પિતાશ્રી તરફથી તેજેન્દ્રપ્રસાદજીને ખૂબ જ નાની વયથી મળતાં રહ્યાં. સંપ્રદાયના વિવિધ ઉત્સવો અને સમૈયાઓમાં પણ પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી પોતાના લાડકા પુત્ર લાલ મહારાજ તેજેન્દ્રને સાથે રાખતા. નાની વયમાં જ નિષ્ઠાપૂર્વક મેળવેલ સાંપ્રદાયિક કર્તવ્યો અને પવિત્ર આચરણના અનુભવોનું પરિણામ મળ્યું ૮ મી ડીસેમ્બર ૧૯૫૭ના દિવસે.

આ સમયે લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની ઉંમર કેવળ ૧૪ વર્ષની હતી. ૧૪ વર્ષની કુમળી વયે તેઓશ્રીએ ઈસ્ટ આફ્રીકાના કેનિયા ખાતે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરવા માટે પોતાના જીવનની પ્રથમ વિદેશયાત્રાની શરૂઆત કરી. વિરલ વ્યક્તિત્વધારી વિભૂતિઓને ઉંમરના આવરણ કે



વયના વળગણ શા ? સગીરવયના લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ ૧૫મી ડીસેમ્બર ૧૯૫૭ની સવારે, ગુરુ પંડિત દુર્ગાનાથજી ઝા, સ્વામી જગતપ્રસાદજી અને સદ્‌ગુરૂ પુરાણી ઘનશ્યામચરણદાસજી સાથે મોમ્બાસા બંદરની ધરતી ઉપર ડગ માંડ્યા. બંદર પર ઉતરતાજ પોતાના હૈયાના હાર સમા લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીને આફ્રિકા નિવાસી પ્રેમાળ હરિભક્તોએ અંતરના ઉમળકાથી પુષ્પવર્ષા કરી વધાવી લીધા. સાત સાગર પાર વિદેશની ધરતી ઉપર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મ ધજા લહેરાવવાના લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી દ્વારા આ રીતે શ્રી ગણેશ મંડાયા.


નાની વયે અત્યંત સફળ વિદેશયાત્રા પછી, વિજ્ઞાનના વિષયને પોતાનું શિક્ષણક્ષેત્ર રાખી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીએ ગુજરાત યુનિવર્સિટીની બી.એસ.સી.ની પદવી, ઝળહળતી વિદ્યાર્થીજીવન કારકિર્દી બનાવતા પ્રાપ્ત કરી.

પૂજ્ય પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજીની ,નાદુરસ્ત તબિયતને કારણે, પુત્ર તેજેન્દ્રપ્રસાદજીના શિરે, પિતાશ્રીની સાર-સંભાળ સુશ્રુષા, તેમજ સંપ્રદાયના ધાર્મિક વહીવટી ઉત્તરદાયત્વ સંભાળવાના, બેવડા કર્તવ્યનો બોજ હંમેશા રહેતો. આ કારણે તેઓશ્રીએ ઝળહળતી તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી હોવા છતાં આગળના અભ્યાસ ઉપર પૂર્ણ વિરામ મૂકી દીધું. આ બેવડી જવાબદારી સંભાળતા સંભાળતા, પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રવણનેય શરમાવે તેવી, પિતૃભક્તિની કર્તવ્યબજવણી અદા કરી.

યુવાનવયમાંજ આભાપૂર્ણ આકર્ષક વ્યક્તિત્વ, કુદરતી અંગત ગજબની કોઠાસુઝ, અદ્‌ભૂત નિર્ણય શક્તિ, મિતભાષી પણ અમૃતવર્ષિણી મધુર મુગ્ધ વાણી અને સર્વેને રાજી રાખીને સંપથી કામલેવાની કાર્યપધ્ધતિના શુભ ગુણોના કારણે લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી જોત જોતામાં તો સમગ્ર સંપ્રદાયના આંખનું રતન બની ગયા. આ બધા ગુણોની ઉપરવટ તેઓશ્રીનું શ્રેષ્ઠ ગુણ પાસુ રહ્યું. પરમપવિત્ર ચારિત્ર્યશીલતા અને સદાચારિતાનું પ્રેરબ બળ.


"વિદ્યા આવે અને વિનય ન
વિસરાય તે ઈશકૃપા
ધન આવે અને ધર્મ ન વિસરાય તે
વિભુકૃપા
યૌવન આવે અને શીલરક્ષાનું સતત
સ્મરણ રહે તે સહજાનંદ કૃપા."

બ્રહ્મચર્યાશ્રમનું આંગણું શીલ-સદાચારથી શોભાવી, ગૃહસ્થાશ્રમના



પરમ સાત્વિક પ્રવેશે પગરણ માંડવાની લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી, પોતાના હૃદયમાં ભાવના જન્માવે એ પહેલાંજ, સંવત ૨૦૨૫ના આસો માસના પ્રથમ નવરાત્રીના રાતના બરાબર દસ વાગ્યાના ટકોરે શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના પાંચમા આચાર્ય, પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ આ પંચભૌતિક દેહનો ત્યાગ કરી કરૂણાના સાગર સમા પોતાના પ્રપિતામહ ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરધામની વાટે

દિવ્યદેહે ડગલાં માંડી દીધા. સત્સંગીઓ, સ્વજનો, હરિભક્તો અને ધર્મપ્રેમી જન સમુદાયે વજ્રઘાત સમો આઘાતનો અનુભવ કર્યો. સંપ્રદાયે સત્સંગ શિરોમણી આચાર્ય, ગુજરાતે એક મુક સેવક અને હજારો દુઃખીયાએ પોતાનો બેલી ગુમાવ્યો.



એક તરફ પૂજ્યપાદ્ પિતાશ્રીની છત્ર છાયા ગુમાવવાનો સહજભાવ શોક અને બીજી તરફ સંપ્રદાયનું સુકાન સંભાળવાની કપરી જવાબદારી પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીના શીરે આવી પડી. અંતરમાં ઉભરતાં અશ્રુ સાગરને પાંપણના કિનારાપરથી પાછા વાળી, આચાર્યપદ પર અભિષિત થવાના નવલા મંગલ અવસરને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે એક વિરલ વિભૂતિને છાજે એ રીતે આવકારી લીધો.

સભામંડપ મધ્યે બ્રહ્મનિષ્ઠ સંત-સમાજના આશિર્વચન, હજારોની સંખ્યામાં ઉપસ્થિત સત્સંગીઓ અને હરિભક્તોની જનમેદનીની શ્રધ્ધા પૂર્વકની શુભેચ્છા સાથે, પરમ વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાયજી મહારાજના વરદ્ હસ્તે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીના મસ્તક ઉપર આચાર્યત્વના ઉત્તરદાયિત્વની પાઘ પહેરાવવામાં આવી અને સંપ્રદાયને મળ્યા - શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના છઠ્ઠા આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

સન ૧૯૬૯ના ઓકટોબરના ૨૪મી તારીખના રોજ નવઅભિષિકત પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિશાળ જનસમુદાય સમક્ષ વિનમ્ર ભાવે ઉપસ્થિત રહી, પ્રસાદીના દિવ્ય પોતાના સ્વઆશ્રિતો-ભક્તોના સભામંડપ મધ્યે સત્કાર-પૂજન-અભિવાદનનો સ્વીકાર કર્યો. પ્રેમાળ હરિભક્તોના અવાજ જબરજસ્ત હૈયાનો હરખ અને લાખો સંપ્રદાયના આશ્રિતોએ પોતાનામાં મુકેલ વિશ્વાસ અને શ્રધ્ધાના પ્રેમાળ પ્રતિભાવે પ્રત્યુતર વાળતાં શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આ છઠ્ઠા પીઠાધિપતિએ ગંભીરતાપૂર્વક કહ્યું કે - "આ સંપ્રદાયની મોટી જવાબદારી મારે માથે આવી છે. પણ સામે બેઠેલા સર્વોપરિ નરનારાયણદેવ, આ સત્સંગ સમુદાય અને હરિભક્તો મને જવાબદારી અદા કરવામાં બળ આપશે. એ ત્રણેયમાં મને શ્રધ્ધા છે એટલા આભાર સાથે વિરમું છું."

અને આમ શરૂ થયો એક યુવાન આચાર્યની સંપ્રદાય સેવાની સંકલ્પ યાત્રાનો નવો અધ્યાય


સંપ્રદાયના ઉત્તરદાયિત્વની ધર્મધૂરા સંભાળવાની સાથો સાથ આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે ગૃહસ્થાશ્રમની ધુરા પણ સંભાળી. સંવત ૨૦૨૬ના જયેષ્ઠ માસની શુકલપક્ષની ત્રયોદશી, તા. ૧૭મી જૂન ૧૯૭૦ના મંગલમય દિવસે, આજમગઢ ઉત્તરપ્રદેશના સુવિખ્યાત આયુર્વેદાચાર્ય તથા દર્શનાચાર્ય પંડિત વર્યશ્રી ચંદ્રદત્ત ત્રિપાઠીનાં સોભાગ્ય કાંક્ષિણી સુપુત્રી વિરાજકુમારી સાથે, શાસ્ત્રોકત વિધિવિધાન પૂર્વકના દબદબાભર્યા સમારોહમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ પાણી ગ્રહણ કરી પ્રભૂતામાં પગલાં માંડ્યાં, ગૃહસ્થાશ્રમની પાવનકારી મંગલયાત્રાનો આરંભ કર્યો.

વિરાજકુમારીએ આચાર્યકુળમાં લક્ષ્મીસ્વરૂપે પદાર્પણ કરી લાખ્ખો સત્સંગી મહિલાઓના ગુરૂપદનું

ગૌરવવંતુ પ.પૂ. ગાદીવાળાનું પદ શોભાવ્યું.


આ પવિત્ર યુગલના પ્રસન્ન દાંપત્ય જીવનમાં એક ભાગ્યશાળી સુપુત્રી (બિન્દુરાજા) નિહારિકા કુંવરબાના જન્મ બાદ, સંવત ૨૦૨૮ તા. ૧૭મી ઓકટોબર ૧૯૭૨ના વિજયાદશમીના મંગલ દિને શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના સાતમા ભાવિ આચાર્યશ્રી લાલજી મહારાજશ્રીનો જન્મ થયો. વિજયાદશમીના દિવસે જન્મેલા લાલજી મહારાજનું નામ કોશલેન્દ્રપ્રસાદજી નિર્ધારિત થયું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ધર્મકુળના આધ્યાત્મિકતા અને સંસ્કારિતાના વારસાની સાથો સાથ પ.પૂ. પિતાશ્રી તરફથી સંગીત, ચિત્રકલા, સ્થાપત્ય વગેરે લલિકકળાની ચાહના અને કૌશલ્ય પણ વારસામાં ભારોભાર મળ્યાં છે. આ રહ્યાં પ.પૂ.



મહારાજશ્રીના પવિત્ર કરકમળો દ્વારા આકાર પામેલાં ચિત્રો - કલાપૂર્ણ દ્રષ્ટિનો વિજ્ઞાન સાથે સમનવ્ય કરી નવસર્જન કરતી કળા - તસ્વીર કળામાં પણ પ.પૂ. મહારાજશ્રીની કલામય નજરનો અંદાજ દેખાયા વગર રહેતો નથી. અચ્છા તસ્વીરકારને પણ શરમાવે એવી કલાસૂઝ વડે અદ્‌ભૂત ક્ષણોને પ.પૂ. મહારાજશ્રી એ કેમેરામાં કંડારીને ધન્યતા બક્ષી છે.

જ્ઞાન, ભક્તિ, શક્તિ, તેજ, કરૂણા, શીલ, ઔદાર્ય, આર્જર, માધુર્ય, ક્ષમા શુચિતા અને સાદગી જેવા અપાર ગુણોના ભંડાર સમ વિભૂતિત્વ મંડિત વ્યક્તિત્વ ધરાવતાં પ.પૂ. મહારાજશ્રી ધર્મપ્રવર્તક અને ધર્મરક્ષણની જવાબદારીના આવડા મોટા બોજ વચ્ચે પણ હંમેશા હળવા ફૂલશા રહી, ઉંચ-નીચ કે અમીર-ગરીબના ભેદભાવથી




પર, સર્વેને સમભાવે અપનાવવાની સમદ્રષ્ટિ રાખતાં, સંપ્રદાયની ધર્મધજા નિરંતર ફરકતી રહે તે માટે દિવસ-રાત ખરા અર્થમાં સંપ્રદાય અને સત્સંગની સેવા તત્પરતામાં લીન રહે છે. પ.પૂ. મહારાજશ્રીના આચાર્યત્વને ટૂંકમાં કહેવું હોય તો - સંપ્રદાયસેવા, સમાજસેવા અને શિક્ષણસેવાનું પરમ પાવન તીર્થધામ જ ગણી શકાય.

પ.પૂ. મહારાજશ્રી આજે શ્રી નરનારાયણદેવ દેશ, ગુજરાત તેમજ સમગ્ર ભારત વર્ષ તથા દરિયાપારના દેશો યુરોપ, અમેરિકા અને આફ્રિકા તેમજ અખાતી દેશોના ૩૦૦૦ થી પણ વધારે મંદિરો, અસંખ્ય સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ તથા દેશ-વિદેશના કરોડો અનુયાયીઓના ધર્મજીવન પથપ્રદર્શક છે. નાનામાં નાના માણસના નોતરે પ.પૂ. મહારાજશ્રી તેના ઘેર પધરામણી માટે દોડીને જાય છે. સંપ્રદાય સંવર્ધન અને રક્ષણ માટે વરસના ૩૬૫ દિવસ માંથી ભાગ્યે જ કોઈ દિવસ એવો હશે જ્યારે પ.પૂ. મહારાજશ્રીએ પ્રવાસ ન કર્યો હોય. જીવનકાળના છ દાયકાઓ વિતાવી ચૂક્યા છતાં આજે પણ તેઓ એજ યૌવન સહજ સ્ફૂર્તિથી આચાર્યત્વનું ઉત્તરદાયિત્વ સંભાળી રહ્યાં છે.

યુવાનોમાં અતુટ શ્રધ્ધા ધરાવતાં આચાર્ય મહારાજશ્રીએ ભારતમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ શાખા-પ્રશાખાઓનો પ્રારંભ કરાવીને યુવાનોમાં પડેલી સુશુપ્ત શક્તિઓને અદ્‌ભૂત રીતે બહાર લાવીને એ શક્તિઓને રચનાત્મક માર્ગે વળવા-વાળવાની અનુકુળતા ઊભી કરી છે. જ્યારે પરદેશમાં I.S.S.O. ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ

ઓર્ગેનાઈઝેશન - ને સંપ્રેરિત કરીને યુવાનોની અદ્‌ભૂત અકળ શક્તિઓનો રચનાત્મક સેવાપારાયણતા તરફ વાળવાનો માર્ગ મોકળો કર્યો છે. શૈક્ષણિક પ્રવૃત્તિ તથા ધર્મ પ્રચાર માટે ગોષ્ઠિઓ, વકતૃત્વ સ્પર્ધા, પ્રભાત ફેરીઓ, શિબિરો, ધર્મસભાઓ, સાક્ષરતા અભિયાન વગેરે પ્રવૃત્તિઓ દ્વારા યુવાધર્મ અદા કરે છે. આ યુવા સમાજમાં આજના યુવકથી માંડીને



પ.પૂ. મહારાજશ્રીએ દેશ-વિદેશની અનેક યાત્રાઓ કરી છે.

સમૈયા, ઉત્સવો અને મહોત્સવો લોક સમારાધનનાં અવિભાજય અંગ છે. પ.પૂ. મહારાજશ્રીના જીવનકાળ દરમિયાન આવા અનેક ઉત્સવો-મહોત્સવો ઉજવાયાં છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને યુવાશક્તિના સંગઠનની જવાબદારી સોંપીને યુવાનોને એમણે સત્સંગ સેવા તથા સમાજસેવાનાં પાવનકારી કર્તવ્યોમાં પરોવ્યાં છે. નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોને સત્સંગની અનેક વિધ પ્રવત્તિઓ પ્રત્યે સમર્પિત રહી વૃક્ષારોપણ, રક્તદાન, પરિસંવાદો, વકીલો, તબીબો અને વિવિધ વ્યવસાયીઓ પણ પોતાનો વિનમ્ર ફાળો આપી રહ્યાં છે.

પ.પૂ. ગાદીવાળાશ્રી પણ બહેનોના વિભાગમાં આવી જ સુંદર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાં છે. (પ્રવૃત્તિઓ) - સાંખ્યયોગી અને કર્મયોગી બહેનો તેઓશ્રીની આજ્ઞા મુજબ અમદાવાદ શહેર-ગામો ગામ અને નગરે નગર મંદિરોમાં સત્સંગ સભાઓ કરી બહેનોમાં રહેલી અંધશ્રધ્ધા અને વહેમોને દૂર કરી ખરા અર્થમાં જાગ્રત મહિલા બનાવી સત્સંગમાં ઓતપ્રોત કરે છે. એકદાશીના સત્સંગ સભાઓ નિયમિત રૂપે થાય છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને મંત્રદીક્ષા આપીને દેશ-વિદેશમાં હજારો બહેનોને શ્રીહરિના આશ્રિત બનાવ્યા છે. તેઓશ્રી પણ પ.પૂ. મહારાજશ્રીની જેમજ રાત-દિવસ સત્સંગની પ્રવૃત્તિમાં પરોવાયેલા રહે છે. બહેનોમાં સત્સંગની વિશેષ જાગૃતિ માટે ભક્તિસુધા ત્રૈમાસિક જેવા સામાધિક અને વ્રજભાષામાં વચનામૃત જેવા ગ્રંથ ઉપરાંત શ્રી સત્સંગિભૂષણ મૂળ પ્રતના અનુવાદ તેઓશ્રી આટલી વિરાટ પ્રવત્તિમાં પણ આવા સંપપ્રદાયને પોષણ આપતા સાહિત્યનું સર્જનનું કામ કરી રહ્યા છે. તે તે ધર્મકુળ પરિવારમાં જ શક્ય બને.

પ.પૂ. મહારાજશ્રીએ આચાર્ય તરીકે પોતાની જાતને કદી કેન્દ્રમાં રાખી નથી. સંપ્રદાય અને સંપ્રદાયના મહાન સિદ્ધાંતોને જ મહત્વ આપ્યું છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પ્રબોધેલાં સિધ્ધાંત મુજબ તેઓશ્રીએ શિક્ષણને પોતાનાં કાર્યોમાં અગ્રીમ હરોળમાં સ્થાન આપ્યું છે. ધ.ધુ. અક્ષરનિવાસી આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રજત-જયંતી મહોત્સવ વેળાએ સત્સંગ સમાજે સ્મૃતિ પ્રતિકરૂપે જે સંચિત-નિધિ સમર્પિત કર્યો હતો તે રકમ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીએ પોતાની પાસે ન રાખતાં ટ્રસ્ટની રચના કરી. ઈ.સ. ૧૯૬૬માં શ્રી સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ આંબાવાડી અમદાવાદનો પ્રારંભ કરાવ્યો હતો. એ કોલેજના શિક્ષણના વિકાસમાં પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજે ખૂબ ઉંડો રસ દાખવ્યો છે. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી જ ૧૯૭૨માં કોલેજ હોસ્ટેલનું સ્વપ્ન સાકાર થઈ શક્યું છે.

સ્નેહ સાગરનું ઉદ્‌ગમસ્થાન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

વ્રજના સ્વામી અયોધ્યામાં વિચર્યાને, ત્રણેય લોક થયા રળીયાત.
અયોધ્યાના સ્વામી પધાર્યા કેશવમાંને, સત્સંગમાં થયો ચળકાટ.
કેશવ જ પુરુષોત્તમમાં સમાણાને, સત્સંગ થઈ રહ્યો સમ ગંગાઘાટ.
પુરુષોત્તમ તણો પ્રસાદ પામ્યા વાસુદેવને, આખા મુલકમાં થયો, મલકાટ.
દેવાધિદેવ વાસુદેવે અર્પ્યા દેવેન્દ્રને, સત્સંગમાં થઈ રહ્યો મધમઘાટ.
દેવેન્દ્રનું તેજ તેજેન્દ્રમાં ઉતર્યુંને, થઈ રહ્યો ઝગમઘાટ.
તે જ તેજેન્દ્રએ કોશલેન્દ્ર સમર્પ્યાને, થઈ રહ્યો થનગનાટ.
કોશલેન્દ્રે કર્યો વિહાર વ્રજેન્દ્રમાંને, થઈ રહ્યો કિલકિલાટ

સામાન્ય અર્થ :

ભગવાન શ્રીહરિએ સ્વયં સ્થાપેલી અમદાવાદ શ્રી નરનારાયણ દેવ દેશના આચાર્ય ચૂડામણિઓની વંશપરંપરાની ગાથા ઊપરોક્ત કાવ્યમાં વણી લીધી છે.

ભગવાન શ્રીહરિના પુત્ર અયોધ્યાપ્રસાદજી, ત્યાર પછી તેમના પુત્ર કેશવપ્રસાદજી, ત્યાર પછી તેમના પુત્ર પુરુષોત્તમપ્રસાદજી, ત્યાર પછી તેમના પુત્ર વાસુદેવપ્રસાદજી, ત્યાર પછી તેમના પુત્ર દેવેન્દ્રપ્રસાદજી, ત્યાર પછી તેમના પુત્ર તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ દેશની ગાદી ઉપર આરૂઢ થયેલ છે. અને હવે પછી ભાવિ આચાર્ય તરીકે કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ બિરાજમાન થશે.

અત્યારે શ્રીહરિના છઠ્ઠા વંશજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આચાર્યશ્રી તરીકે વિદ્યમાન છે.

વિશિષ્ટ અર્થ :

ઉપરોક્ત કાવ્યમાં શિર્ષક તરીકે 'સ્નેહ સાગર'નું ઊદ્‌ગમ સ્થાન જણાવ્યું છે. તે સાગરનું તો કોઈ ઉદ્‌ગમન સ્થાન હોતું નથી. સાગરને ન તો શરૂઆત છે કે ન અંત. તે તો અનંત છે. ચિરકાળ સુધી આમ જ રહેશે - રહ્યો હતો - રહ્યો છે. આ સ્નેહ સાગર શબ્દ અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી માટે વપરાયેલો છે. તેઓ તો દયાળુતા, કરૂણા, પ્રેમ, તપ, તેજ, તિતિક્ષાના સાગર છે. તેમનો ઉદ્‌ભવ ક્યાંથી છે તે અંગે આ કાવ્યમાં જણાવેલ છે કે તેનું મૂળ સ્થાન તો ભગવાન શ્રીહરિ સ્વયં છે. સ્વયં પરમાત્માના લોહીના કણોથી જ જેનું લોહી બનેલું છે. તેવા આ આચાર્યશ્રી તેથી જ તો શ્રીજીના અપર સ્વરૂપ તરીકે ઓળખાય છે. અને તેથી જ આ સ્નેહ સાગર પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજીને સમજી શકીશું તો તેમના માહાત્મ્યને સમજાશે.

(૧) કાવ્યની શરૂઆત, અને પૂર્તિ બંને, 'વ્રજ' શબ્દથી કરી છે. પ્રથમ કડીમાં 'વ્રજના સ્વામી' શબ્દ વપરાયેલો છે તે દ્વિઅર્થી છે. તેથી કાવ્ય વધુ ગૂઢાર્થ બને છે. વ્રજના સ્વામી એટલે વજેન્દ્રપ્રસાદજીના મૂળ દાદા એટલે કે શ્રીહરિ સ્વયં, વ્રજના સ્વામી શબ્દ શ્રીકૃષ્ણચંદ્રને લાગુ પડતો નથી કેમ કે અયોધ્યામાં તેમનું વિચરણ ન હતું.

આ વ્રજના સ્વામી અર્થાત્ શ્રીહરિ પોતે અયોધ્યામાં વિચર્યા. પ્રભુના અયોધ્યા નગરમાં વિચરણથી ત્રણેય લોક રળીયાત થયા. અહીં અયોધ્યા શબ્દ નગર - શહેર તથા વ્યક્તિ વિશેષ તરીકે વાપરીને પંક્તિમાં પ્રાણ પૂરેલા છે. ભગવાન શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજીને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યા તેથી ત્રણેય લોક - સ્વર્ગ, પૃથ્વી તથા પાતાળ તેમજ બ્રહ્મકોટી,

ઈશ્વરકોટી તથા જીવકોટી - ખૂબ રળીયાત થયા. કેમ કે પરબ્રહ્મ પરમાત્માએ પોતાનો આચાર્ય સ્થાપવાનો ગૂઢાર્થ પરિપૂર્ણ કર્યો. વળી એમ પણ અર્થ જણાવેલ છે કે અયોધ્યાપ્રસાદજીની ત્રણેય પેઢી સુધી સંતાનોની પરંપરા છે. તેથી અદૃશ્ય રીતે તે ત્રણેય પેઢીઓ પણ રળીયાત થયેલ છે.

(૨) બીજી કડીમાં વપરાયેલ શબ્દ અયોધ્યાના સ્વામી એટલે કે અયોધ્યા નગરના સ્વામી અર્થાત્ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી કેમ કે અયોધ્યા એ શ્રીનરનારાયણદેવ દેશના તાબાનું ગામ છે. આ અયોધ્યાપ્રસાદજીના પુત્ર કેશવપ્રસાદજી થયા.

તે વખતે સત્સંગમાં ચળકાટ એટલા માટે થયો કે, ત્યારથી જ સૌ પ્રથમ વખત હસ્તલિખિત શાસ્ત્રોનું મુદ્રણ કાર્ય શરૂ થયું. શાસ્ત્રોના પોટલા ઊપર પડેલી ધૂળ ખંખેરીને આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે જ્ઞાનથી ચળકાટ પાથરી દીધો. વચનામૃત જેવા ગહનશાસ્ત્રો પણ તેમણે જ સૌ પ્રથમ વખત મુદ્રિત કરાવ્યાં.

વળી એમ પણ અર્થ ફલિત છે કે અયોધ્યાના સ્વામી અર્થાત્ અયોધ્યાપ્રસાદજીના સ્વામી એટલે કે સ્વયં શ્રીહરિ પોતે જ કારણપણે કરીને કેશવપ્રસાદજી મહારાજશ્રીમાં આર્વિભાવ પામ્યા.

(૩) ત્રીજી કડીમાં કેશવ શબ્દ વિશિષ્ટરૂપમાં શ્રીકૃષ્ણ માટે વાપર્યો છે. કેશવ અર્થાત્, શ્રીકૃષ્ણચંદ્ર પુરુષોત્તમ નારાયણમાં સમાઈ ગયા. અર્થાત્ કવિએ સુંદર રીતે પુરુષોત્તમ નારાયણને સર્વ અવતારના અવતારી જણાવી, અવતાર અને અવતારીનો ભેદ જણાવ્યો છે. કેશવપ્રસાદજી મહારાજશ્રીના પુત્રભાવને શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી પામ્યા તે વખતે દિનપ્રતિદિન સત્સંગના વિકાસથી, આચાર્ય-સંત-હરિભક્તોના તપના તેજથી તેની પવિત્રતાની ચરમસીમા કવિએ ગંગા-ઘાટ સમાન વર્ણવી. જેમ ગંગાઘાટ પાપી-પૂણ્યશાળી, મનુષ્ય-પશુ, સ્ત્રી-પુરુષ, ત્યાગી-ભોગી, રાજા-પ્રજા સર્વેનું એક સમાન રીતે કલ્યાણ કરે છે. તેમ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજીના નેજા હેઠળ સત્સંગમાં કલ્યાણકારી ધોધ અવિરતપણે વહેવા લાગ્યો.

(૪) ચોથી કડીમાં સ્પષ્ટ અર્થ એ છે કે પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રીની કૃપા વાસુદેવપ્રસાદજી ઉપર ઊતરી. પોતાને સંતાન ન હોવાથી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીને દત્તક લીધા. પોતે તેમને પ્રસાદ આપ્યો. કવિ એમ પણ કહેવા માંગે છે કે પરાત્પર પરમાત્મા પુરુષોત્તમનારાયણની કૃપાએ કરીને જ શ્વેતદીપપતિ વાસુદેવ પણ આવી સામર્થીને પામ્યા છે. સર્વ અવતારના અવતારીનો સિદ્ધાંત અહીં પણ છતો થાય છે. પુરુષોત્તમનારાયણે આપેલું ઐશ્વર્ય સર્વે અવતારો ભોગવે છે.

આખા મુલકમાં મલકાટ એટલે થયો કે વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી ગાદીએ બિરાજમાન થયા ત્યારે તેમની ઊંમર અંદાજે ૨.૫ વર્ષની હતી. અને મોટા મોટા વૃદ્ધ સંતો, ગૃહસ્થો, વિદ્વાનો સર્વે પણ પોતાના આ આચાર્ય સમક્ષ સૌ હાથ જોડીને ઉભા રહેતા. કેમ કે આ વાસુદેવ તો પુરુષોત્તમનારાયણના પ્રસાદે-કૃપાથી જ ગાદીએ બેઠા હતા. શ્રીહરિની આ અલૌકિક લીલા જોઈ મોટા મોટા સંત હરિભક્તો મનમાં મલકાવા-પ્રફુલિત થવા લાગ્યા.

જો પુરુષોત્તમ એટલે પુરુષોત્તમનારાયણ અને વાસુદેવ એટલે શ્વેતદીપપતિ વાસુદેવ લઈએ તો, વાસુદેવને આ સંસાર-બ્રહ્માંડની રચના અર્થે પ્રેરવાથી, અક્ષરકોટી સુધી સૌ, પોત-પોતાના આત્યંતિક કલ્યાણની રાહ જોઈને બેઠેલા ઈશ્વરાદિ સૌ જીવો અત્યંત હર્ષાન્વિત થયા.

(૫) કડીમાં વપરાયેલ શબ્દ દેવાધિદેવ વાસુદેવ અર્થાત્ શ્રીહરિ સ્વયં પોતે. શ્રીહરિએ પોતે જ પોતાની ઈચ્છાથી દેવેન્દ્રપ્રસાદજી મહારાજને આ સત્સંગમાં મોકલ્યા.

દેવેન્દ્ર એટલે કે દેવોના દેવ ઈન્દ્ર અર્થાત્ પરમાત્મા વાસુદેવ પોતે જ કારણ રૂપે કરીને અહીં દેવેન્દ્રપ્રસાદજી મહારાજ રૂપે પધાર્યા.

જ્યારે પરમાત્મા પોતે જ આંશિક રૂપે અહીં પધાર્યા ત્યારે સ્વભાવિક રીતે જ પરમાત્મના ગુણોની સુવાસ આખા સત્સંગમાં પ્રસરીને તેનાથી મઘમઘાટ ફેલાયો.

(૬) દેવેન્દ્રપ્રસાદજીને સ્વયં

વાસુદેવે તેજ-સામર્થી-શક્તિ આપેલી તે જ તેજ તેજેન્દ્રપ્રસાદજીમાં ઉતર્યું. અર્થાત્ તેજેન્દ્રપ્રસાદજીમાં જે તેજનો તિખારો, વૈરાગ્યની ઘાંટ, નમ્રતાની નદી, સર્વેમાં સમભાવનાની જે દૃષ્ટિ જોવા મળે છે. તે તો ખુદ સ્વયં વાસુદેવે આપેલી છે. અને તેના પ્રતાપે જ આજે સત્સંગમાં, ઝગમગાટ જોવા મળે છે.

(૭) જે તેજેન્દ્રપ્રસાદજીને વાસુદેવ પાસેથી સામર્થીઓ મળી છે. તેમણે આ સત્સંગને પોતાના લાલ કોશલેન્દ્રને સમર્પ્યા છે. કવિ અહીં શબ્દ સમર્પણ વાપરી છે. અને પૂર્ણ પાત્રાલેખન કરે છે. સમર્યવું એટલે સેવામાં આપવું. પોતાના પુત્રને સત્સંગની સેવા કરવા અર્પણ કર્યા વગર મહંતાઈએ, વગર ગાદીએ પોતાના આચરણથી યુવાનોના હૈયાના ગાદિપતિ થઈ ગયા છે. અને વળી પોતે અવસ્થાએ પણ યુવાન છે. તેથી સત્સંગમાં અત્યારે શ્રીહરિને રાજી કરવાનો થનગનાટ વર્તાઈ રહ્યો છે.

સત્સંગ પ્રચાર અને પ્રસાર અર્થે દેશ-વિદેશમાં ખૂબ વિચરણ કરીને સંત હરિભક્તોના આશીર્વાદ મેળવીને વિનમ્રતાના સાગર કોશલેન્દ્રપ્રસાદજી એ સત્સંગ સમાજને બાળ લાલજી વ્રજેન્દ્રપ્રસાદજી આપ્યા અને તેમની નાની કાલી-ઘેલી ભાષા-વાતોથી સત્સંગમાં બાળ સહજ કિલકિલાટ છવાઈ ગયો છે.

અહીં કોશલેન્દ્ર અર્થાત્ કૌશલ દેશના ઈન્દ્ર અર્થાત્ શ્રીહરિએ સ્વયં વ્રજેન્દ્રમાં આર્વિભાવ કર્યો છે. વ્રજેન્દ્ર અર્થાત્ વ્રજના ઈન્દ્ર અર્થાત્ શ્રીકૃષ્ણચંદ્રમાં અર્વિભાવ શ્રીહરિનો જ છે એમ જણાવીને કવિ ફરી વખત સર્વાવતારીનો સિદ્ધાંત સમજાવે છે.

આ કાવ્યને ખૂબ ધ્યાનથી-વધુ ચોકસાઈથી કહીએ તો, પરમાત્માને કેન્દ્રમાં રાખીને સમજીશું તો સ્પષ્ટ થશે કે : -

૧. ઉત્તરોત્તર દરેક ધર્મવંશી આચાર્યોમાં પણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ શ્રીહરિનો જ આર્વિભાવ છે. અને તેથી દરેક ધર્મવંશી આચાર્ય માનુષી શરીરે કરીને કોઈના પુત્ર કે કોઈના પિતા છે પણ મૂળમાં તો શ્રીહરિનું અપર સ્વરૂપ જ છે.

૨. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીમાં પણ તપ, દયા, ધર્મ, સૌમ્યતા આદિક ગુણો તો સ્વયં વાસુદેવે આપેલાં છે. તેની તોલે અન્ય કાંઈ થઈ શકે નહીં.

૩. સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિ પોતે સર્વ અવતારના અવતારી છે. આ સિદ્ધાંત વાર્તા છે.

ઉપસંહાર :

આ પ્રમાણે શબ્દોને જોખી-તોલીને વાપરીને યથા યોગ્ય રીતે ગોઠવીને સંપ્રદાયના સિદ્ધાંતો સહિત, સંપ્રદાયના આચાર્યશ્રીઓની અપાર મહત્તાઓમાંથી, કંઈક તેની ઝાંખી કરાવનાર આ કાવ્યમાંથી આપણે એટલું તો જરૂર સમજી શકીએ છીએ કે, આપણે ઊત્સવ નથી ઉજવ્યો. પ્રાણ મહોત્સવ ઉજવ્યો છે, આપણે કોઈ માનવીનો નહિ પણ સાક્ષાત્ શ્રીહરિના અપર સ્વરૂપનો લાભ લીધો છે.

એ વાતની નોંધ લેતાં ગાત્રો રોમાંચિત થઈ ઉઠે છે કે અનેક જીવોની જીંદગીને લંબાવવા માટે પ્રાર્થના કરનારા આ ધર્મકુળે પાંચ પેઢીઓથી આવો ષષ્ટિ પૂર્તિ મહોત્સવનો ઉત્સવ ઉજવવાનો લાભ આ સંપ્રદાયને આપ્યો નથી. અનેક જન્મોના પુણ્યે આ ષષ્ટિ પૂર્તિ મહોત્સવનો લાભ આપણને મળ્યો છે. શ્રી નરનારાયણદેવને અંતરથી પ્રાર્થના કરીએ કે આવો લાભ હવે પછીની ધર્મવંશીઓની તમામ પેઢીઓ દ્વારા અમને અચૂક પ્રાપ્ત થજો.

સત્સંગનું ગૌરવ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. અરવિંદભાઈ પરસોતમદાસ ઠક્કર (શિતલ મોટર્સવાળા)ને દિલ્હીની સંસ્થા "ઈન્ડીયન ઈકોનોમીક રીસર્ચ એન્ડ ડેવેલપમેન્ટ ઓર્ગોનાઈઝેશન" દ્વારા શ્રેષ્ઠ વ્યવસાય તેમજ સામાજીક સંસ્થામાં યોગદાન બદલ "ભારતીય ઉદ્યોગ રત્ન"નો એવોર્ડ એનાયત થયો છે. શ્રી સ્વામિનારાયણ જયંતીના દિવસે આ એવોર્ડ તા. ૩૦-૩-૨૦૦૪ રામનવમીના રોજ દિલ્હી મુકામે ભારત સરકારના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નરશ્રી જી.વી.જી. કૃષ્ણમૂર્તિ તેમજ યુ.પી. સ્ટેટના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી રમોશ ભંડારીના હસ્તે એનાયત થયો છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે પ.પૂ. મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે.

કાર્યવાહક સમિતિ

અધ્યક્ષ : પ.પૂ. યુવાચાર્ય પૂજ્ય લાલજી મહારાજશ્રી
ઉપાધ્યક્ષ : સ.ગુ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજી
સેક્રેટરી : સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી)
સેક્રેટરી : સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી - કાંકરીયા મહંત
ખજાનચી : સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી - છપૈયા માજી મહંત
ખજાનચી : સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી - જેતલપુર મહંત
સભ્યશ્રી : સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી - ટ્રસ્ટીશ્રી છપૈયા મહંત
સભ્યશ્રી : સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી - ટ્રસ્ટીશ્રી
સભ્યશ્રી : પ.ભ. પટેલ મણીભાઈ
સભ્યશ્રી : પ.ભ. પટેલ દશરથભાઈ
સભ્યશ્રી : પ.ભ. પટેલ રમણભાઈ
સભ્યશ્રી : પ.ભ. જી. કે. પટેલ
સભ્યશ્રી : પ.ભ. અમૃતભાઈ ચૌધરી

ઉતારા સમિતિ

૧. સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી - છપૈયા
૨. સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી - નારાયણપુરા મહંત
૩. સ.ગુ. શા. સ્વામી આનંદપ્રસાદ - કાંકરીયા કોઠારી
૪. સ.ગુ. સ્વામી કે.પી. સ્વામી - જેતલપુર મહંત
૫. સ.ગુ. શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી - સુરેન્દ્રનગર

શોભાયાત્રા સમિતિ

૧. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી - ટ્રસ્ટીશ્રી
૨. સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારાયણપુરા)
૩. સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી (સોકલી)
૪. સ.ગુ. સ્વામી અખિલેશ્વરદાસજી (મથુરા)
૫. સ.ગુ. પી.પી. સ્વામી (નાના)
૬. સ.ગુ. માધવ સ્વામી (આબુવાળા)
૭. પ.ભ. ડાહ્યાભાઈ સોમાભાઈ નવા વાડજ
૮. પ.ભ. અમૃતભાઈ શીવાભાઈ શાહીબાગ
૯. પ.ભ. ભરતભાઈ પારલાવાળા (જીવરાજપાર્ક)
૧૦. પ.ભ. દાસભાઈ (બાપુનગર)
૧૧. પ.ભ. પ્રવિણભાઈ (શ્રધ્ધા કેસેટ) (વડુવાળા)

પ્રચાર સમિતિ

૧. સ.ગુ. બ્ર. વાસુદેવાનંદજી - છપૈયા મહંત
૨. સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી - નારાયણપુરા મહંત
૩. સ.ગુ. શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી
૪. સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી (અયોધ્યા)
૫. સ.ગુ. સ્વામી હરિપ્રસાદદાસજી - વાલીવાળા
૬. સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી - ઈડર
૭. સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી - વડનગર
૮. સ.ગુ. સ્વામી પ્રાણજીવનદાસજી - મૂળી
૯. સ.ગુ. સ્વામી લક્ષ્મીનારાયણદાસજી - ચરાડવા
૧૦. સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી - છપૈયા માજી કોઠારી
૧૧. સ.ગુ. સ્વામી જ્ઞાનવલ્લભદાસજી - મૂળી
૧૨. સ.ગુ. સ્વામી ભક્તવત્સલદાસજી - લીંબડી
૧૩. શાસ્ત્રી ઋષીકુમાર (સેટેલાઈટ)

નાણાં સમિતિ

૧. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી - જેતલપુર મહંત
૨. સ.ગુ. શ. સ્વામી હરિકૃષ્ણદાસજી - છપૈયા માજી મહંત
૩. પ.ભ. શેઠ શ્રી રસિકભાઈ દયાળજીભાઈ સોની
૪. પ.ભ. શેઠ શ્રી ચંદ્રકાંતભાઈ પ્રભુદાસભાઈ પટેલ
૫. પ.ભ. ઠક્કર અરવિંદભાઈ પુરુષોત્તમદાસ (વાસણા)
૬. પ.ભ. ઠક્કર કનુભાઈ (ગાંધીનગર)
૭. પ.ભ. પટેલ નટુભાઈ ગોરધનભાઈ (કાંકરીયા)

રસોડા સમિતિ

૧. સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી - ટ્રસ્ટીશ્રી
૨. સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી - મૂળી
૩. સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી - નાથદ્વારા
૪. સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી - મૂળી
૫. પ.ભ. નારાયણભાઈ ટી. માલવણીયા (સુરેન્દ્રનગર)
૬. પ.ભ. અમૃતભાઈ પટેલ (લખતર)
૭. પ.ભ. હરિભાઈ કચ્છી (મોરબી)
૮. પ.ભ. ઝવેરભાઈ (મોરબી)
૯. પ.ભ. ચીરાગભાઈ (હળવદ)
૧૦. પ.ભ. ઘનશ્યામભાઈ દલવાડી (ઘનશ્યામનગર)
૧૧. પ.ભ. કાંતિભાઈ (દલાલ) (ડાંગરવાવાળા)
૧૨. પ.ભ. સોની નટુભાઈ (ધોળકા)
૧૩. પ.ભ. ડૉ. ગોવિંદભાઈ (રાણીપ)
૧૪. પ.ભ. સોની મનુભાઈ ગોરધનભાઈ

પ્રદર્શન સમિતિ

૧. સ.ગુ. પી.પી. સ્વામી (નાના) - કોટેશ્વર ગુરુકુળ
૨. સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી - કોટેશ્વર ગુરુકુળ
૩. પ.ભ. પટેલ જનકભાઈ વિનુભાઈ (મેમનગર)
૪. પ.ભ. સોની સંજયભાઈ રમણીકભાઈ (સેટેલાઈટ)
૫. પ.ભ. ભાવસાર પંકજભાઈ (નવા વાડજ)
૬. પ.ભ. મનુભાઈ (બાયડવાળા) (બાયડ)

સંત રસોડા તથા સરભરા

૧. સ.ગુ. ભંડારી સ્વામી રામચરણદાસજી - માણસા
૨. સ.ગુ. ભંડારી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી - ટોરડા
૩. સ.ગુ. પુરાણી સ્વામી નારાયણચરણદાસજી
૪. સ.ગુ. નિલકંઠ સ્વામી - સાપાવાડા
૫. સ.ગુ. ભંડારી માધવ સ્વામી - પ્રાંતિજ
૬. સ.ગુ. સ્વામી શાંતિપ્રસાદદાસજી - પેથાપુર

વી.આઈ.પી. આમંત્રણ તથા સ્વાગત

૧. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી - (જેતલપુર મહંત)
૨. સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત)
૩. સ.ગુ. શા. સ્વામી મુકુંદપ્રસાદદાસજી (મૂળી મહંત)
૪. સ.ગુ. શા. સ્વામી આનંદપ્રસાદદાસજી (કાંકરીયા)

૫. સ.ગુ. શા. સ્વામી ઘનશ્યામજીવનદાસજી - લાલોડા
૬. સ.ગુ. શા. સ્વામી કેશવપ્રસાદદાસજી
૭. સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી - ધોળકા

વિષ્ણુયાગ

૧. સ.ગુ. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી - નારાયણપુરા મહંત
૨. સ.ગુ. શા. સ્વામી નારાયણસ્વરૂપદાસજી - પ્રયાગ
૩. સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી - માજી પુજારી
૪. સ.ગુ. સ્વામી નારાયણમુનિદાસ - પાટડીવાળા
૫. સ.ગુ. શા. સ્વામી નારાયણપ્રસાદદાસજી - મૂળી
૬. સ.ગુ. શા. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી (મથુરાવાળા)

મહાપૂજા

૧. સ.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી - વડનગર
૨. સ.ગુ. શા. સ્વામી આનંદજીવનદાસજી - હિંમતનગર
૩. સ.ગુ. શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજી
૪. સ.ગુ. શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી - સિધ્ધપુર

સ્ટોર સમિતી

૧. સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી - જેતલપુર
૨. સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી - માજી પુજારી
૩. સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી - ખળીવાળા
૪. પ.ભ. પટેલ કાંતિભાઈ રણછોડદાસ (વિસનગર)
૫. પ.ભ. પટેલ બળદેવભાઈ શંકરભાઈ (સિતાપુર)
૬. પ.ભ. પટેલ ગોવિંદભાઈ વેલજીભાઈ (ટ્રેન્ટ)

સભા મંડપ વ્યવસ્થા

૧. સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી - હરિદ્વાર
૨. સ.ગુ. શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસ - નારાયણઘાટ
૩. સ.ગુ. શા. સ્વામી ઈશ્વરચરણદાસ - ધરિયાવદ
૪. સ.ગુ. શા. સ્વામી સત્યપ્રકાશદાસ - કોઠારી અમદાવાદ
૫. સ.ગુ. શા. સ્વામી સિધ્ધેશ્વરદાસજી
૬. સ.ગુ. શા. સ્વામી મુક્તજીવનદાસજી - કોઠાર અમદાવાદ
૭. સ.ગુ. શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજી - કોઠાર અમદાવાદ
૮. પ.ભ. પટેલ રમેશભાઈ (માણસા)
૯. પ.ભ. પટેલ ભાનુભાઈ શિવરામદાસ (મહેસાણા)
૧૦. પ.ભ. સોરઠિયા ધિરુભાઈ (બાપુનગર)

પ્રેસ મિડીયા

૧. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર મહંત)
૨. સ.ગુ. સ્વામી મુકુન્દપ્રસાદદાસજી (મૂળી મહંત)
૩. સ.ગુ. સ્વામી આનંદપ્રસાદદાસજી (કાંકરિયા)
૪. પ.ભ. પટેલ કાંતિલાલ નરોત્તમદાસ (નાના ઉભડા)
૫. પ.ભ. પટેલ મહાદેવભાઈ ચતુરભાઈ (મેમનગર)
૬. પ.ભ. હિતેન્દ્રભાઈ નારાયણભાઈ (અમદાવાદ)

અન્નકુટ છપ્પનભોગ

૧. સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી મૂળી
૨. કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી
૩. ભંડારી સ્વામી ધર્મપ્રકાશદાસજી
૪. સ્વામી રાધારમણદાસજી
૫. પ.ભ. સંડલીયા ભૂરાભાઈ ગોવિંદભાઈ (બાપુનગર)
૬. પ.ભ. ખિચડીયા મહેન્દ્રભાઈ (બાપુનગર)

પગરખા સમિતી

૧. પ.ભ. સોની સંજયભાઈ રમણીકભાઈ (સેટેલાઈટ)
૨. પ.ભ. પટેલ ભરતભાઈ (બારેજા)

પાણીપુરવઠા સમિતી

૧. પ.ભ. પટેલ ઈશ્વરભાઈ ગંગારામભાઈ (મેમનગર)
૨. પ.ભ. પટેલ જયંતીભાઈ નરસીભાઈ (મેમનગર)
૩. પ.ભ. પટેલ કનુભાઈ રેવાભાઈ(નારાયણઘાટ)
૪. પ.ભ. પટેલ લાલજીભાઈ ગણેશભાઈ (ભઉપુરા)
૫. પ.ભ. પટેલ કાંતિભાઈ પરસોતમદાસ (મેમનગર)
૬. પ.ભ. પટેલ કૃષ્ણકાન્તભાઈ શામજીભાઈ (મેમનગર)
૭. પ.ભ. પટેલ પ્રવિણભાઈ નારાયણભાઈ (મેમનગર)

પાર્કીંગ સમિતી

૧. પ.ભ. કાછીયા હેમંતભાઈ (સેટેલાઈટ)
૨. પ.ભ. પંડ્યા કેશલભાઈ (જનતાનગર)
૩. પ.ભ. પટેલ નવનીતભાઈ (અરોડા)
૪. પ.ભ. પટેલ રામભાઈ (ઉમેદગઢ)

લાઈટ સમિતી

૧. પ.ભ. બ્રહ્મભટ્ટ ધિરૂભાઈ (નારાયણપુરા)
૨. પ.ભ. ખિચડીયા નારાયણભાઈ (બાપુનગર)

સ્વયંમ સેવક સમિતી

૧. પ.ભ. મહારાજ ઉદયનભાઈ અવિનાશભાઈ (વિસનગર)
૨. પ.ભ. પટેલ ભક્તિભાઈ રામજીભાઈ (કુકરવાડા)

ટેલીફોન ઈન્ટરકોમ સમિતી

૧. પ.ભ. ઠક્કર હસમુખભાઈ (વાસણા)
૨. પ.ભ. પટેલ ચીમનલભાઈ (રાણીપ)

અખંડ ધૂન સમિતિ

૧. પ.ભ. ગંગારામભાી મહાદેવભાઈ (મેમનગર)
૨. પ.ભ. જીવરાજભાઈ પરષોત્તમભાઈ (મેમનગર)
૩. પ.ભ. પટેલ પરષોત્તમભાી (દાસ) (બાપુનગર)
૪. પ.ભ. સરદારજી સુરજીતસિંહ એમ. (કાંકરીયા)
૫. પ.ભ. પટેલ ગોવિંદભાઈ (ઉંઝા)

સફાઈ સમિતી

૧. પ.ભ. રાણા જયેન્દ્રસિંહ (બાપુનગર)
૨. પ.ભ. ઝવેરભાઈ ઝાલા (બાપુનગર)

VIDO ફોટોગ્રાફી સમિતી

૧. પ.ભ. હરિશભાઈ (કેરા-કચ્છ)
૨. પ.ભ. ખરસાણી અમિતભાઈ (અમદાવાદ)

સંરક્ષણ સમિતી

૧. પ.ભ. ગજેન્દ્રસિંહ બાપુ (નરોડા)
૨. પ.ભ. મહેશભાઈ (મપથલાલ) (કઠલાલ)

વાહન વ્યવહાર સમિતી

૧. પ.ભ. રવજીભાઈ છભાડીયા (સહજાનંદ ટ્રાવેલ્સ) (વાસણા)
૨. પ.ભ. શાહ જયંતિભાઈ (આંબાવાડી)

વી.આઈ.પી. સરભરા સમિતી આચાર્ય મહારાજશ્રી

૧. પ.ભ. પટેલ ગૌરાંગભાઈ કમલેશભાઈ (કાંકરીયા)
૨. પ.ભ. ડોંગા અરવિંદભાી (બાપુનગર)

આરોગ્ય સમિતી

૧. પ.ભ. ડૉ. કનુભાઈ (વાસણા)
૨. પ.ભ. ડૉ. ભાવિનભાઈ (કાંકરીયા)
૩. પ.ભ. ડૉ. કનુભાઈ એસ. પટેલ (બાપુનગર)

પૂછપરછ સમિતી

૧. પ.ભ. પાટડીયા કૌશિકભાઈ (નવરંગપુરા)
૨. પ.ભ. ડાહ્યાભાઈ (નડિયાદ)

ગલ્લાપેટી સમિતી

૧. પ.ભ. પટેલ બાપુભાઈ ઈશ્વરદાસ (ચાંદીસણા)
૨. પ.ભ. પટેલ રામભાઈ (મોખાસણ)

સ્ટેજ

૧. પ.ભ. પ.ભ. ઈશ્વરભાઈ ત્રિભોવનદાસ (માણસા)
૨. પ.ભ. સોની અજયભાઈ કાંતિલાલ (મહેસાણા)

કાયદાકીય સલાહ સમિતી

૧. પ.ભ. સોની પરવેશભાઈ (સેટેલાઈટ)
૨. પ.ભ. પટેલ કાંતિભાઈ

સિવિલવર્ક સમિતિ (કોન્ટ્રાકટર સુપર વિઝન)

૧. પ.ભ. કાનાણી જયરામભાઈ છગનભાઈ (બાપુનગર)
૨. પ.ભ. કાછીયા રમેશભાઈ (બાપુનગર)

મેગેજીન ઓફિસ સમિતી

૧. પ.ભ. બુટિયા ડાહ્યાભાઈ ચેલાભાઈ (કાલિયાણા)
૨. પ.ભ. પટેલ શંભુભાી નાગજીભાઈ (વાડજ)

સફાઈ સમિતી

૧. પ.ભ. રાણા જયેન્દ્રસિંહ (બાપુનગર)

ષષ્ઠી પૂર્તિ મહોત્સવની સીડીનું પ્રકાશન

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ, પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષમાં ધામધુમથી સંપન્ન થયો. દેશ-વિદેશના લાખો હરિભક્તો એ જેના દર્શન કરી પોતાના જીવનને ધન્ય ગણ્યું. આવા મહામહોત્સવ સદાય ચિરંજીવ રહેતા હોય છે. વર્તમાન યુગમાં ટેકનોલોજી ખૂબજ વિકાશ પામી છે. તેથી વર્ષો પર્યન્ત આ મહોત્સવના દર્શન થઈ શકે અને દરેક જીવમાત્રને તેનું સંભારણું રહે તેમજ સંજોગને આધિન કોઈ ઉત્સવમાં ન આવી શક્યા હોય તે સૌ માટે ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની સીડી(બે સીડી નો સેટ) પ.પૂ. લાલજી મહારાજશ્રીની સીધી દેખરેખ હેઠળ તૈયાર કરવામાંઆવી છે. જે આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી પ્રાપ્ત થશે.

શ્રી નરનારાયણદેવ દેશના પીઠાધિપતિના સિંહાસનનું સુવર્ણના સિંહાસનમાં રૂપાંતર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીથી લઈ વર્તમાન આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદ મંદિરના સભા મંડપમાં નિત્યે જેના પર બિરાજમાન થાય છે તે સિંહાસન ઘણા વર્ષોથી ચાંદીથી મઢેલું હતું. પરંતુ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રદ્ધાળુ ધર્મપ્રેમી શ્રી નરનારાયણદેવ પ્રત્યે ખૂબજ નિષ્ઠા ધરાવતા અ.નિ. પ.ભ. ભાલજા સાહેબના મંડળ તરફથી અને બીજા ઘણા ભાવિક ભક્તોના આર્થિક સહકારથી 'આચાર્ય' પીઠના સિંહાસનને સુવર્ણથી પુરેપુરૂ મઢવામાં આવેલ છે. પ.પૂ. મહારાજશ્રી સભામાં બિરાજમાન હોય ત્યારે અને તે પછી પણ આ દિવ્ય અલૌકિક સિંહાસનના હજારો સંત-હરિભક્તો નિત્યે દર્શન કરે છે. સુવર્ણથી મઢ્યા બાદ સિંહાસન અતિ સુંદર અને ભવ્ય લાગે છે. શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આ દિવ્ય સિંહાસનના તમામ આશ્રિતોએ નિત્યે દર્શન કરવા.

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા

પ્રવેશ ચાલુ છે ધો. ૧ થી ૧૨

પરમ પૂજ્યપાદ્ ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના પ્રસાદીના જુના નિવાસસ્થાન શ્રી સ્વામિનારાયણ વાડી અસારવામાં છેલ્લા ઘણા વરસોથી શ્રી નરનારાયણદેવની માલીકીનું ગુરુકુળ હરિભક્તોના બાળકોને ઉચ્ચ શિક્ષણ સાથે સંસ્કાર સિંચનનું ઉમદા કામ કરે છે. જેથી ગુરુકુળની પ્રગતિ ઉત્તરોત્તર વધતી જાય છે.

ધોરણ ૧ થી ૧૨ સુધી રહેવાની સુંદર સગવડ અને સંસ્કાર સાથે શિક્ષણની સુંદર વ્યવસ્થા સત્સંગીના બાળકોને આપવામાં આવે છે. ધો. ૧૦ (S.S.C.) ના પરિણામ પછી તરત જ પ્રવેશ માટે ધો.-૧૧ ના વિધાર્થીઓએ સંપર્ક કરવો.

શ્રી સહજાનંદ ગુરૂકુળ અસારવા (સ્વામિનારાયણ વાડી)
ઉત્તર ગુજરાત પટેલ સો. વિભાગ-૧ની બાજુમાં, અમદાવાદ-૩૮૦ ૦૧૬.
ફોન નં. : (૦૭૯) ૨૨૧૩૬૮૧૮ .

શ્રી સહજાનંદ ગુરુકુળ માઉન્ટઆબુમાં

પ્રવેશ સૂચના

પ.પૂ.ધ.ધુ.આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ પદે સંચાલિત શ્રી સહજાનંદ ગુરુકુલ માઉન્ટ આબુ (રાજસ્થાન)માં જુનીયર કે.જી.થી ધો-૧૦ સુધીના અંગ્રેજી મીડીયમમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિધાર્થીઓ માટે પ્રવેશ કાર્ય ચાલુ છે.

પ્રિપ્રાયમરી- પ્રાયમરીના ગુજરાતી, હિન્દી મીડીયમના વિધાર્થીઓને અંગ્રેજી મીડીયમમાં દાખલ કરી શકાય છે. જેતલપુર મંદિરના મહંત સ્વામી શાસ્ત્રી આત્મપ્રકાશદાસજી તથા પી.પી.સ્વામીના માર્ગદર્શનથી સંચાલિત ગુરુકુળમાં પોતાના વિદ્યાર્થી પુત્રને પ્રવેશ આપવા ઈચ્છતા વાલીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

શ્રી સ્વામિનારાયણ મંદિર,
મુ.જેતલપુર,
ફોન : (૦૨૭૧૮) ૨૮૨૩૭૬
મો : ૯૮૨૫૦૧૦૦૬૦, ૯૮૨૫૮૦૪૫૬૧


શ્રી સહજાનંદ ગુરુકુળ
દેલવાડા રોડ, માઉન્ટ આબુ (રાજ.)
ફોન : (૦૨૯૭૪) ૨૩૮૯૨૧,
૨૩૫૧૩૩

સંપ્રદાયનું ગૌરવ


● જેમણે મોરેશિયસમાં આપણું સુંદર મંદિર નિર્માણ કર્યુ તેવા અ.નિ.પ.ભ.કુરજીભાઈ રામજીના સુપુત્ર પ.ભ.શ્રી કલ્યાણભાઈ કુરજી (કે.કે.) જેઓ સમગ્ર મોરેશિયસ દેશમાં ખ્યાતનામ બિલ્ડર છે. તેમને જી.ઓ.એસ.કે. ની પદવી આપી મોરેશિયસના વડા પ્રધાન અને રાષ્ટ્રપતિએ બહુમાન કર્યુ છે.

● સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાન અને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર પ.ભ.પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલના લઘુ બંધુ પ.ભ.શ્રી ધીરૂભાઈ નારણભાઈ પટેલની ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમૂર્તિ તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ પહેલા તેઓ કેન્દ્ર સરકારના સરકારી વકીલ તરીકે સારી નામના મેળવી ખૂબ જ નાની ઉંમરે તેઓ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પસંદગી પામ્યા છે. તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ પાઠવે છે.







મહોત્સવમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થનાર સર્વેનો આભાર માનતી વેળાએ સૌની ઉપરના અત્યંત રાજીપાને કારણે કરીને પૂ.મહારાજશ્રીનું પુલકિત હૃદય ભાવવિભોર થઈ જતાં હર્ષાશ્રુ બની વહેવા લાગતા ક્ષણભર માટે પૂ. મહારાજશ્રીની વાણી નહિ પરંતુ મૌન બોલતું હતું. આ મૌનના પડઘા પૂ. લાલજી મહારાજની મધુરવાણી દ્વારા વહેતા હજારો હરિભક્તોના હૃદય ગદ્‌ગદીત થઈ ગયાં હતાં.



ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના કરકમળથી લખાયેલ 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' પુસ્તિકાનું વિમોચન થયું.



ષષ્ઠી પૂર્તિ મહોત્સવનાં સંભારણાં રૂપે બે વિડિયો સીડીનો સેટ મંદિર તરફથી પ્રકાશિત કરાયો છે.



પ.પૂ. મહારાજશ્રીના બાળપણથી લઈ આજ સુધીની જીવનયાત્રાના પ્રસંગોને આવરીલેતી "આપણા મહારાજશ્રી" વિડિયો સીડી પ્રકાશિત કરાઈ હતી.

આ બંને સીડી અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.